સળંગ અંક ૪૮-૪૯ એપ્રિલ,મે-૨૦૧૧

# શ્રી સ્વામિનારાયણ

માસિક
કિંમત રૂા. ૫-૦૦



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## ઉદ્‌ઘાટન મહોત્સવ વિશેષાંક

श्री
स्वामिनारायण
म्युझियम



Tejendraprasadji

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શન જીવપ્રાણીમાત્ર માટે જન્મમરણના ફેરાઓથી મુક્ત કરનાર છે

સર્વાવતારી સર્વોપરિ શ્રી હરિના અંગભૂત પ્રસાદીની દરેક વસ્તુ સજીવ ઉભારશે, મહારાજે જે તે સમયે જે તે લીલાઓ કરી તેનું સ્મરણ અને મનન કરી દર્શન કરનારને શ્રીહરિના દિવ્ય સાન્નિધ્યની અનુભૂતિ થયા વગર રહેતી નથી.

મ્યુઝિયમમાં સહયોગ આપનાર સંપ્રદાયના નાનામોટા સૌ સંતહરિભક્તો ઉપર પરમ કૃપાળુ શ્રી નરનારાયણ દેવની અખંડ કૃપા અને આશીર્વાદ રહે એવી અમારી શ્રીહરિના ચરણોમાં નમ્ર પ્રાર્થના.

મ્યુઝિયમના નિત્ય દર્શન કરી, અલૌકિક અને દિવ્ય અનુભૂતિના સુખના અધિકારી બનવા આપસૌને અમારું ભાવભર્યું આમંત્રણ છે.

| પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮<br>શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી | પ.પૂ. મોટા મહારાજશ્રી<br>શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી | પ.પૂ. લાલજી મહારાજ<br>શ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી |
|---|---|---|

Shree Swaminarayan Bagh Ahmedabad 380 052 Phone : (079) 27478070 Fax : (079) 27452145 Museum: (079) 2741 9597, 2749 9597




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


**વર્ષ - ૪/૫ અંક : ૪૮/૪૯ એપ્રિલ/મે-૨૦૧૧**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | વિશ્વનું આપણું સર્વોપરિ મ્યુઝિયમ | ૦૪ |
| ૦૪. | સર્વોપરી ગૌરવ | ૦૮ |
| ૦૫. | સંપ્રદાયનું સર્વ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન સમારોહ | ૦૯ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ઘર | ૧૨ |
| ૦૭. | પ્રસાદીનું જીવંત સ્વરૂપ | ૧૩ |
| ૦૮. | નિઃસ્વાર્થ ભાવથી કરાયેલું દાન સર્વશ્રેષ્ઠ | ૧૭ |
| ૦૯. | સમગ્ર વિશ્વમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરિ, એકમેવ અને અદ્વિતિય મહાતીર્થરાજ એટલે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ | ૧૮ |
| ૧૦. | શ્રીહરિને રાજી કરવાનું શ્રેષ્ઠ સાધન એટલે સેવા | ૨૮ |
| ૧૧. | સંપ્રદાયમાં સદા સ્મરણીય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ | ૩૫ |
| ૧૨. | મ્યુઝિયમની મનોહરતા | ૩૭ |
| ૧૩. | સંપ્રદાયમાં હરિભક્તોના વરદ્ હસ્તે એકમાત્ર મહાભિષેક | ૪૧ |
| | શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ અમદાવાદ | ૪૧ |
| ૧૪. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - "પવિત્રતાનો ખોળો" | ૪૨ |
| ૧૫. | મ્યુઝિયમ નિર્માણની સાથે સાથે...... | ૪૮ |
| ૧૬. | આપણી આઈ.એસ.એસ.ઓ. "સેવા" સંસ્થા દ્વારા જાપાનના ભૂકંપ પીડિતોને સહાય | ૫૧ |
| ૧૭. | સત્સંગ બાલવાટિકા | ૫૨ |
| ૧૮. | ભક્તિ સુધા | ૫૪ |

# સંપાદકીય

આ સદીનું આપણા સંપ્રદાય માટે વિશ્વનું મહાન ગૌરવશાળી શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ સંવત ૨૦૬૭ ફાગણ સુદ-૩ શ્રીનરનારાયણદેવના પાટોત્સવના મંગલ દિને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સમસ્ત જન સમુદાય અને સંપ્રદાયના આશ્રિતો માટે દર્શનાર્થે ખુલ્લું મૂકાયું. પ.પૂ. મોટા મહારાજશ્રીનો સંકલ્પ પરિપૂર્ણ થયો. અને આપણે સૌ એ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવને હૃદયપૂર્વક માણ્યો. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શનાર્થે રોજે રોજ હજારો ભાવિકો આવે છે. સતત ત્રણ કલાકનો સમય દર્શનમાં વ્યતિત થાય, છતાં પણ તૃપ્તિ ન થાય પુનઃ દર્શન કરવા મન લલચાય ! એવું અદ્‌ભુત આપણું મ્યુઝિયમ છે. આપણા ઈષ્ટદેવની એક એક વસ્તુના નિરખી નિરખીને મન એકાગ્ર કરીને દર્શન કરવા. અહીં તમને દિવ્યતા અને અલૌકિકતાનો તાદશ અનુભવ થશે.

આપણા ભારત દેશ માટે આ વરસ ઘણું શુભ છે. ૧૯૮૩ માં સૌ પ્રથમ વન-ડે ક્રિકેટનો વર્લ્ડ કપ આપણે જીત્યા ત્યારબાદ ૨૮ વર્ષના લાંબા સમયબાદ આપણને ફરી આ સિધ્ધિ આપણા ક્રિકેટના ચૂનંદા ખેલાડીઓએ અપાવી. આપણે આપણા દેશ માટે ખૂબ જ ગૌરવ લેવા જેવું છે.

દેશ પ્રેમની ઝાંખી આખા ભારત દેશમાં જોવા મળી. આપણે સૌ ભક્તોએ પણ શ્રી નરનારાયણદેવની નિષ્ઠામાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં ખભેખભા મિલાવીને આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવમાં તન, મન અને ધનથી દરેક ક્ષેત્રે સંત-હરિભક્તોએ ખૂબજ શ્રધ્ધા અને ભક્તિથી પોત પોતાને મળેલી સેવા ખંત અને નિષ્ઠાથી બજાવી છે. તે સૌના અમે ખૂબ ખૂબ આભારી છીએ. તમામ સંત-હરિભક્તો ઉપર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી અતિ રાજી થયા છે. અને સૌને અંતઃકરણપૂર્વકના આશીર્વાદ પાઠવે છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



**(માર્ચ-૨૦૧૧)**

૫. થી ૯. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ આદિ પોતાના અધ્યક્ષસ્થાને ધામધૂમથી સંપન્ન થયા.

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા (રામબાગ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ-બાપુનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર દેઉસણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯. શ્રી નરનારાયણ જયંતી ફુલદોલોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયો.

૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરોલ પારાયણ અને મહાપૂજા પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રા પાટોત્સવ અને કથા પ્રસંગે પધરામણી.
ન્યુ રાણીપ સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે આયોજીત વરઘોડા પ્રસંગે પધાર્યા.

૩૧. શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર સુવર્ણ જયંતી પાટોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો.

**(એપ્રિલ-૨૦૧૧)**

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠબા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨. શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા કથા પ્રસંગે પધરામણી.

૩. સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાણ પધરામણી.

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ખાણ રજત જયંતી પાટોત્સવ પોતાના સાનિધ્યમાં ઉજવાયો.

૫. થી ૧૮. ઓસ્ટ્રેલીયાના ધર્મ પ્રવાસે પધરામણી.

૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦. પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૬૭ મો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો.

૨૧. સિધ્ધપુર પધરામણી.

૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩ સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૩-૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) શ્રી રાધાકૃષ્ણદેવના પાટોત્સવ-શોભાયાત્રા પ્રસંગે પધરામણી.

૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ કથા પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા કથા પ્રસંગે પધરામણી.

૨૭. પ.ભ. ભોળાભાઈ જોઈતારામપટેલ (ઈટાદરાવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, નારણપુરા.

૨૯. પિલવાઈ વેડા ગામે પધરામણી.

૩૦. શ્રી રોકડીયા હનુમાનજી દાદાના પાટોત્સવ પ્રસંગે જીરાગઢ ગામે પધરામણી.

# વિશ્વનું આપણું સર્વોપરિ મ્યુઝિયમ

- શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામીશ્રી અમદાવાદ)




જગતમાં ઘણા રાજા મહારાજાઓએ તેમના શોખ- તેમની જીવન શૈલી, તેમનો પ્રભાવ તેમના શાસન કાળની પ્રવૃતિઓ આદિ અનેક તેમના જીવનમાં બનેલી ઘટનાઓ વગેરેને દર્શાવતું પોતાનું મ્યુઝિયમ બનાવી ગયા છે. ઘણી બાબત ઐતિહાસિક અને આધુનિક યુગ માટે સારી લાગે તેવી હોય છે.

આ બધી વાત જગતના લોકો માટેની છે. આપણને ખરેખર તેમાં કાંઈ રુચિ ન લાગે. ધર્મ અને આધ્યાત્મિક દ્રષ્ટિએ જોઈએ તો આપણા ભારત દેશમાં મર્યાદા પુરૂષોત્તમરામચંદ્રજી ભગવાન, લીલા પુરૂષોત્તમશ્રી કૃષ્ણ ભગવાન આ પૃથ્વી પર પ્રગટ થયા હજારો લાખો વર્ષ જીવ્યા. આજે પણ લાખો કરોડો શ્રીરામ અને શ્રીકૃષ્ણના અનુયાયી ભક્તો છે. પણ દુઃખની વાત છે કે તેમના અનુયાયી કે તેમના પરંપરામાં તેમના વંશજોમાં શ્રીરામ ભગવાન કે શ્રીકૃષ્ણ ભગવાનની ઉપયોગમાં આવેલી સ્પર્શ પામેલી કોઈ વસ્તુ સંગ્રહિત થઈ શકી નથી. હા, તેમના જન્મસ્થાનની જગ્યા સ્થળ હાલ પણ મોજુદ છે. તે સારી આનંદની વાત છે. પણ શ્રીકૃષ્ણ ભગવાન કે રામચંદ્રજી ભગવાનની કોઈ પણ વસ્તુ નાનામાં નાની પણ જળવાઈ રહી હોત તો તેનું કેટલું મૂલ્ય રૂપિયામાં નહીં પણ આસ્થા શ્રધ્ધામાં મૂલવીએતો કરોડો તેમના ભક્તોને તેમના જીવન શૈલીનો ખ્યાલ આવત કે ભગવાન આવા વસ્ત્રો પહેરતા, આવા વાસણોમાં જમતા, આવા પગરખા, ચાંખડીઓ પહેરતા આ બધું હાલના યુગમાં એક ચમત્કારિક જેવી ઘટના લાગે.

મુસ્લિમ ધર્મના મહંમદ પયંગબર સાહેબનો એક વાળ ફક્ત એક વાળ કાશ્મીરમાં સંગ્રહિત કરેલો છે. તેવું જાણવામાં છે. તેના માટે કરોડો મુસ્લિમોને ગર્વ છે.

હવે વાત આવે છે આપણા ઈષ્ટદેવ આપણા મોક્ષ દાતા કલ્યાણના કરતલ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આપણા ભાગ્યનો કોઈ પાર નથી. ૪૯ વર્ષ આ પૃથ્વી પર રહ્યાં તેમાં છપૈયાની બાલ્યાવસ્થા અને વન વિચરણ તે બાદ કરતા ૩૨ વર્ષ જેટલા સમયમાં ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સતત વિચરણ કર્યુ. લાખો અનુયાયીઓ તેમના આશ્રિતો બન્યા. વિચરણ દરમ્યાન જે તે ગામમાં પધારતા ત્યાં ભક્ત પર અતિ રાજી થઈને પોતાના અલૌકિક ચરણારવિંદ પાડી આપતા, દુષ્કાળના સમયે હરિભક્તોને અનાજ થોડાક દિવસ પુરતું હોય તો જે તે કોઠીના મોઢામાં (નીચેથી) અનાજ કાઢવાનું કહીને કોઠીમાંના અનાજમાંથી દુષ્કાળ પાર કરાવતા. તે કોઠી, પ્રસાદીના સ્વરૂપે આજે પણ જેમની તેમ સચવાઈ છે. પોતે ધારણ કરેલા વસ્ત્રો, રજાઈઓ, વાસણો, વાંસળી, સ્વંયના હસ્તાક્ષરનો એકમાત્ર પત્ર, અસ્થિ ફુલ, દાઢ, નખ, કેશ આવી હજારો વસ્તુઓ ઘણી ખરી તો ધર્મકુળ





વિજયસ્તંભ યાત્રા



પોથી યાત્રા









# મ્યુઝિયમ-ઉદ્ઘાટન











પરિવારને પોતે આપેલી. ઘણા સંતો હરિભક્તોને પરંપરામાં મળેલી આ બધી વસ્તુઓ સતત આઠેક વરસથી એકઠી કરવામાં આવતી હતી. ત્યારે દરેકના મનમાં થતું કે ક્યારે મ્યુઝિયમ બને અને આ તમામ વસ્તુઓના અલૌકિક દર્શન થાય. પ.પૂ. મોટા મહારાજશ્રી રાત દિવસ, ટાઢ, તડકો, વરસાદમાં પણ ગામો ગામ શહેરો, વિદેશમાં અમેરિકા, આફ્રિકા, ઈંગ્લેન્ડ આદિ દેશોમાં ફક્ત શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે જ ફરતા. તેજ રીતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પણ સંતોના મંડળ સાથે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટેના પ્રોગ્રામો કરીને સતત વિચરણ કરતા. વિદેશના હરિભક્તો દેશમાં આવે ત્યારે મ્યુઝિયમનું કામ જોવા ખાસ જાય અને જોઈને ખરેખર એવા રાજી થાય કે પ.પૂ. બાપજીનો સંકલ્પ શ્રીજી મહારાજનો સંકલ્પ છે. તેમાં કોઈ ખોટ કાઢી શકે નહી. આવું બોલે ત્યારે અમને બધાને એમ થાય કે આ દાખડો ખૂબજ કઠણ અને મહાભિનિષ્ક્રમણ જેવો છે. પણ પ.પૂ. મોટા મહારાજશ્રીને ડગલેને પગલે આપણા ઈષ્ટદેવ અને તેઓશ્રીના દાદા તેમની સાથે અરે ! તેમનામાં રહીને આ કાર્ય કરાવી રહ્યાં છે. જોત જોતામાં ૫ માર્ચ ૨૦૧૧ આવી ગઈ ! એક તરફ મ્યુઝિયમનું ધમધોકાર કામ અને એક તરફ જ્યાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમઉદ્‌ઘાટન મહોત્સવ ઉજવવાનો હતો તે સ્થળ પર ટૂંકા ગાળામાં સભા મંડપ, સ્ટેજ, મુખ્ય રસોડુ, વી.આઈ.પી. રસોડું, યજ્ઞ મંડપ, ધૂન મંડપ, ઉતારાઓ, મંદિરનું કાર્ય આદિ અનેક કામો જોતા એમ લાગે કે, આ સમયમાં પહોંચી શકાશે ? દરેકને એમ થાય પણ અહીં



તો પરચાઓ બન્યા જ કરતા. સવારે અને સાંજે જુઓ તો ન ધાર્યું કામ થઈ જતું. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં તો પળે પળે પરચા મહારાજે પૂર્યા છે. અહીં આપણા સંતો હરિભક્તો રાત દિવસ સતતને સતત કાર્ય કર્યે જતા હતા. અહીંનો તો પાંડવોના ખાંડવ વનમાં બનેલી અનેક નગરી બનાવવા જેવું કપરૂ કામ હતું. પણ અહીં શ્રીજી મહારાજ રાત દિવસ સતત ફરતા હશે. કારણ કે આ મહારાજનું કાર્ય હતું. તેથી મહારાજ જ પુરૂ કરાવે. સં. ૨૦૬૭ ના ફાગણ સુદ-૩ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ એજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ ! સાંજના શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો જ્યારે મુખ્ય હોલમાં પધાર્યા અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જ્યારે પોતાના સ્વહસ્તે કરોડો ભક્ત સમુદાય માટે કલ્યાણ અને મોક્ષનું દ્વાર એવું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ દર્શનાર્થે ખુલ્લું મૂક્યું ત્યારે ત્યાં ઉપસ્થિત લાખો સંત હરિભક્તોની આંખોમાં હર્ષના આંસુ ઉમટી પડ્યા. ફક્તને ફક્ત પોતાના માટે કાંઈક જ નહીં પણ પોતાના આશ્રિતો માટે કરેલો દાખડો-પોતાના સંકલ્પને સિધ્ધ કરીને પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી કેટલા રાજી અને પ્રસન્ન થયા તે તો ત્યાં ઉપસ્થિત ભક્ત સમુદાયજ જાણે ! માટે વ્હાલા ભક્તો આ મ્યુઝિયમમાં એકવાર નહીં પણ અનેકવાર દર્શન કરજો જેથી જીવને અંતકાળે આ ભગવાનની દિવ્યતમ સાક્ષાત્ વસ્તુઓના દર્શન યાદ આવશે તો સહેજે સહેજે અક્ષરધામ ઢુંકડું દેખાશે.



# સર્વોપરી ગૌરવ

- શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

ગોપાળાનંદ સ્વામીએ લખ્યું છે કે અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ આ ધરતી ઉપર પધારે ત્યારે મુક્તો વિવિધ રૂપમાં મહારાજની સેવામાં હાજર થાય છે. વિવિધ રૂપ એટલે કોઈ મુક્ત ગાદલાં તરીકે, કોઈ મુક્ત તકિયા રૂપે, કોઈ પાત્ર, કોઈ પલંગ, વૃક્ષ, વીંઝણો આ બધાય રૂપે બનીને મુક્તો મહારાજની સેવા કરે છે. આવું ગોપાળાનંદ સ્વામીએ પ્રકરણ-૧ વાર્તા નંબર ૫૦ માં લખ્યું છે. સજ્જનો ! મુદ્દો એ છે કે આ બધા મુક્તો અદ્રશ્ય થયા પણ એમણે જે સ્વરૂપો ધારણ કર્યા હતા એ સ્વરૂપો અત્યારે આપણી પાસે મ્યુઝિયમમાં દર્શન આપે છે. આ મ્યુઝિયમ અલૌકિક તીર્થધામ છે. અડસઠ તીરથ ફરો, ચાર ધામ અને સાત પુરીની યાત્રા કરો એનાથી પણ અધિક ફળ મ્યુઝિયમમાં ભગવાનની પ્રસાદીની વસ્તુનાં દર્શનથી મળે છે. **માટે આ મ્યુઝિયમમાં દર્શન કર્યા સિવાય તમામ યાત્રા અપૂર્ણ ગણાય.**

આ પ્રસાદીની વસ્તુઓનો અપૂર્વ મહિમા ગાતાં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે જ્યાંથી સૂર્ય ઉગે છે અને જ્યાં આથમે છે એ આખા વિશ્વમાં ક્યાંય આ દિવ્ય પ્રસાદીની વસ્તુઓ ન મળે. એ તો જેના ઉપર સ્વામિનારાયણ ભગવાનની કૃપા હોય તેને જ મળે બીજાને મળે નહિ. સજ્જનો ! સર્વોપરી પરમાત્મા સ્વામિનારાયણ ભગવાનના સંબંધમાં આવેલી વસ્તુઓનો મહિમા અપરંપાર છે. સંપ્રદાયના ગ્રંથોમાં નોંધ છે કે દાદાખાચરના દરબારના નળિયા, છાપરાં, લીમડાનું ધ્યાન કરવાથી સ્વરૂપાનંદ સ્વામીને માંદગીની પીડા ભૂલાઈ ગઈ હતી.

એટલે જીવોના કલ્યાણ માટે આ પ્રસાદીની વસ્તુઓ આત્મનિષ્ઠાના બળ કરતાં અધિક કલ્યાણકારી છે. એવી અનેક દિવ્ય વસ્તુઓથી ભરપુર આવું અદ્‌ભુત મ્યુઝિયમ આપણને મળ્યું એ અજોડ પ્રાપ્તિ છે. પરમપૂજ્યપાદ વિશ્વવંદનીય મોટા મહારાજશ્રી તરફથી સંપ્રદાયને મળેલી મહામૂલી ભેટ છે. એમ કહેવાય છે કે મહાપુરુષોના સંકલ્પો સાકાર થાય છે. સામાન્ય મનુષ્યના વિચારો સાકારરૂપ ધારણ કરતા નથી. અને મોટા પુરુષોના વિચારો સાકાર રૂપ ધારણ કરે છે. આપણા શાસ્ત્રમાં ઉલ્લેખ છે તે સચ્ચિદાનંદ સ્વામીનો સંકલ્પ પ્રત્યક્ષ બન્યો હતો. આજે બસો વર્ષ પછી પ.પૂ. મોટા મહારાજશ્રીનો સંકલ્પ પ્રત્યક્ષ બન્યો છે. જે આપણને મ્યુઝિયમના સ્વરૂપે દર્શન દે છે.

રામાયણમાં કથા આવે છે. ભગવાન રામે સેતુબંધ બનાવ્યો સાગરપાર કરવા. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મ્યુઝિયમ બનાવ્યું એ એવો સેતુબંધ બનાવ્યો છે એમાં જે આવે એ સંસાર સાગર પાર કરી જાય.

પૂજારીજી જ્યારે નરનારાયણદેવના શણગાર ધરે છે ત્યારે પહેલું પીતાંબર ધારણ કરાવે પછી વાઘો પેરાવે પછી શેલું અર્પણ કરે પછી હાર દાગીના શણગાર ધારણ કરાવે અને છેલ્લે મસ્તક ઉપર મુગટ ધારણ કરાવાય છે. મુગટ દર્શન એ પૂર્ણ દર્શન છે. એટલે તો આપણે દર પૂર્ણિમાએ અમદાવાદ નરનારાયણદેવના દર્શને આવીએ છીએ. સજ્જનો ! પૂજ્યપાદ મોટા મહારાજશ્રી અને આચાર્ય મહારાજશ્રીએ આ મ્યુઝિયમ નિર્માણ કરીને આપણા સંપ્રદાયના મસ્તક ઉપર મુગટ ધારણ કરાવ્યો છે. સજ્જનો ! મોટા પુરુષો પોતાના કાર્યની પ્રશંસા પોતાના મુખે કરતા નથી પણ એમની પ્રશંસા બીજા દ્વારા થાય છે. દાખલા તરીકે પુષ્પ બોલતાં નથી એની સુગંધ બોલે છે, વૃક્ષો બોલતાં નથી એનાં ફળ બોલે છે, નદી બોલતી નથી એનાં જળ બોલે છે, વસંતઋતુ બોલતી નથી પણ કોયલ બોલે છે. એ રીતે મહાપુરૂષો બોલતા નથી પણ એમના કાર્યો બોલે છે. માણસ જ્યારે બોલે ત્યારે મર્યાદિત વિસ્તારમાં સંભળાય પણ કાર્યો જ્યારે બોલે ત્યારે આખા વિશ્વમાં સંભળાય. પૂજ્યપાદ મોટા મહારાજશ્રી અને આચાર્ય મહારાજશ્રીનું આ કાર્ય આખા વિશ્વમાં સંભળાઈ રહ્યું છે. સજ્જનો ! સ્વામિનારાયણ મ્યુઝિયમ વિષે એક જ વાક્યમાં કહેવું હોય તો એમ કહેવાય કે, "આ મ્યુઝિયમ આપણા સંપ્રદાયનું સર્વોપરી ગૌરવ છે." આવું અદ્‌ભૂત કાર્ય કરીને સંપ્રદાયના ભક્તજનોને અને ધાર્મિક જગતને અર્પણ કરનાર પૂજ્યપાદ મોટા મહારાજશ્રી અને આચાર્ય મહારાજશ્રીના ચરણોમાં લાખ લાખ વંદન.



### સંપ્રદાયનું સર્વ પ્રથમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## ઉદ્‌ઘાટન સમારોહ



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

શ્રી નરનારાયણદેવની ગાદી પર છત્રીશ વર્ષ સુધી પદારુઢ રહી સંપ્રદાયનું પોષણ-પ્રચાર-પ્રસાર વિશ્વના અધિકતમ દેશોમાં કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અનુગામી પુત્ર પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ગાદી પર પ્રસ્થાપિત કરીને નિવૃતિમાં પ્રવૃતિના ધ્યેયને જરા પણ વિરામ વિના સંપ્રદાયમાં અતિ આવશ્યક અનિવાર્ય જરૂરિયાત એવી ભગવાન સ્વામિનારાયણની પ્રસાદીની વસ્તુ એટલે સ્વયં ભગવાન જેને કહીએ તે દિવ્ય વસ્તુઓની યોગ્ય જાળવણી યથાયોગ્ય સ્થાને રાખવું અને સર્વે સામાન્ય હરિભક્તોને સુલભ દર્શન થાય એટલે અનેક હેતુઓ એકજ કાર્યમાં સચવાય તે માટે (સંગ્રહાલય) વિશ્વ કક્ષાનું બનાવવાનો સંકલ્પ કહીએ કે ભગવાનની પ્રેરણા કહીએ કે ભગવાને પોતેજ આ કાર્ય કરવાનો સમય પાકી ગયો હોય તો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નામથી સંપ્રદાય તેમજ ભારતની એક અજોડ અજાયબી નિર્માણ કરીને એકજ કાર્યમાં ભગવાનના સંદેશને સામાન્ય જન સમાજ સુધી પહોંચાડવા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરની માલિકી અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારના બ્રહ્મસ્થાનમાં આવેલ નારણપુરા વિસ્તારની ૪ એકર અતિ મહત્વની અતિ કિંમતી જગ્યામાં પોતાના દઢ સંકલ્પને સાકાર કરવાની સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણ કરવાનો શ્રી નરનારાયણદેવના ૨૦૦૫ ના પાટોત્સવના મંગળ દિવસે શિલાન્યાસ વિધિ થયો.

સત્સંગીઓના હૃદયમાં સુષુપ્ત અવસ્થામાં રહેલી મ્યુઝિયમ નિર્માણની ભાવનાઓને જાગૃત કરવા એકલા હાથે, એકજ ધ્યેય, એકજ લક્ષ એકજ ધજા મ્યુઝિયમની લઈને ગામડે ગામડે ઘેર ઘેર દેશ વિદેશમાં વિચરણ કરતા કરતા કરતા મ્યુઝિયમની ડુગડુગી અવિરત વગાડવાનું શરૂ કર્યું. સંપ્રદાયમાં કોઈપણ પ્રસંગ હોય, કોઈપણ સમૈયો હોય, કોઈપણ ગામ-નગર હોય પણ હું





તો મ્યુઝિયમ માટે જ આવ્યો છું. એમ કહીને ભક્તોને ભારે ઘેલું લગાડી પોતાના જેવા જ ભક્તને મ્યુઝિયમના રંગે રંગ્યા.

પાંચ વર્ષ દેશ-વિદેશમાં વિચરણ કરી જુદી જુદી વિચાર ધારાઓ વાળા તમામ સંતો ભક્તોને મ્યુઝિયમની માળામાં પરોવી દીધા. ક્યાંક ઋણનો સ્વીકાર ક્યાંય ઋણ આપીને ધ્યેય સિધ્ધ કરવામાં પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાંગોપાંગ સફળ રહ્યાં.

આચરણ એજ ઉપદેશ મ્યુઝિયમનું નિર્માણ એજ ઉપદેશ શંકાઓનું નિવારણ, પ્રશ્નોનો જવાબ એકજ વાતમાં મ્યુઝિયમનું કામ અત્યંત આધુનિક કક્ષાનું ભવ્ય ઐતિહાસિક મ્યુઝિયમ ૪ એકર જમીનમાં એક લાખ ચાલીશ હજાર ચો.ફૂટના બાંધકામમાં સમ્પૂર્ણ વાતાનુકુલિત ભવ્ય અગિયાર મોટા મોટા હોલ. અને કેન્દ્ર સ્થાનમાં ૧૫૦ x ૧૫૦ નો મુખ્ય હોલ જેને મૌન મંદિર તરીકે ઓળખવામાં આવે છે. જેમાં મુખ્ય મધ્ય સ્થાનમાં ભગવાન સ્વામિનારાયણે આપેલ શ્રી નરનારાયણદેવની ચલ મૂર્તિ (કાળા પથ્થરની) જમણી બાજુ સંપ્રદાયમાં એક માત્ર ભગવાન સ્વામિનારાયણના હસ્તાક્ષર (સહી) વાળો મુખત્યાર નામું કોર્ટની સ્ટેમ્પ સહી વાળો પત્ર. તેની બાજુમાં ભગવાન સ્વામિનારાયણના દિવ્ય અંગની એક માત્ર દર્શન કરવા મળતો ભાગ મુખારવિંદની દાઢ, મૂર્તિની ડાબા ભાગમાં ભગવાનના દિવ્ય અસ્થિ ફુલ અને નખ, કેશ આટલી પાંચ દિવ્ય અલૌકિક વસ્તુઓના દર્શન માત્રથી પાપ અને વાસનાઓ ચાલી જાય છે. અન્ય અગિયાર હોલમાં ભગવાને ધારણ કરેલા ચાંદી-સોનાના ઘરેણા, વાસણો, વસ્ત્રો, ચરણારવિંદ, પુસ્તકો, ચાખડીયો, મૂર્તિઓ, માણકી ઘોડી અને પાર્ષદોએ સેવામાં રાખેલી વસ્તુઓ વિગેરે ૧૨૪૫ એક હજાર બારસો પીસ્તાલીસ જેટલી વસ્તુઓ જુદા જુદા પ્રસંગોમાં ઉપયોગમાં આવેલ તે તે પ્રસંગોના ચિત્ર સહિત દર્શનમાં રાખવામાં આવેલ છે.

નિર્માણના કાર્યમાં જે જે પ્રશ્નો વચમાં ઉપસ્થિત થાય તેનો એકજ જવાબ આપણું કાર્ય શ્રી નરનારાયણદેવ પોતેજ કરી રહ્યા છે. તેથી ભગવાનના કાર્યમાં કોઈ



કચાશ ન હોય એવું કહીને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ભગવાનનું અતિશે બળ આપતા અને અન્યને પ્રેરણા આપતા.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન સંવત ૨૦૬૭ ફાગણ સુદ-૩ તા. ૮-૩-૨૦૧૧ ના રાખવામાં આવેલ. દેશ-વિદેશથી હજારો હરિભક્તો સંપ્રદાયના સર્વ પ્રથમ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવમાં પધાર્યા.

તા. ૭-૩-૨૦૧૧ ના રોજ મ્યુઝિયમની વાસ્તુ વિધિ રાખવામાં આવી. પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા કુમારી શ્રીરાજાના વરદ્ હસ્તે વાસ્તુવિધિની ઘટસ્થાપના કરવામાં આવી. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સંતોની ઉપસ્થિતિમાં તથા મ્યુઝિયમમાં જે જે ભક્તોએ મોટી મોટી સેવા દાન આપ્યું હતું તેવા દેશ-વિદેશના ભક્તોની ભવ્ય ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત પુરાણોક્ત અને વેદોક્ત અનુસાર પરંપરાગત વાસ્તુવિધિ અને હોમાત્મક મહાપૂજાનો કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો.

તા. ૮-૩-૨૦૧૧ના દિવસની લાખો હરિભક્તોને છેલ્લા એક વર્ષથી પ્રતિક્ષા હતી તે સુવર્ણની કિરણો લઈને દિવસ ઉદિત થયો ! જાણે મ્યુઝિયમનો પ્રચાર કરવા સૂર્યનારાયણ પધાર્યા હોય એમ આજે શ્રી નરનારાયણદેવનો પાટોત્સવનો દિવ્ય દિવસ અને સોનામાં સુગંધની જેમ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ઉદ્‌ઘાટનનો દિવસ સંપ્રદાયના ભવ્ય ઈતિહાસો જાણે ફાગણ સુદ ત્રીજના ફાળે જ જતા હોય એમ ભક્તોના હૃદયમાં ઉદ્‌ઘાટનના દર્શનની ઉત્કંઠા હવે કોઈ રોકી શકે તેમ ન હતું. સમય સાંજે ૭ થી ૮-૩૦ નો નક્કી કરવામાં આવ્યો. પ્રાતઃ કાળમાં તો શ્રી નરનારાયણદેવનો મહાભિષેક એજ ઉદ્‌ઘાટન.

સાંજે ૬-૩૦ વાગે પ.પૂ. મોટા મહારાજશ્રી નિવાસ સ્થાનથી સ્વા. બાગથી મ્યુઝિયમની ચાવી લઈને પધાર્યા ત્યારે હજારો સંતો હરિભક્તોએ ધામધૂમથી ભવ્ય સ્વાગત સામૈયુ કર્યું. આકર્ષક સજાવટ ! ગગનભેદી નાદ ! પોલીસ બેન્ડ જેવા સૂર જાણે રાજઠાઠથી કોઈ ચક્રવર્તી રાજાની પધરામણી થઈ રહી છે. સામૈયું મ્યુઝિયમના પટાંગણ સુધી આવતાં ભક્તોનાં રૂંવાડાં ઉભા થઈ ગયાં! એક રોમાંચ ખડો થતાં વિચારોનો વિરામથયો. દર્શન માત્રથી મનની ધારાઓ ખંડિત થઈ ગઈ !

ઉદ્‌ઘાટન સમારોહને સ્ટેજ પ્રોગ્રામમાં સજ્જ કરીને ગુજરાતના સુપ્રસિદ્ધ ફિલ્મકલાકારો દેવાંગ પટેલ જેવા એ મ્યુઝિયમની વાતને કાર્યક્રમમાં આધુનિક રીતે વણીને ગીત-સંગીતના ઉપકરણો, આધુનિક લાઈટો, ગગનભેદી ગાત્રોને ધ્રુજવાતો વીર ધ્વનિ થી ઉદ્‌ઘાટન સમારોહ દોઢ કલાક સુધી ભક્તોને કે ભક્તોના મનને મ્યુઝિયમની બહાર જવા ન દીધા.

રાત્રે ૮-૧૫ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, લાલજી મહારાજ વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી યજમાનો અને સંતોની સાથે મ્યુઝિયમના દ્વારને હજારો વર્ષ માટે કરોડો ભક્તો માટે સંપ્રદાયનું સર્વ પ્રથમ અને એક માત્ર મ્યુઝિયમને દર્શન માટે ખુલ્લું મુક્યું. એ દ્રશ્યના જેણે દર્શન કર્યા તેજ વ્યક્તિ જાણી શકે તેને યથાર્થ વ્યક્ત થઈ શકે નહિ.

જેટલી આ બ્રહ્માંડની આવરદા એટલી જ સ્વામિનારાયણ મ્યુઝિયમની આવરદા રહેશે. એમ જ્યોતિષ તજજ્ઞોએ આગાહી કરી દીધી છે.

નારણપુરા વિસ્તારમાં આપણા મંદિરની સુપ્રસિદ્ધ ટર્ફ સ્કુલની સામે મ્યુઝિયમ આવેલુ છે. ભવ્ય બિલ્ડીંગ અને વિશાળ ૨૦૦ ગાડીઓની પાર્કિંગની સુવિધાઓ રાખવામાં આવી છે.

મ્યુઝિયમના દર્શનમાં બે થી ત્રણ કલાકનો સમય લાગે છે. જેમ શ્રીનરનારાયણ દેવનાં દર્શનથી તુપ્તિ ન થાય એમ મ્યુઝિયમમાં પ્રસાદીની વસ્તુઓનાં દર્શન વારંવાર કરવાની પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આજ્ઞા કરી.



# શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ઘર

- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અમદાવાદ)



આપણા સૌના હૃદયમાં સદા વિરાજમાન પ.પૂ. મોટા મહારાજશ્રી પૂજ્ય બાપજીએ સંકલ્પ કરીને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અંગ સ્પર્શ વાળી અને અત્યન્ત દુર્લભ એવી અંગભૂત પ્રસાદીની વસ્તુઓનું જે મ્યુઝિયમ સાકાર કરીનો સામગ્ર સત્સંગને સમર્પિત કર્યું છે તે તો સાક્ષાત્ પ્રગટ શ્રીહરિનું ઘર જ હોય ને શું તેવું દેખાય છે. કારણ કે પોતાના ઘરમાંજ પોતાની બધી વસ્તુઓ હોય અન્યત્ર તો પ્રવાસ જેમાં લેવાય તેટલું લઈને જતાં હોય છીએ તેમાં સિમિત વસ્તુઓ સાથે હોઈ શકે પરન્તુ અહીં તો જીવનમાં ઉપયોગમાં આવતી અને પોતાના ખુદના શરીરમાંથી પ્રાપ્ત થતી વસ્તુઓ જેમકે નખ, કેશ, અસ્થિ અને મુખમાં હંમેશ નિવાસ કરીને અતિ મહત્વનું જીવનનું કામ કરનાર દાઢના પણ અહીં દર્શન થાય છે. ઘર સિવાય આવી વસ્તુઓના દર્શન જ ન થઈ શકે.

જગતમાં જેની સાથે વ્યવહારિક કે સામાજીક જે તે સારા સંબંધ હોય ને તેમના ઘરે વારંવાર જતા હોય છે. તેવી જ રીતે આપણને જો આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે સારા સંબંધ હોય સ્નેહ અને પ્રેમાતિશય લાગણી હોય તો અવશ્ય આ ભગવાન શ્રી સ્વામિનારાયણના ઘર અર્થાત્ સ્વામિનારાયણ મ્યુઝિયમની મુલાકાતે દર્શને વારંવાર અવશ્ય આવવાનું મન થાય તો સમજવાનું કે આપણને દુનિયાના પદાર્થો કરતાં ઈષ્ટદેવમાં વિશેષ પ્રેમછે, અને તે આ જીવાત્માનો આત્યન્તિક મોક્ષ મેળવવાનું સબળ કારણ પણ છે. પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ સાચા અર્થમાં જ ઘર છે. આ બધી જ વસ્તુઓની સાથે સાથે જ્યાં ઘર હોય ત્યાં સંતાનો અર્થાત્ વંશજો પણ હોય અને તે અહીં શ્રી સ્વામિનારાયણ ભગવાનના અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી પૂજ્ય મોટા મહારાજશ્રીના દર્શન પણ અહીં જ થાય. જે અન્યત્ર અતિ દુર્લભ છે.

આવા અતિ પવિત્ર અને સાક્ષાત્ ભગવાનના ધામસમા આ ઘરનું તો શેષજી પણ વર્ણન કરી ન શકે તો બીજાની તો શું ગતિ ? પરંતુ તેમાં દર્શન કરીને એકાદ પ્રસંગ કે વસ્તુ જો હૃદયમાં ઉતરી જશે તો અંત સમયે પ્રગટ ભગવાન પોતાના દિવ્ય ધામમાં તેડી જવા અવશ્ય આવશે. આવા દૃઢ વિશ્વાસ સાથે દર્શન કરીએ તો દર્શન કર્યા તે સાર્થક થશે.





# પ્રસાદીનું જીવંત સ્વરૂપ

- સાધુ ઘનશ્યામ પ્રકાશદાસ, જમીયતપુરા (મહંત સ્વામી, માણસા)

"બંધ કિધા બીજા બારણા રે વહેતી કીધી અક્ષરવાટ પુરૂષોત્તમ પ્રગટી રે......" પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન સ્વામિનારાયણ આ બ્રહ્માંડમાં પહેલી વાર પધાર્યા અને નાત જાત ઉંચનીચ કે પાત્ર-કુપાત્ર જોવા રહ્યાં નહિ. બસ એન કેન પ્રકારે જે કોઈ ઝપાટામાં આવતા ગયા તે સૌને પોતાનો સંબંધ આપતા ગયા. સ્થૂળ અને જડ સંબંધમાં આવ્યા તેને તીર્થત્વ પ્રદાન કર્યું પછી તે દાદાનો દરબાર હોય કે ઘેલાનો ખળખળીયો, લીંબતરૂ હોય કે લક્ષ્મીવાડીનો ખીજડો, ગંગાજળીયો કૂવો હોય કે પછી રાધાવાવ. જેતલપુરનું દેવ સરોવર કે માંગરોળ ને અડાલજની વાવ હોય, વડતાલ નો જ્ઞાનબાગ ને અમદાવાદનો રંગમહોલ, ગઢડાની લક્ષ્મીવાડી સૌ પ્રભુપદે અંકિત થઈ વૃંદાવનની ભૂમિકરતા પણ અધિક તીર્થત્વને પામી ગઈ. અમદાવાદની અસવારીને પંચાળાના રાસમાં પ્રભુ ભળ્યા તો તેના વર્ણનો સત્શાસ્ત્રના પાનેપાને યુગો સુધી ગવાતા થઈ ગયા. પીળા પીતાંબરને જરકશી જામા કોઈ રાજ રજવાડાની સાહ્યબીના નથી સચવાયા એટલા હરિવરે એકાદ બે વખત ધારણ કરેલા ધોળીકોર કે આસમાની કોરના રેંટા ને ફેટા પણ વરસો સુધી દર્શનાર્થીઓની આંખો ઠારતા સચવાય રહ્યા છે. વાલાએ પહેરેલી પાઘડી કે ચરણમાં ધારેલી ચાખડીઓથી મંદિરોના મહોલો ભરેલા છલકાય છે. એક વેળાએ તો લહેરમાં ચાલતા લેરખડા રાડાનું મલોખુ તોડતા ગયા ને મુક્તાનંદ સ્વામીએ સ્વાભાવિક લાગતી આ ચંચળ ક્રિયા પાછળનું રહસ્ય પૂછ્યું કે પ્રભુ આપની કોઈ ક્રિયા કારણ વિનાની અમસ્તી હોતી જ નથી તો આ મલોખું તોડવા પાછળ છુપાયેલું કારણ કહેવાની કૃપા કહેશો ? ત્યારે મરમાળો મીઠું સ્મિત કરીને બોલેલા 'કે સ્વામી, એક બ્રહ્માંડનો પ્રલય કર્યો!'



આજ રીતે ઘોડીએથી ઉતરતા સ્હેજ પગ લપસ્યો અને મોજડીનું ઠેબું વાગતા ઘાસનું એક તણખલુ તુટ્યુંને વળી સ.ગુ. મુક્તાનંદ સ્વામીથી રહેવાયુ નહિ ને પૂછી નાંખ્યું કે પ્રભુ, ''આપના સ્પર્શે તુટેલા આ તણખલાની શી ગતિ થશે.'' ત્યારે તો તેનો ઉત્તર અધર રાખેલો પરંતુ થોડા વરસો પછી એક અગ્રણી પાર્ષદને બતાવીને કહ્યું હતું કે સ્વામી, ''ત્યારે તમે પૂછ્યું હતુ ને કે અમારી મોજડી થી તુટેલા એ તણખલાની ગતિ શું થશે તો જુઓ એ તણખલું પોતે આ વિરા ભગત રૂપે અમારી સેવામાં મનુષ્ય દેહધારી એક ભક્તના સ્વાંગમાં આવી પહોંચ્યું ! જે ઝાડના છાંયે અમે વિસામો લીધો કે કોઈ વૃક્ષ - વેલીની ફળ ફુલનું અમે ગ્રહણ કર્યું, કોઈ ઢોર ઢાંખરના દુધ-દહીં ગ્રહણ કર્યા કે અમે બેઠેલા ગાડે બળદ બંધાયા, ઘોડા ઘોડીએ અસવારી કરી. આ તમામે તમામની ગતી એટલી તો દિવ્યતાને પામી જાય છે કે મુક્તોની માનસીના સંભારણા બની મોક્ષ પ્રાપ્તિના પરમ સાધન બની જાય છે. હાંડા હુંડીને વાસણ - કુસણ જે કાંઈ અમારા ખપમાં આવ્યા તે સઘળા લોટા લોટીને નાવણીયા સહિત ભવસાગરના ભારણીયા બની ગયા છે. ઈલેક્ટ્રીકના વાયરનો છેડો અડે ને આંચકો લાગી જાય ત્યારે આ સ્વયં હરિવર હિરલો ! એના સંબંધે કંઈકના કંઈક ચમકના પહાડો જેવા અતિ સમર્થ સંતો-મુક્તો અને મહારથીઓ એ કોણ જાણે કેટકેટલીવાર આ ધરણીને ધ્રુજાવી છે. ત્યારે આ વારામાં તો સમગ્ર મોક્ષનું મૂળ, અવતાર માત્રના આધાર સર્વોપરી સર્વ સત્તાધીશ સર્વ શક્તિ અને સામર્થીઓના કારણ સ્વયં ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા અને જ્યાં જ્યાં હાથ મુક્યો ત્યાં સુખનો સાગર પ્રગટ કરી દીધો. જેના પર દ્રષ્ટિ ઠેરાવી તે સઘળે દિવ્યતાના ફુવારાઓ છૂટતા કરી દીધા ને જે જે સંકલ્પ છેડ્યા તે સઘળા મૂર્તિમાન મંદિરો બની ગયા. અનંત પ્રભુઓના મહાપ્રભુ હરિવરે જેને જેને પોતાનો આશરો આપ્યો તે સૌ જંગમતીર્થત્વને પામી ચૈતન્યની મૂર્તિ બની ગઈ. આકાશ બહારનું ગજુ કાઢી ગયા. સંબંધ ભાવમાં ઉછળતા મોજાઓ જેવા છલકાતા હૈયામાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી જ્યારે આવા વિચારોનો ઉભરો આવ્યો ત્યારે ''પુરૂષોત્તમપ્રકાશ'' મધ્યે ૪૭ માં પ્રકરણના ઉત્તરાર્ધમાં તેનું આચમન કરાવતા લખે છે કે.

વળી અમારા અંગનું અંબર રે,<br>
બહુ સ્પર્શેલ સારું સુંદર રે.<br>
એહ પ્રસાદીનું જે પટ રે,<br>
મળે ટળે સર્વે સંકટ રે.<br>
એક વસ્ત્ર અનુપમ અતિ રે,<br>
થાય પૂજતા પરમપ્રાપ્તિ રે.<br>
અતિ મહાત્મય એનું અતુલ્ય રે,<br>
કહો ક્યાંથી મળે એ મૂલ્ય રે.<br>
જે જે અમારા સંબંધની વસ્તુ રે,<br>
ન મળે ગોતતા ઉદયને અસ્ત રે.<br>
જણસ અમ સંબંધની જે જે રે,<br>
છે એ કલ્યાણકારી માની લીજે રે.<br>
તે તો રાખી છે અમે અપાર રે,<br>
સૌ જન અર્થે આ વાર રે.

(સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત પુરૂષોત્તમપ્રકાશ પ્ર. ૪૮ કડી ૧૪ થી ૧૮)

એક એક આવી અણમોલ વસ્તુઓ એકઠી કરીને એક સાથે હજારોના દર્શન સુગમ કરાવવા અસહ્યય ભીડો વેઠી ને જેઓ એ આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખડુ કર્યું છે તે પ.પૂ. પ્રાતઃ સ્મરણીય આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પોતે જ એક અતોલ અને અજોડ એવી પ્રસાદીનું જીવંત સ્વરૂપ છે કે જેના દર્શન માત્રે આપણા સૌનું જીવન કૃત કૃત્ય બની ગયું છે. તેઓ ઉપર આજ સમગ્ર સત્સંગના લાખો સંતો હરિભક્તોના અગણીત મન અને માથા ઓળઘોળ કરી ઋણ ઉતારીએ તો પણ એ મોંઘાને મોંઘેરાને કોટાન કોટી વંદન.







# મહોત્સવ-ઉદ્‌ઘાટન
















વિષ્ણુયાગ યજ્ઞ






વાસ્તુ યજ્ઞ

# નિઃસ્વાર્થ ભાવથી કરાયેલું દાન સર્વશ્રેષ્ઠ

- સાધુ નારાયણમુનિદાસ ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)



સ્વર્ગના દેવદૂતોએ ભગવાનને એક દિવસ પ્રશ્ન કર્યો કે હે પ્રભુ દુનિયામાં એવી કઈ વસ્તુ છે જે પહાડો કરતા પણ કઠોર હોય ? ભગવાને જવાબ આપ્યો, હા લોઢું પહાડ કરતા પણ વધારે કઠોર છે કારણ કે તે પહાડને પણ તોડી શકે છે. દેવદૂતોએ ફરી પૂછ્યું કે તમારી વાત સાચી છે પરંતુ એવી પણ કોઈ વસ્તુ છે કે જે લોઢા કરતા પણ વધુ કઠોર અને મજુબત હોય ? ભગવાને કહ્યું હા, ચોક્કસ છે. આ વસ્તુ અગ્નિ છે. કારણ કે તે લોઢાને પીગાળી શકે છે. દેવદૂતોની જિજ્ઞાસા ફરી વધતી ગઈ. તેમણે પૂછ્યું કે પ્રભુ અગ્નિથી પણ કઠોર વસ્તુ ખરી ? ભગવાન બોલ્યા અગ્નિથી કઠોર વસ્તુ પાણી છે. કારણ કે, ભારેથી અતિ ભારે અગ્નિને પણ પાણી બુઝાવી શકે છે. દેવદૂતોએ પ્રશ્નના ક્રમને આગળ વધારતા કહ્યું કે પાણીને પણ હરાવી શકે તેવી વસ્તુ કોઈ છે ? ભગવાને જવાબ આપ્યો. હવા, જે જળને પણ તરંગના સ્વરૂપમાં બદલી નાખે છે. ગમે ત્યારે વરસાદને પણ વેર-વિખેર કરી શકે છે. દેવદૂતોએ ફરી પૂછ્યું પ્રભુ હજુ પણ કોઈ એવી વસ્તુ કોઈ રહેલી છે જે આની અપેક્ષાએ વધુ શક્તિશાળી હોય. ભગવાન બોલ્યા હા, દયાળુ હૃદય દ્વારા થયેલું ગુપ્તદાન જે એવી રીતે થાય છે કે જેની ડાબા હાથને પણ ખબર નથી હોતી કે જમણો હાથ શું કરી રહ્યો છે. આ બધામાં તે બળવાન અને મહાન છે. પ્રચાર કર્યા વગર નિઃસ્વાર્થ ભાવે કરવામાં આવેલું દાન સૌથી શ્રેષ્ઠ છે. જે આપનારને સાચું સુખ પહોંચાડીને લોકયશનો ભાગીદાર બનાવે છે.

આ ન્યાયે આપણા સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવમાં પણ ઘણા ભક્તોએ નિઃસ્વાર્થ ભાવે સેવા કરી છે. આ ઉત્સવની અંદર નાના માં નાના હરિભક્તે તન, મન અને ધનથી સેવા કરી છે. કોઈ પણ પ્રકારનો સ્વાર્થ વગર બસ મારા ઈષ્ટદેવનું મ્યુઝિયમ અને મારા મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીનો શુભ સંકલ્પ સાકાર થાય એજ લક્ષથી હરિભક્તોએ દાન કર્યું છે.

ઘણા પ્રસંગમાં છોકરાને પોતાના પિતા કે માતા ચોકલેટ કે બિસ્કીટ આપવા માટે કે મોજ શોખ કરવા માટે જે પૈસા આપતા તે પૈસા છોકરાઓએ ભેગા કરી ને આ મ્યુઝિયમમાં આપ્યા છે.

અને ભક્તો આ મ્યુઝિયમની અંદર મોટા મહારાજશ્રી તથા આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાની પાસે જે સંપૂર્ણ સંપત્તિ (એટલે કે જે પોતાના વારસામાં મળેલ જે ભગવાન સ્વામિ નારાયણની પ્રસાદીની વસ્તુઓ) જે પોતાની પાસે હતી તે આપણા આ મ્યુઝિયમમાં અર્પણ કરી દીધી છે. મ્યુઝિયમમાં આ વસ્તુઓના આપણને દર્શન થાય એ રીતે આ મુકેલી છે. અને સંતો પાસે કે હરિભક્તો પાસે જે કાંઈ વસ્તુઓ પ્રસાદીની હતી તે પણ આ મ્યુઝિયમની અંદર આપેલી છે. તો બધાએ આ ઉત્સવની અંદર ખૂબ ખૂબ સેવા કરેલ છે. તો ભગવાન નરનારાયણદેવ સર્વનું મંગળ કરે એજ પ્રાર્થના.



# સમગ્ર વિશ્વમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરિ, એકમેવ અને અદ્વિતીય મહા તીર્થરાજ એટલે
# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

- ડૉ. હર્ષદભાઈ કસ્તૂરચંદ ઝીંઝુવાડીયા (અમદાવાદ)

વ્હાલા સત્સંગી હરિભક્તો,

આપણને સૌને આપણા મહાન સદ્‌ભાગ્યની સાચી ઓળખ નથી તેથી કોઈ કોઈ વખત આપણે આપણી સર્વોપરિ પ્રાપ્તિનો સાચો આનંદ - સાચું સુખ માણી શકતા નથી. કસ્તૂરી મૃગ પોતાની નાભિમાં જ કસ્તૂરી હોવા છતાં, કસ્તૂરીની સુગંધ આજુબાજુમાંથી આવે છે એવું સમજીને ચારે બાજુ દોડ્યા કરે છે. એવું જ કંઈક આપણને આપણી પ્રાપ્તિની બાબતમાં જોવા મળે છે. વાસ્તવિક રીતે જોઈએ તો આપણા પરમ સૌભાગ્યની અને આપણી સર્વોપરિ પ્રાપ્તિની કોઈ સીમા જ નથી.

આ પૃથ્વીની ઉત્પત્તિ થઈ ત્યારથી જ્યાં સુધી સર્વોપરિ, સર્વાવતારી અને સર્વના કારણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામ્યા ન હતા ત્યાં સુધી દરેક સજીવ સૃષ્ટિના જીવાત્મા, એમનું પરમ કલ્યાણ - આત્યંતિક કલ્યાણ સિદ્ધ કરી શક્યા ન હતાં. આ સનાતન સત્ય હકીકતના સમર્થન માટે જોઈએ તો શ્રી સ્વામિનારાયણ ભગવાન એમના આ પૃથ્વી ઉપરના પ્રાદુર્ભાવના છ હેતુઓ પૈકી એક હેતુમાં સ્પષ્ટપણે જણાવે છે કે, એમના અવતારો અને આ અવતારોના આશ્રિતો, ભક્તો અને મુક્તોનું પણ મારે આ વખતે આત્યંતિક કલ્યાણ કરવું છે. આ સનાતન સત્ય હકીકત આપણા સર્વોપરિ સંપ્રદાયના સર્વોપરિ આશ્રિત મુમુક્ષુ જીવાત્મા વગર કોઈને સમજાય એવી નથી. કોઈને ગળે ઉતરે એવી પણ નથી અને કોઈ કદાચ સંમત ન પણ થાય એવી છે. આપણે આ દરેકમાંથી કોઈનું કામ નથી. આપણે તો માત્ર એટલું જ જાણવું - સમજવું જરૂરી છે કે, આ કળિયુગમાં આપણે આ સર્વોપરિ સંપ્રદાયના આશ્રિત થયા છીએ અને આપણને જે પ્રાપ્તિ થઈ છે એ પણ સર્વોપરિ છે આ વાત આપણા સૌના પરમ સૌભાગ્યની વાત છે.

આપણા ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવ દેશના પૂર્વ પીઠાધિપતિ પ્રાતઃ સ્મરણીય પરમપૂજ્ય મોટા મહારાજશ્રી પૂજ્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પવિત્ર શુભ, મંગલમય અને દિવ્ય સંકલ્પ એટલે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ અમદાવાદ. તાજેતરમાં જ તા. ૫-૩-૨૦૧૧ થી તા. ૯-૩-૨૦૧૧ સુધી આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો મંગલમય મહામહોત્સવ ઉજવાયો અને આ મ્યુઝિયમનો મંગલ પ્રારંભ પણ થયો. આ મહામહોત્સવમાં બંને દેશની ગાદીના અનેક પરબ્રહ્મનિષ્ઠ પૂજ્ય વિદ્વાન સંતો, દેશ-વિદેશના તન, મન અને ધનથી સેવા કરનાર અનેક પરમભગવદીય હરિભક્તો, અનેક દર્શનાર્થી સત્સંગી હરિભક્તો અને ભાવિક ભક્તજનો, ગુજરાત રાજ્યના અનેક સામાજીક અને રાજકીય અગ્રણી મહાનુભાવો અને ગુજરાત રાજ્યના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વગેરે એ ઉપસ્થિતિ રહીને આ મહામહોત્સવને માણ્યો હતો અને શોભાવ્યો હતો.

આ મહામહોત્સવમાં પાંચ દિવસની સત્સંગિ જીવન કથા પારાયણ, પાંચ દિવસની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન, ત્રણ દિવસનો શ્રીહરિયાગ, સમૂહ મહાપૂજા, શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુરમાં રંગમહોલમાં બિરાજમાન રાજાધિરાજ શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેક દર્શન, ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવનો ષોડશોપચારે સહિત પૂજન, અર્ચન, અભિષેક સાથે પાટોત્સવ મહોત્સવ દર્શન, છપ્પન ભોગ અન્નકૂટ દર્શન વગેરે અનેક પ્રકારે શ્રી સ્વામિનારાયણ ભગવાનના દર્શન, શ્રવણ, પૂજન, અર્ચન વગેરે રૂપી ભક્તિનો અલભ્ય લાભ અસંખ્ય મુમુક્ષુ જીવાત્માઓને પ્રાપ્ત થયો હતો.

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના આ પાંચ દિવસના મહામહોત્સવમાં પાંચય દિવસના દરેક ઉત્સવના દર્શન, શ્રવણ, પૂજન વગેરે રૂપી ભક્તિની અલભ્ય લાભ મને પણ પ્રાપ્ત થયો હતો. મારા - અમારા પરિવારના જ્ઞાનગુરુ અક્ષરનિવાસી પરમભગવન્નિષ્ઠ પૂજ્ય શ્રી મણિલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ (પૂજ્ય





મોટાભાઈ - અમદાવાદ)ના સત્સંગના યોગ દ્વારા પ્રાપ્ત થયેલ સંસ્કાર અને સમજણના આધારે આ મહામહોત્સવ વિષે અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વિષે મારા વિચારો પણ સંપ્રદાયના આ માસિકના મુખપત્ર દ્વારા આપ સૌ વિશાળ વાચક વૃંદ સમક્ષ રજુ કરતા અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

વિશ્વમાં દરેક સંપ્રદાયોમાં જુદા જુદા ઉત્સવો ઉજવવામાં આવે છે. હિન્દુ ધર્મમાં અનેક સંપ્રદાયો છે. આ દરેક સંપ્રદાયોમાં પણ જુદાં જુદાં નિમિત્તે ઉત્સવો ઉજવવામાં આવે છે. આ સંપ્રદાયો પૈકી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ઉત્સવ પ્રિય સંપ્રદાય તરીકે જાણીતો છે. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન આ ઉત્સવો શા માટે ઉજવીએ છીએ તે બાબતે ગઢડા પ્રથમના ત્રીજા વચનામૃતમાં સ્પષ્ટપણે જણાવે છે કે, “જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વેને સંભારી રાખવા. તે શા સારું જે કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય તો પણ ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારીને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય. તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ. તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ. ને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈ પાપી જીવ હોય ને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.”

શ્રી સ્વામિનારાયણ ભગવાનના આ લોકમાં પ્રાદુર્ભાવના છ હેતુઓ પૈકી મુખ્ય હેતુ એટલે કોઈપણ નિમિત્તે પોતાના યોગમાં આવનાર દરેક જીવાત્માને આ લોકમાં સુખી અને પરલોકમાં મહાસુખિયા કરવા, દરેક જીવાત્માનું પરમ કલ્યાણ કરવું - આત્યંતિક કલ્યાણ કરવું - જન્મમરણના ફેરામાંથી મુક્ત કરી અક્ષરધામની પ્રાપ્તિ કરાવવી. આ હેતુ સિદ્ધ કરવા માટે અને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઉપરોક્ત ગઢડા પ્રથમ પ્રકરણના ત્રીજા વચનામૃતમાં જણાવેલ વચનોના અનુસંધાન સાથે અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના નાના મોટા તમામ મંદિરોમાં દર વર્ષે નાના મોટા ઉત્સવો - મહોત્સવનું આયોજન આ ગાદી પીઠસ્થાન તરફથી અને પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદ સાથે કરવામાં આવે છે.

આ ઉપરાંત સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન આ વિશ્વના અનંત મોક્ષભાગી જીવાત્માઓના પરમ કલ્યાણ માટે પોતાના ઉપયોગમાં આવેલ દરેક વસ્તુઓ તેમજ પોતે ધારણ કરેલ દરેક વસ્ત્રો પૈકી કોઈપણના દર્શન કે સ્પર્શનો લાભ કોઈપણ જીવાત્માને ગમે તે સમયે પ્રાપ્ત થાય તો પણ તેનું પરમ કલ્યાણ કરવાનો નિર્ધાર વ્યક્ત કરે છે. શ્રીજી મહારાજની પ્રસાદીની દરેક વસ્તુઓના દર્શન અને સ્પર્શ જીવાત્માઓના પરમ કલ્યાણ માટે કેટલા મહત્ત્વના છે તે શ્રીજી મહારાજ સ્વમુખે જણાવે છે તેને સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી પોતાના સ્વરચિત પુરુષોત્તમપ્રકાશ ગ્રંથમાં આ રીતે જણાવે છે કે



વળી અમારા અંગનું અંબર રે, બહુ સ્પરશેલ સારું સુંદર રે;
એહ પ્રસાદીનું જેહ પટ રે, મળે ટળે સર્વે સંકટ રે.
એહ વસ્ત્ર અનુપમ અતિ રે, થાય પૂજતાં પરમ પ્રાપતિ રે;
અતિ મહાત્મ્ય એનું અતુલ્ય રે, કહો ક્યાંથી મળે એહ મૂલ્ય રે.
જે જે અમારા સંબંધની વસ્તુ રે, ન મળે ગોતતાં ઊદે ને અસ્ત રે;
જણસ અમ સંબંધીની જેજે રે, છે એ કલ્યાણકારી માની લીજે રે.
તે તો રાખી છે અમે અપાર રે, સહુ જન અરથે આ વાર રે;
નખશિખા લગી નિરધાર રે, રાખી સ્પરશી વસ્તુ કરી પ્યાર રે.
સ્પરશી ચીજ જે બહુ પરકારે રે, અડી હોય જે અંગે અમારે રે;
તે તો સર્વે છે કલ્યાણકારી રે, માટે રાખી છે અમે વિચારી રે.
એમ અનેક પ્રકારે આજ રે, બહુ જીવનાં કરવા છે કાજ રે;
આવ્યા છીએ અમે એમ ધારી રે, સર્વે જીવને લેવા ઉધ્ધારી રે.
એમ કહ્યું આપે અવિનાશે રે, તે તો સાંભળ્યું સહુ દાસે રે;
સુણી સહું થયા પરસન રે, કહે સ્વામી શ્રીજી ધન્ય ધન્ય રે.

શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓનો મહિમા આ રીતે શ્રી પુરુષોત્તમપ્રકાશ ગ્રંથમાં જણાવેલ છે. આ મહિમાના સંદર્ભમાં પૂજ્ય મોટા મહારાજશ્રીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો દિવ્ય સંકલ્પ કર્યો. ગઢડા પ્રથમના ત્રીજા વચનામૃતમાં જણાવેલ શ્રીજી મહારાજના વચનોના અનુસંધાન સાથે અને શ્રી પુરુષોત્તમપ્રકાશ ગ્રંથમાં શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓના દર્શન અને સ્પર્શ દ્વારા પણ મોક્ષભાગી જીવાત્માઓના પરમ કલ્યાણ સહેજે સહેજે સિદ્ધ થાય એવા અતિ દયાળુ અને કરુણાસભર હેતુને પરિપૂર્ણ કરવા પાંચ દિવસના શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ મહા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાંચ દિવસના મહા મહોત્સવમાં આશરે પાંચ લાખથી પણ વધુ મુમુક્ષુઓ, સત્સંગી હરિભક્તો અને ભાવિક ભક્તજનોએ વિવિધ આયોજનો (શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન્ય, ત્રિદિનાત્મક શ્રીહરિયાગ, શ્રીહરિની ષોડશોપચારે દિવ્ય મહાપૂજા, ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવનો ૧૮૯ મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ધર્મકૂળ પરિવાર દ્વારા મહા અભિષેક અને છપ્પનભોગ અન્નકૂટ મહોત્સવ, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન મહોત્સવ વગેરે)ના દિવ્ય દર્શન, સત્સંગિજીવન કથા પારાયણનું દિવ્ય શ્રવણ, શ્રી સ્વામિનારાયણ ભગવાનના ધર્મકુળ પરિવારના છઠ્ઠા, સાતમાં અને આઠમાં વંશજના - દિવ્ય ત્રિમૂર્તિના દિવ્ય દર્શન તેમજ આ દિવ્ય ત્રિમૂર્તિના દિવ્ય આશીર્વાદ શ્રવણ, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉદ્‌ઘાટન પ્રસંગે સમૂહ આરતીના દિવ્ય દર્શન, મ્યુઝિયમમાં શ્રીજી મહારાજની પ્રસાદીની દરેક વસ્તુઓના દિવ્ય દર્શન, દિવ્ય મહાપ્રસાદ વગેરેનો અલભ્ય લાભ લીધો હતો. આ સર્વે લાભાર્થી ભાગ્યશાળી જીવાત્માઓના અંતકાળે આ મહા મહોત્સવમાં કરેલા દિવ્ય દર્શન અને દિવ્ય શ્રવણ તેમજ મહાપ્રસાદ વગેરે પૈકી કોઈપણ એક પ્રસંગ યાદ આવી જાય તો ઉપરોક્ત વચનામૃતમાં જણાવેલ શ્રીજી મહારાજના વચનો પ્રમાણે આ જીવાત્માઓનું પરમકલ્યાણ સહેજે સહેજે થઈ જ જાય. આ મહામહોત્સવના દિવ્ય પ્રસંગો પૈકી કોઈ ખાસ વિશિષ્ટ પ્રસંગોની નોંધ કરવી હોય તો મારી સમજણ અને મારા અનુભવ પ્રમાણે નીચે પ્રમાણે કરી શકાય.

**(૧) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ મહોત્સવમાં પૂજ્ય આચાર્ય ત્રિપુટીના દિવ્ય દર્શન :-**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ મહોત્સવ પ્રસંગે તૈયાર કરવામાં આવેલ વિશાળ સભા મંડપના શમિયાણામાં વિશાળ સ્ટેજ ઉપર સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વંશજ (પ.પૂ.ધ.ધુ. પૂર્વ આચાર્ય પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ), સાતમાં વંશજ (પ.પૂ.ધ.ધુ. પૂજ્ય આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ) અને આઠમાં વંશજ (ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ પૂજ્ય લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ). આ ત્રણેય પૂર્વ, વર્તમાન અને ભાવિ આચાર્ય મહારાજશ્રીની દિવ્ય ત્રિપૂટીના દિવ્ય દર્શન અને આ ત્રણેય દિવ્ય ત્રિપૂટીના દિવ્ય આશીર્વાદ શ્રવણ.

**(૨) અમદાવાદ દેશની ગાદીના ભાવિ આચાર્યશ્રીનું આશીર્વાદ ઉદ્‌બોધન :-**

પ.પૂ. ૧૦૮ પૂજ્ય લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય આશીર્વાદ વચનો જેમાં મનુષ્યના જીવનના જુદા જુદા વર્ષોની ઉંમર દરમ્યાન આધ્યાત્મિક જીવન બાબતમાં થતાં ચઢાવ - ઉતાર બાબતે **Addition, Multiplication, Devidation & Deduction** વિષે ખૂબજ સુંદર ઉદ્‌બોધન. પૂજ્ય લાલજી મહારાજશ્રીના આજ દિન સુધીના ઉદ્‌બોધનો પૈકી આ સર્વશ્રેષ્ઠ ઉદ્‌બોધન હતું. શ્રોતા વર્ગ પૈકી જે શ્રોતાજનોને આ ઉદ્‌બોધન પોતાના આધ્યાત્મિક જીવનમાં કેટલું અને કેવું મહત્ત્વ ધરાવે છે તેની સાચી સમજણ થઈ હશે તેઓ તો ખૂબ જ રાજી થયા હતા અને સંપ્રદાયમાં આવા ભાવિ આચાર્ય મહારાજશ્રીની પ્રાપ્તિથી પોતાનું અને પોતાના ભાવિ પેઢીના સંતાનોનું પણ જીવન સંપ્રદાયના નિયમ, નિશ્ચય અને પક્ષના અખંડ અનુસંધાન



સાથે ઉર્ધ્વગામી બની જ રહેશે એવા નિશ્ચિંત પણ થયા હશે. પૂજ્ય લાલજી મહારાજશ્રીની આટલી નાની ઉંમરે એમના મુખારવિંદમાંથી આધ્યાત્મિક જીવન બાબતે આવડા મોટા સુંદર અને સુમધૂર દિવ્ય વાણીના સરિતા પ્રવાહમાં દરેક શ્રોતાજનો તરબોળ, ભાવવિભોર અને મહાભાગ્યશાળી બની ગયા હતા.

**(૩) Preservation Plus - પર્યાવરણની જાળવણી :-**



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સંકુલમાં પર્યાવરણની જાળવણી માટે જે આયોજન કરવામાં આવ્યું છે તેની જાણકારી સમગ્ર સત્સંગ સમાજને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ પોતાના આશીર્વાદ ઉદ્‌બોધનમાં આપી હતી. વિશાળ સભામંડપના વિશાળ સ્ટેજ ઉપર **Preservation Plus**ના બેનર રાખવામાં આવ્યા હતા, આ બેનરની સાથે પાંચ પાંખડીવાલા ફૂલને પણ દર્શાવવામાં આવ્યું હતું. શરૂઆતમાં આ બેનર અને આ ફૂલ વિષે બહુ સમજ પડતી ન હતી પરંતુ જ્યારે આ બેનર અને પાંચ પાંખડીના ફૂલ વિષે સમજ આપવામાં આવી ત્યારે ખૂબજ આનંદ થયો. આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પર્યાવરણની જાળવણી માટે જરૂર પૂરતા તમામ ઉપાયો કરવામાં આવેલ છે. પર્યાવરણમાં મુખ્યત્વે આ પૃથ્વી ઉપર જડ કે ચેતન એવી સમગ્ર સૃષ્ટિ પાંચ અનાદિ મૂળભૂત તત્વોની બનેલ છે. આ પાંચ તત્વો એટલે (૧) પૃથ્વી - માટી (૨) જળ (૩) તેજ (૪) વાયુ (૫) આકાશ. આ પાંચ તત્વોની જાળવણી બરાબર સપ્રમાણ રીતે કરવામાં આવે તો પર્યાવરણની જાળવણી બરાબર કરી કહેવાય. પાંચ પાંખડીનું ફૂલ આ પાંચ અનાદિ તત્વોની ઓળખ આપે છે. પર્યાવરણની જાળવણી માટે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સંકુલમાં પવનચક્કી **(Wind Mill)** દ્વારા તેમજ સૂર્ય શક્તિ **(Solar Plan)** દ્વારા વીજળી શક્તિ પ્રાપ્ત કરી સમગ્ર મ્યુઝિયમના સંકુલ માટે તેમજ પ્રસાદીની વસ્તુઓની જાળવણી માટે જરૂરી એવા વાતાનુકુલ વાતાવરણ **(Air Conditioned Atmosphere)** તૈયાર કરવામાં આવેલ છે. આ આયોજનથી મ્યુઝિયમનો નિભાવ ખર્ચ ઓછો આવે અને પ્રસાદીની વસ્તુઓની યથાર્થ કાયમી જાળવણી સાથે પર્યાવરણની જાળવણીમાં ગુજરાત સરકારશ્રીનો હેતુ પણ સિદ્ધ થાય તેવા દરેક પ્રયત્નો કરવામાં આવેલ છે.

**(૪) પૂજ્ય મોટા મહારાજશ્રીનો દિવ્ય સંકલ્પ એટલે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમઃ-**

પૂજ્ય મોટા મહારાજશ્રીએ આ મહોત્સવ દરમ્યાન વિશાળ સભામંડપમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી અને પૂજ્ય લાલજી મહારાજશ્રી સાથે દરરોજ બે વખત પધારી મંચ પર બિરાજમાન થઈ સર્વેને દિવ્ય દર્શન આપતા હતા. આ પ્રસંગે એક વખત પૂજ્ય મોટા મહારાજશ્રીએ પોતાના આશીર્વાદ ઉદ્‌બોધનમાં આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પોતાના દિવ્ય સંકલ્પ બાબતે જણાવ્યું હતું કે, "અમારો આ દિવ્ય સંકલ્પ એ શ્રીજી મહારાજનો દિવ્ય સંકલ્પ હતો એટલે જ આજે આ દિવ્ય સંકલ્પ મૂર્તિમાન સ્વરૂપે પૂર્ણ થયો છે. અમારા વંશ પરંપરામાં અમારી પાસેની શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓના દર્શન સમગ્ર સત્સંગ સમાજને થાય એવી ઈચ્છા અમે જ્યારે લાલજી તરીકે હતા ત્યારે પૂજ્ય બાપુજીને (અ.નિ. આચાર્ય પૂજ્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ) જણાવી હતી. તે સમયનો સંકલ્પ આજે ઈષ્ટદેવ શ્રીનરનારાયણદેવે અને અમારા દાદા સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાને પરિપૂર્ણ કર્યો છે તેનો અમને ખૂબજ સંતોષ અને આનંદ છે. હવે અમારા જીવનમાં અન્ય કોઈ સંકલ્પ આ લોકની દૃષ્ટિએ રહેતા નથી અને અન્ય કોઈ સંકલ્પ કરવા પણ નથી." પૂજ્ય મોટા મહારાજશ્રીના આ દિવ્ય અને અમૃત વચનો સાંભળીને સમગ્ર સત્સંગ સમાજ ગદ્‌ગદિત અને ભાવવિભોર બની ગયો હતો. આ અમૃત વચનો જ્યારે પૂજ્ય મોટા મહારાજશ્રીના દિવ્ય અને તેજસ્વી મુખારવિંદમાંથી સુમધુર અમૃતવાણી સ્વરૂપે રેલાતા હતા ત્યારે એમના મુખારવિંદ ઉપર સંપૂર્ણ આનંદ, સંપૂર્ણ સંતોષ અને સંપૂર્ણ

શાંતિના જે દિવ્ય દર્શન સમગ્ર સત્સંગ સમાજને થયા હતા તે સમગ્ર સત્સંગ સમાજ માટે અવિસ્મરણીય અને દિવ્ય સંભારણું બની ગયું છે.

**(૫) પૂજ્ય મોટા મહારાજશ્રીનું અભિવાદન :-**

આ મહોત્સવમાં જે જે સત્સંગી હરિભક્તોએ તન, મન, ધનથી સેવા કરી હતી અને મહોત્સવની સફળતામાં સહભાગી બન્યા હતા એ સર્વે ભાગ્યશાળી હરિભક્તોને પૂજ્ય મોટા મહારાજશ્રી, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી અને પૂજ્ય લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મહોત્સવ સમિતિ અને મંદિર તરફથી આ મહોત્સવ પ્રસંગે પ્રકાશિત કરેલ ધર્મશાસ્ત્રનો ગ્રંથ, શ્રીજી મહારાજની મૂર્તિ MP3 કેસેટો, મહોત્સવના સ્મૃતિચિહ્નથી અંકિત કરેલ સુંદર શાલ વગેરે પહેરામણી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આવા સન્માન પ્રસંગ બાદ એક વખત પૂજ્ય મોટા મહારાજશ્રીએ પોતાના આશીર્વાદ ઉદ્‌બોધનમાં હળવાશ ભર્યા આનંદિત વાતાવરણમાં રમૂજ કરતા જણાવ્યું કે, "આ મહોત્સવમાં જે સત્સંગી હરિભક્તોએ સેવા કરી છે તે દરેકનું આ પહેરામણી દ્વારા સન્માન કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમમાં અમે અમારી પાસેની શ્રીજી મહારાજની પ્રસાદીની અમૂલ્ય વસ્તુઓ સમર્પિત કરી છે ત્યારે અમને પહેરામણીમાં આપ સર્વે શું આપશો ?" આવી રમૂજ બાદ પૂજ્ય મોટા મહારાજશ્રીએ તરત જ જણાવ્યું કે, "આપ સર્વેએ અમને આજ દિન સુધી સંપૂર્ણ સમર્પિત ભાવ સાથે જે પ્રેમ, સ્નેહ, લાગણી અને આ મહોત્સવમાં તન, મન, ધનની સેવા તેમજ આ મ્યુઝિયમમાં જે પ્રસાદીની વસ્તુઓ અમને સમર્પિત કરી છે એ જ અમારા માટે સૌથી શ્રેષ્ઠ પહેરામણી છે." પૂજ્ય મોટા મહારાજશ્રીના આ વચનો સાંભળી સમગ્ર સત્સંગ સમાજ ભાવવિભોર બની ગયો હતો અને પૂજ્ય મોટા મહારાજશ્રી પણ એમના આ અંતરના ઉદ્‌ગારો રજૂ કરતી વખતે ભાવવિભોર બની ગયા હતાં. આ સમયે મહોત્સવ સમિતિના અગ્રણી સંતો, હરિભક્તો અને મંદિરના ટ્રસ્ટીશ્રીઓ વગેરે એ પૂજ્ય મોટા મહારાજશ્રીનું ફૂલહારથી અભિવાદન કરવાનું હતું અને આ અભિવાદનમાં સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાની લાલ પાઘ મસ્તક પરથી ઉતારી જે રીતે પૂજ્ય મોટા મહારાજશ્રીના પૂનિત ચરણ કમળમાં પ્રણામ કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને પ.પૂ. ૧૦૮ લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પણ એવી જ રીતે પૂજ્ય મોટા મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા એ દિવ્ય દૃશ્યના દિવ્ય દર્શન સમગ્ર સત્સંગ સમાજે કર્યા એ સમગ્ર સત્સંગ સમાજ માટે આ સમગ્ર મહોત્સવનું મહામૂલું સંભારણું બની ગયું છે. આ દિવ્ય દર્શનથી સમગ્ર સત્સંગ સમાજના આંખમાં ભાવ વિભોરપણાના અશ્રુઓ વહી રહ્યાં હતાં અને પૂજ્ય મોટા મહારાજશ્રી પણ ભાવવિભોર બની ગયા હતા.

**(૬) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન સમારંભ :-**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ મહોત્સવ દરમ્યાન તા. ૮-૩-૨૦૧૧ ના રોજ સાંજે ૭-૦૦ થી ૯-૦૦ કલાક સુધી નારણપુરા વિસ્તારમાં આવેલ આપણા કાલુપુર મંદિર સંચાલિત ટર્ફ હાઈસ્કુલ સામેના આપણા મંદિરની માલિકીની વિશાળ જગ્યામાં તૈયાર કરવામાં આવેલ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમના શુભારંભ કાર્યક્રમનું મંગલ આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમના અભૂતપૂર્વ આયોજનના રંગારંગ કાર્યક્રમમાં લેસર શો, શ્રી ઘનશ્યામમહારાજ પ્રાદુર્ભાવ મહોત્સવ, શ્રી પંચાળાનો રાસ, શ્રી માણકી ઘોડી ઉપર સવાર થયેલ શ્રી ઘનશ્યામમહારાજ (શ્રી વિશાલ પાંડેજી - શ્રી સ્વામિનારાયણ સિરીયલમાં શ્રી ઘનશ્યામમહારાજનું પાત્ર ભજવનાર)ના સંતો - હરિભક્તો સાથે દર્શન, ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત સર્વે હરિભક્તો બાઈ-ભાઈ સર્વે દ્વારા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની સમૂહ આરતી, ઉદ્‌ઘાટન સમારંભના યજમાનશ્રી દ્વારા પરમપૂજ્ય મોટા મહારાજશ્રીને મ્યુઝિયમના સંકુલની ચાવી અર્પણ વિધિ, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી અને પૂજ્ય લાલજી મહારાજશ્રીની સાથે પૂજ્ય મોટા મહારાજશ્રી દ્વારા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વાર ખોલીને મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન, મ્યુઝિયમમાં પૂજ્ય આચાર્ય ત્રિપુટીનો પૂજ્ય સંતો અને હરિભક્તો સાથે મંગલ પ્રવેશ અને મ્યુઝિયમમાં આયોજન બદ્ધ રીતે અને વ્યવસ્થિત રીતે ગોઠવેલ શ્રીજી મહારાજની પ્રસાદીના દિવ્ય દર્શન.

**(૭) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની સમૂહ આરતીના દિવ્ય દર્શન :-**

ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉદ્‌ઘાટન પ્રસંગે હાજર રહેલ દરેક બાઈ-



ભાઈ સત્સંગી હરિભક્તો દ્વારા સમૂહ આરતીનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. રાત્રીના આશરે ૮-૩૦ થયા હતા અને આ સમૂહ આરતી સમયે અન્ય તમામ લાઈટો (જરૂર પૂરતી લાઈટો સિવાય) બંધ કરવામાં આવી હતી અને હજારો મીણબત્તીના દિવા દ્વારા સમૂહ આરતી કરવામાં આવી. આ સમૂહ આરતીના દર્શનની જે દિવ્યતા અને ભવ્યતા હતી તે અવર્ણનીય હતી. આ મ્યુઝિયમમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની જેટલી વસ્તુઓ હતી તે દરેક વસ્તુઓ એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય અને માનુષી લીલા ચરિત્રોના સ્વરૂપોના દિવ્ય દર્શન. આ અતિ મહત્વની બાબતના અનુસંધાન સાથે જોઈએ તો આ સમૂહ આરતી એટલે હજારો હરિભક્તો દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય અને માનુષી લીલા ચરિત્રોના દિવ્ય સ્વરૂપોની આરતી. આ આરતીનો લાભ લેનાર દરેક સત્સંગી હરિભક્તો ખૂબ જ ભાગ્યશાળી બની ગયા છે.

**(૮) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રીજીમહારાજની પ્રસાદીના દિવ્ય દર્શન :-**

સમગ્ર વિશ્વમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અદ્વિતીય અને અલૌકિક મહાતીર્થ સમાન આ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં મુમુક્ષુ જીવાત્માઓના દર્શન માટે રાખવામાં આવેલ શ્રીજી મહારાજની પ્રસાદીની દરેક વસ્તુઓ પૈકી કોઈપણ વસ્તુના દર્શન કરીએ અને આ પ્રસાદી વસ્તુના અનુસંધાન સાથે શ્રીજી મહારાજનું ધ્યાન કરીએ તો સાચા અને શ્રધ્ધાળુ મુમુક્ષુઓને શ્રીજી મહારાજના દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે. સરળતાથી સમજવા માટે જોઈએ તો શ્રીજી



મહારાજની પ્રસાદીની મોજડીના દર્શન કરીએ ત્યારે, આ મોજડી શ્રીજી મહારાજે પોતાના પુનિત ચરણ કમળમાં ધારણ કરેલ છે અને સાથે તમામ વસ્ત્રો અને મસ્તક ઉપર સુંદર પાઘ ધારણ કરી શ્રીજી મહારાજ ચાલી રહ્યા છે એવા માનુષી લીલાના દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે. એવી જ રીતે જ્યારે શ્રીજી મહારાજની દાઢ અને દાંત ખોતરવાની ચાંદીની સળીના દર્શન કરીએ ત્યારે જાણે સાક્ષાત્ શ્રીજી મહારાજ થાળ જમીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા છે અને ચાંદીની સળી વડે પોતાના દાંત ખોતરે છે એવી માનુષી લીલાના દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે અને સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી રચિત શ્રીજી મહારાજની સ્વાભાવિક ચેષ્ટાના પદ પણ યાદ આવી જાય છે :-

**પ્રેમાનંદનો નાથ ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;**
**દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને.**
**મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;**
**પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે.**

જેતલપુરના યજ્ઞમાં વિઘ્ન સંતોષીઓએ સીધા સામાનમાંથી ઘીના દેગડા દેવ સરોવરમાં ઠાલવી દીધા અને યજ્ઞમાં વિઘ્ન આવે એવા પ્રયત્નો કર્યા ત્યારે શ્રીજી મહારાજે ચર્મના કુંડલા દ્વારા દેવ સરોવરનું જળ ભરાય અને તેનું ઘી બની જાય જે યજ્ઞની રસોઈમાં વપરાય એવી દિવ્ય લીલા કરી હતી, તે ચર્મના ઘીના કુંડલાના દર્શન આ મ્યુઝિયમમાં કરીએ ત્યારે જાણે આ કુંડલું જેતલપુરના યજ્ઞ માટે અક્ષયપાત્ર બની ગયું એવા દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે.

જેતલપુરના યજ્ઞમાં રસોઈ માટે ઘઉંના લોટ દળવાની સેવા જેતલપુરની ગણિકાને આપી અને તેણે જે પથ્થરની ઘંટી દ્વારા ઘઉં જાતે દળી લોટની સેવા કરી તે બદલ શ્રીજી મહારાજે તેનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ કર્યું. આ પથ્થરની ઘંટીના મ્યુઝિયમમાં દર્શન કરીએ ત્યારે શ્રીજી મહારાજ કેવા અતિ દયાળુ હતા તેની અનુભૂતિ થાય છે અને સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી રચિત શ્રીજી મહારાજની સ્વાભાવિક ચેષ્ટાના પદ યાદ આવી જાય છે.

**અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;**
**પર દુ:ખ હારી રે, વારી બહુ નામીનો.**
**કોઈને દુખિયો રે, દેખી ન ખમાય;**
**દયા આણી રે, અતિ આકળા થાય.**
**અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુ:ખ ટાળે;**
**કરુણા દૃષ્ટિ રે, દેખી વાનજ વાળે.**



મ્યુઝિયમમાં શીરાના પ્રસાદના અક્ષયપાત્રના દર્શન કરીએ ત્યારે ગાંધીનગર જીલ્લાના ઉનાવા ગામે શ્રીરામદાસભાઈ પટેલને ત્યાં શ્રીજી મહારાજની પધરામણી થઈ હતી અને એમના થાળ માટે શ્રી મૂળજી બ્રહ્મચારીએ શીરો બનાવ્યો હતો. આ શીરો જે લોટામાં ભરીને અનેક આશ્રિતોને પિરસેલ હતો અને શીરો લોટામાંથી ખૂટ્યો ન હતો તે સંપૂર્ણ દિવ્ય લીલાના દર્શનની અનુભૂતિ થાય છે.

મ્યુઝિયમમાં મૂળી ધામમાં વસંત પંચમીના રંગોત્સવના દિવ્ય દર્શન કરીએ ત્યારે જાણે સાક્ષાત્ શ્રીજી મહારાજ મૂળી મંદિરના પ્રાંગણમાં સંતો હરિભક્તો સાથે રંગોત્સવ કરે છે એવા દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે.

મ્યુઝિમમાં વિજાપુરના વજીબાના ઘરનો દરવાજો અને પ્રસાદીના પીપળાના થડના દર્શન કરીએ ત્યારે શ્રીજી મહારાજે વજીબાના ઘરે મૂળજી બ્રહ્મચારી સાથે વૈરાગીના વેશે રાત્રિ રોકાણ કર્યું હતુ ત્યારે વજીબાના ઘરના પ્રાંગણમાં રાત્રિ દરમ્યાન પોતાના ચરણારવિંદ વડે પીપળાનું વૃક્ષ અને કૂવો પાંચ હાથ દૂર હડસેલી દીધો હતો તેવી દિવ્ય લીલાના દર્શનની અનુભૂતિ થાય છે અને ''ચરણ ચાંપી પીપળો ચલાવ્યો રે લોલ'' આ કીર્તન પણ યાદ આવી જાય છે.

મ્યુઝિયમમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગ શ્રીજી મહારાજે ધારણ કરેલ પીતાંબર - ધોતીના દર્શન કરીએ ત્યારે આજથી આશરે ૧૮૯ વર્ષ પહેલા શ્રી નરનારાયણદેવની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સ્વયં શ્રીજી મહારાજ ઉજવી રહ્યા છે. એવા દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે.

મ્યુઝિયમમાં શ્રી નરનારાયણદેવના જન્મજયંતી ઉત્સવ - પુષ્પદોલ ઉત્સવ - રંગોત્સવ પ્રસંગે શ્રીજી મહારાજે ધારણ કરેલ ધોતી - ખેસ અને કેડિયું તેમજ ચાંદીની પિચકારીના દર્શન કરીએ ત્યારે સાક્ષાત્ શ્રીજી મહારાજ સંતો હરિભક્તો સાથે શ્રી નરનારાયણદેવના મંદિરના પ્રાંગણમાં રંગોત્સવ ઉજવી રહ્યા છે એવા દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે.

મ્યુઝિયમમાં ડાંગરવા ગામના શ્રી વેણીરામભક્ત અને શ્રી જતનબાના ઘેર જે તાંબાની ગોરીમાંથી દૂધ, દહીં, ઘી અને માખણની અખંડ ધારા ભક્તજનો માટે વહાવી હતી અને ગોરી ભરેલી જ રહેલ હતી તે ગોરીના દર્શન કરીએ ત્યારે જાણે શ્રીજી મહારાજ આ ગોરીમાંથી ભક્તજનોને દૂધ, દહીં, ઘી અને માખણ જમાડી રહ્યા છે અને ગોરી ખાલી થતી જ નથી એવી દિવ્ય લીલાના દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે.

મ્યુઝિયમમાં લોખંડના ગોળાના દર્શન કરીએ ત્યારે કુંડાળ ગામના શ્રી કલા ભગતની શ્રીજી મહારાજે રક્ષા કરી હતી જેમાં આ કલા ભગતના ખેતરના પડોશી સાથે કોઈ તકરાર થઈ હતી અને તેમાં કલા ભગતની સચ્ચાઈ માટે આ લોખંડનો ગોળો અગ્નિમાં તપાવી લાલચોળ કરી પોતાના હાથમાં રાખે તો જ તેની સચ્ચાઈ સાબિત થાય. કલા ભગતે શ્રીજી મહારાજના સ્મરણ સાથે આ લાલચોળ લોખંડનો ગોળો પોતાના હાથમાં લીધો અને તેમને કાંઈ પણ ઈજા થઈ ન હતી એવી દિવ્ય લીલાના દર્શનની અનુભૂતિ આ લોખંડના ગોળાના દર્શન કરીએ ત્યારે થાય છે.

મ્યુઝિયમમાં કરજીસણ ગામના હરિભક્ત શ્રીગોવિંદભાઈના ઘેર શ્રીજી મહારાજ ૧૫ દિવસ સુધી સંતો હરિભક્તો સાથે રોકાયા હતા ત્યારે સૌને ઠાકોર જમાડવા માટેની ચિંતા ગોવિંદભાઈને થઈ ત્યારે એમનો સંકલ્પ જાણી શ્રીજી મહારાજે એમના ઘરમાં રહેલ અનાજની કોઠી ઉપરનું ઢાંકણું બંધ કરાવી દીધું અને કોઠીના તળિયાના કાણામાંથી અનાજ લેવું એવી આજ્ઞા ગોવિંદભાઈને કરી અને એમની ચિંતા દૂર કરી હતી. આ કરજીસણ ગામમાં શ્રીજી મહારાજ કુલ ૩૬ વખત સંતો હરિભક્તો સાથે પધાર્યા તો પણ આ કોઠીમાંથી અનાજ ખૂટ્યું ન હતું. એવી આ અક્ષયપાત્ર રૂપ કોઠીના દર્શન કરવાથી શ્રીજી મહારાજની એવી દિવ્ય લીલાના દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે.

મ્યુઝિયમમાં શ્રીજી મહારાજના ચરણારવિંદના દર્શન, શ્રીજી મહારાજની ચાખડી અને મોજડીના દર્શન, શ્રીજી મહારાજે ધારણ કરેલ પીતાંબર, ધોતી, ખેસ, કેડિયું, સુરવાલ, જામો, શાલ, પાઘ વગેરે વસ્ત્રોના દર્શન, શ્રીજી મહારાજની પૂજામાં વપરાતા વાસણો અને સાધનોના દર્શન, શ્રીજી મહારાજ થાળ જમતા તે વાસણોના દર્શન, શ્રીજી મહારાજના સમયના ચલણી સિક્કાના દર્શન, શ્રીજી મહારાજે ધારણ કરેલ સોનું, ચાંદી, હીરા વગેરે આભૂષણોના દિવ્ય દર્શન, શ્રીજી મહારાજના સમયે ભગુજી વગેરે પાર્ષદો દ્વારા વપરાતા શસ્ત્રોના દર્શન, શ્રીજી મહારાજના સમયના અશ્વો માટેના શણગારના દર્શન, શ્રીજી મહારાજના દિવ્ય હસ્તાક્ષરના



દર્શન, શ્રીજી મહારાજની કુંડળી જે ૧૫૦ અને ૧૮૦ ફૂટની લંબાઈ છે તેના દિવ્ય દર્શન, શ્રીજી મહારાજના સમયના લહિયા સંતો દ્વારા લખેલ અનેક હસ્તલેખિત ગ્રંથોના દર્શન, શ્રીજી મહારાજના સમયના સંગીત અને વાજિંત્રોના દર્શન, શ્રીજી મહારાજના સમયના વહેલાલ ગામના શ્રી જેશંગભાઈના માઢના અને તેના દાદરના દિવ્ય દર્શન, શ્રીજી મહારાજના સમયના જુદાં જુદાં ગાડા, સગરામઅને હાથીની અંબાડીના દર્શન, દેશ વિભાગના લેખના દર્શન, શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજથી લઈને શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ સુધીના દરેક આચાર્ય મહારાજશ્રીની સ્મૃતિઓના દિવ્ય દર્શન, પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ અને શ્રી લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, આ ત્રણેય દિવ્ય ત્રિપુટીના સચિત્ર જીવનના દિવ્ય દર્શન, શ્રીજી મહારાજના નખ, કેશ અને અસ્તિના દિવ્ય દર્શન, શ્રીજી મહારાજના સમયના ઈષ્ટદેવ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના દિવ્ય દર્શન, શ્રીજી મહારાજના ચરણારવિંદમાં દરેક ચિહ્નોની માહિતી આપતા કોમ્પ્યૂટરના દર્શન, શ્રી કુબેરસિંહને લખી આપેલ મુખત્યાર નામાના અને તેમાં શ્રીજી મહારાજના હસ્તાક્ષરના દિવ્ય દર્શન વગેરે શ્રીજી મહારાજની અનેક પ્રસાદીની વસ્તુઓના દિવ્ય દર્શન આ મ્યુઝિયમમાં થાય છે. છેલ્લે ઓડિટોરિયમમાં શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર - અમદાવાદ દ્વારા થતી અનેક વિધ સેવા પ્રવૃત્તિઓના દિવ્ય દર્શનની વિડિયો વિશાલ પડદા ઉપર દર્શાવવામાં આવે છે તે પણ આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં એક આગવું અને અનોખું મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

અહીં શ્રીજી મહારાજની પ્રસાદીની આશરે ૧૨૦૦ થી વધુ વસ્તુઓ પધરાવવામાં આવેલ છે. આ દરેક પ્રસાદીની વસ્તુઓના દર્શન એટલે શ્રીજી મહારાજના ૧૨૦૦ થી પણ વધુ દિવ્ય અને માનુષી લીલા ચરિત્રોના દિવ્ય દર્શન. સમગ્ર મ્યુઝિયમમાં પ્રસાદીની દરેક વસ્તુઓના ખૂબ ખૂબ અહોભાવ સાથે દર્શન કર્યા ત્યારે અંતઃકરણમાં ખૂબ જ શાંતિ અને ટાઢક પ્રસરી ગઈ. અંતરમાંથી એવા મનોભાવ વ્યક્ત થઈ ગયા કે સંપ્રદાયના આ મહાન તીર્થરાજના ઉદ્‌ઘાટન મહોત્સવમાં હાજર રહેવાનું અને સમગ્ર મહોત્સવના દિવ્ય દર્શન કરવાનું જે સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે મારા અને મારા જેવા અનેક મુમુક્ષુ જીવાત્માઓ માટે સમગ્ર મનુષ્ય જીવનનો અણમોલ અને સુવર્ણ અવસર બની ગયો છે.

જો પૂજ્ય મોટા મહારાજશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટેનો દિવ્ય સંકલ્પ થયો ન હોત તો આ મ્યુઝિયમમાં રાખવામાં આવેલ પ્રસાદીની વસ્તુઓના એક સાથે અને એક સ્થળે દિવ્ય દર્શન કોણ કરી શકે ? અને કેવી રીતે થઈ શકે ? આવા દિવ્ય સંકલ્પ કરવા બદલ અને આ સંકલ્પને મૂર્તિમાન કરવા માટે પોતાની પાસે ધર્મકુળ વંશ પરંપરાથી આવેલ પ્રસાદીની અમૂલ્ય અને અલભ્ય વસ્તુઓ અર્પણ કરવા બદલ શ્રી નરનારાયણદેવની ગાદીના વર્તમાન ધર્મકુળ-ધર્મવંશી આચાર્ય ત્રિપુટીના દિવ્ય ચરણોમાં સાષ્ટાંગ દંડવત સાથે કોટી કોટી વંદન કરું છું.

આ મ્યુઝિયમમાં અનેક પૂજ્ય સંતો અને પરમભગવદીય સત્સંગી હરિભક્તોએ પણ પોતાની પાસેની શ્રીજી મહારાજની પ્રસાદીની અમૂલ્ય અને અલભ્ય વસ્તુઓ પૂજ્ય મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પને ચરિતાર્થ કરવા માટે ખૂબજ પ્રેમથી સમર્પિત કરી છે. આ પૂજ્ય સંતો અને હરિભક્તો આ પ્રસાદીની વસ્તુઓના વેચાણથી લાખો અને કરોડો રૂપિયાઓ પ્રાપ્ત કરી શક્યા હોત તેમ છતાં આ પ્રસાદીની વસ્તુઓનું દૈવત્વ જાળવવા માટે તેમજ પૂજ્ય મોટા મહારાજશ્રીના અંતરના રૂડા આશીર્વાદ અને એમનો રાજીપો પ્રાપ્ત કરવા સાથે શ્રીજી મહારાજનો પણ રાજીપો પ્રાપ્ત કરવા માટે આ મ્યુઝિયમ માટે સમર્પિત કરી છે. આ દરેક પૂજ્ય સંતો અને હરિભક્તોના ચરણોમાં પણ કોટી કોટી વંદન કરું છું.

આ પૃથ્વી ઉપર શ્રીજી મહારાજના શિખરબંધ કે હરિમંદિરોમાં શ્રીજી મહારાજના જેટલા સ્વરૂપો બિરાજમાન થયા છે તેના કરતા પણ વધુ સ્વરૂપોના દિવ્ય દર્શન આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવવામાં આવેલ પ્રસાદીની વસ્તુઓ સાથે થાય છે એટલે જ આ મ્યુઝિયમને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના એકમેવ, અદ્વિતીય અને અલૌકિક મહા તીર્થરાજનું વિશેષણ આપવામાં આવેલ છે.



(૯) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સ્વમુખની સુમધુર અમૃતવાણી :-

વર્ષો પહેલા ટી.વી.ના માધ્યમ દ્વારા મહાભારતની સિરીયલનું પ્રસારણ કરવામાં આવતુ હતું. આ પ્રસારણના ઉદ્‌ઘોષક 'સમય' હતો. એટલે કે 'સમય' પોતે પાર્શ્વ ભૂમિમાં (પડદા પાછળ) રહીને જાણે પોતાના સુમધુર અને પ્રભાવશાળી કંઠ દ્વારા સમગ્ર મહાભારતના દરેક પ્રસંગોની જાણકારી આપતો હતો. આવી જ હકિકત શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉદ્‌ઘાટન સમારંભમાં સમગ્ર શ્રોતાજનો અને દર્શકોને પીરસવામાં આવી હતી. વિશાળ મંચ ઉપરના વિશાળ પડદામાંશ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ જાતે જ પોતે પાર્શ્વ ભૂમિકા (પડદા પાછળ) રહીને પોતાના સુમધુર અને પ્રભાવશાળી કંઠ દ્વારા પોતાના જન્મથી લઈને આજ દિન સુધીનો પોતાનો તમામ અહેવાલ રજુ કરેલ હતો. પ્રારંભના સમયમાં તો આ કોણ બોલે છે અને શું રજુઆત કરે છે તેની કોઈને ખબર પડી નહીં. પરંતુ થોડી જ ક્ષણોમાં જ્યારે સર્વેને જાણ થઈ કે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પોતે જ પોતાની રજુઆત કરે છે ત્યારે સર્વે ખૂબજ આનંદિત અને ભાવવિભોર બની ગયા હતા. આ રજુઆતમાં શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમે પોતાના જન્મદાતા અને પોતાના મૂર્તિમાન સ્વરૂપ માટે દિવ્ય સંકલ્પ કરનાર પ.પૂ. મોટા મહારાજશ્રી જે આભાર માન્યો હતો અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ પણ પોતાની સુમધુર અમૃતવાણી દ્વારા જે આત્મસંતોષ અને પરમ આનંદ વ્યક્ત કરવા સાથે પોતાના શુભશીર્વાદ પાઠવ્યા હતા તેના દર્શન અને શ્રવણથી સર્વે ખૂબજ ગદ્‌ગદિત થઈ ગયા હતા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એ સર્વજીવહિતાવહ સંપ્રદાય છે. સર્વે જીવના પરમ કલ્યાણ માટે આ લોકમાં પ્રાદુર્ભાવ પામનાર અક્ષરધામના અધિપતિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન માટે સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે :-

**અક્ષરથી પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યો મનુષ્યનો દેહ.**
**તેના દર્શન સ્પર્શ ક્યાંથી ? તે તો વિચારોને મનમાંથી.**

આ ઉપરાંત સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વયં શ્રીમુખે પોતાના સર્વોપરીપણા વિષે અને પોતાના અતિ દયાળુ સર્વજીવહિતાવહ સ્વભાવ વિષે જણાવે છે કે :-

**પછી પ્રભુજી બોલિયા, તમે સાંભળો સર્વે જન;**
**જ્યારે પ્રભુને પામીએ, ત્યારે સર્વે થયા સાધન.**
**પછી જે જે કરવું, તેહની તે કહું વાત;**
**ગુરુ-સંતાને ભજવા, શ્રીહરિ જે સાક્ષાત્.**
**મારા જનને અંતકાળે, જરુર મારે આવવું;**
**બિરુદ મારું એ ન બદલે, એ સર્વે જનને જણાવવું.**
**દાસના દાસ થઈને, જે રહે સત્સંગમાં;**
**ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.**
**તે માટે તમે સાંભળો, સત્સંગી સહુ નરનાર;**
**જે જે થાય છે જક્તમાં, તેનો બીજો નથી કરનાર.**
**સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ;**
**જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ.**
**એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું;**
**પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું.**
**નહિં તો તમે નચિંત રહેજો, કરવું તમારે કાંઈ નથી;**
**જે મળ્યા છે તમને, તે પર છે અક્ષરથી.**

વ્હાલા સત્સંગી હરિભક્તો, આપણને આ સંપ્રદાયમાં જે પ્રાપ્ત થયું છે તે અતિ અમૂલ્ય છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ જણાવે છે કે, ગાયકવાડ (રાજા)નો દીકરો મૂળા માટે રડે ? આ કળિયુગમાં આવી જ કાંઈક આપણી માનસિક પરિસ્થિતિ છે. આપણી પ્રાપ્તિના મૂલ્યાંકન માટે અને આપણા જીવાત્માનું સહેજે સહેજે સરળતાથી પરમ કલ્યાણ થાય એવા આ સંપ્રદાયમાં આપણા સૌના લાડીલા, વહાલા અને જીવન પ્રાણ સમાન પરમપૂજ્ય મોટા મહારાજશ્રીએ આપણા સૌ ઉપર અપાર દયા અને કરુણા કરીને આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ અર્પણ કરી આપણા જીવાત્માના પરમ કલ્યાણ માટેના દ્વાર ખોલી આપ્યા છે. આ પ્રસંગ માટે અને આ સમય માટે શ્રી નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો :-

**હશે જીવને જાવાનું બીજે રે, જાવું પડશે રીઝે ખીજે રે.**
**એવો અભાગી કોઈ ન કહેવાય રે, જે આ સમા માં રહી જાય રે.**

આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સમગ્ર ઉત્સવ પૈકી કોઈપણ પ્રસંગ અથવા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની કોઈપણ પ્રસાદી કોઈપણ જીવાત્માને અંતકાળે યાદ આવી જાય તો એ યાદ સાથે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન યાદ આવી જાયજ ત્યારે વચનામૃતમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલ વચન સાર્થક થાય અને જીવાત્માનું પરમ કલ્યાણ થાય એવી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન, ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવ, પરમપૂજ્ય મોટા મહારાજશ્રી, પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી અને પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીના ચરણ કમળમાં કરબદ્ધ પ્રાર્થના સાથે વિરમું છું. જય સ્વામિનારાયણ.



# મ્યુઝિયમમાં આવતા દર્શનાર્થીઓના આ છે મ્યુઝિયમ અંગેના અભિપ્રાય

આભાર -

જય સ્વામિનારાયણ સાથે જણાવવાનું કે અમે પ્રસાદી ની વસ્તુ જોઈ દર્શન કરી ખૂબ જ આનંદ થયો. અને અમને સંતકાળે પ્રસાદી ની વસ્તુ યાદ આવી જાય તો ગામે તેને મહારાજ અક્ષરધામથી તેડવા આવે. અમે મહારાજની હૈયાતી ના દર્શન થાય છે. આવી પ્રસાદીની વસ્તુના હંમેશા હૃદયપૂર્વક દર્શન થાય તેવી મહારાજ પાસે પ્રાર્થના.

લિ.
ચોરસિયા કિશોરભાઈ વાલજીભાઈ
જી. જુનાગઢ ~~રાજકોટ~~, તા. મેંદરડા
ગામ : પીપળાવા.
મો.નં. ૯૮૨૫૨૨૬૦૦૬.

---

અતિ સુંદર. શબ્દો ઓછા પડે છે.
પ.પૂ. મોટામહારાજશ્રીના ગ્રંથાગાર હોસે.
" અદ્ભુત શુરુઆત. બહુ મહેરબાની "
N. J. Acharya
Morbi.
.........

---

22-3-2011

[illegible] પ્રસાદીની વસ્તુઓ જોઈ દર્શન કરીને ઘણો આનંદ [illegible]
[illegible]
[illegible]

---

હરિ ૐ।

આજે અચાનક આવવાનું થયું. આ નિર્માણ આપણા જીવનમાં સંસ્કાર અને સંસ્કૃતિનું સિંચન કરવામાં બહુમૂલ્યવાન છે. દરેક સંપ્રદાયના ઋષિઓ આ રીતે પૂર્વપરંપરાગત ઋષિઓના સંસ્કારો આજના યુગ પ્રમાણે પ્રસ્તુત કરે તો સમાજ ઉપયોગી બનશે.

આ કોઈ મ્યુઝિયમ આપણા જ ઋષિનું સ્થાન છે.

હજુ પણ વિશેષ પ્રભાવક વિચારોને પૂ. આચાર્યશ્રી તેમ આપે તેવી અપેક્ષા.

મુનિ દિવ્યચંદ્ર. પૂ. ........
૯૮૨૫૪૭૦૯૮૫

---

22 Mch 2011

Jay Swaminarayan
What an amazing accomplishment!
Congratulations to everyone that contributed with તનમન અને ધન.
For all of us this is the greatest gift that Our Mota Maharajshree has given us. With the Grace of our Acharya Maharaj we are all preriledged & have been lucky to witness this great Mandir - The Swaminaryan Musem.

Thank you -

Sincerely, Joshi
Vishnubhai
Boston Mandir, U.S

---

**COMMENTS & SUGGESTIONS**

| | | | |
|---|---|---|---|
| | | | JSW |
| 27/3/2011 | SURESH H PATEL<br>57 MESSINA CT. SHREWSBURY PA 1361 | 0044 7768 271929 | Very impressed with the whole thing. |
| 1/4/2011 | SANJIV J PATEL LEICESTER, UK<br>24 LADY HAY ROAD, LE3 9QW | | Would like to come back to view it again & when the complex is fully complete. Thank you for such a memorable experience. |
| | | 26300020 | excellent, a unique museum |
| 7-4-11 | Amit Ambalal | | only one of its kind in India |

# શ્રીહરિને રાજી કરવાનું શ્રેષ્ઠ સાધન એટલે સેવા

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

ભગવાનને રાજી કરવાના શાસ્ત્રોમાં અનેક સાધનો કહ્યાં છે. પરંતુ શાસ્ત્રો દ્વારા અને પ્રત્યક્ષ અનુભૂતિથી એવું જણાય છે કે ભગવાનના સંબંધ વાળી સેવા એ ભગવાનને રાજી કરવાનું શ્રેષ્ઠ સાધન છે. સૌ પ્રથમ શાસ્ત્રો અને તેમાં પણ શ્રીહરિ લિખિત અને શ્રીજી સ્વરૂપ એવી શિક્ષાપત્રી પર દ્રષ્ટિ કરીએ તો શ્રીહરિ શિક્ષાપત્રી શ્લોક નં. ૧૨૧ માં લખે છે,

मतं विशिष्टाद्वैतं मे गोलोकोधाम चेप्सितम्।

तत्र ब्रह्मात्मना कृष्ण सेवा मुक्तिश्च गम्यताम् ॥

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું. અને તે ધામને વિશે બ્રહ્મરૂપે રહીને, જે શ્રી કૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું.

વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે મલિન વાસના સેવાથી કપાઈ જાય છે. ઉકા ખાચરના નામનો ઉલ્લેખ કરીને પ્રભુએ કહ્યું કે પ્રેમથી ભગવાનની અને ભગવાનના ભક્તની સેવા કરવાથી મલિન વાસના માત્રનો નાશ થઈ જાય છે. ગ.મ.પ્ર. ૪૧ માં શ્રીહરિ કહે છે, "ભગવાન તથા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી તથા તો પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભકિતએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારું ન કરવી." ગ.પ્ર.પ્ર. ૩૧ માં



પણ શ્રીહરિએ સેવાના અંગવાળા ભક્તને શ્રેષ્ઠ કહ્યો છે. ગ.પ્ર.પ્ર. ૪૩ માં કહ્યું છે કે, જે ભક્ત ચતુર્ધા મુકિતને પણ નથી ઈચ્છતો ને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે છે તે નિષ્કામભક્ત કહેવાય છે..... અને એવા જે નિષ્કામ ભક્ત તેમને ભગવાન પોતાની સેવામાં રાખે છે. અને તે ભક્ત નથી ઈચ્છતા તો પણ બળાત્કારે ભગવાન એને પોતાના ઐશ્વર્ય સુખને પમાડે છે. ગ.મ.પ્ર. ૬૩ માં કહ્યું છે કે જીવને બળ પામવાને અર્થે ભગવાનને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી. ભગવાનને ભગવાનના ભક્ત તેને અર્થે જે સેવા બની આવે એ જ અતિશે શ્રેષ્ઠ સાધન છે. સત્સંગની મા નું બિરૂદ પામેલા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી પણ કહે છે કે, "નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો" જેમ નીચી સેવા એમ ભગવાન વધારે રાજી થાય છે.

શ્રીહરિ ચરિત્રામૃત સાગરમાં કહ્યું છે કે સમાધિ ધ્યાન, ધારણા, જપ, તપ, તીર્થ, દાન, પુણ્ય અને આત્મનિષ્ઠા, એ બધાય સાધનોનું ફળ સેવા છે. સેવા વિનાના સાધન કરે તે ફળ વિનાના વૃક્ષ જેવા છે. ચિત્રકેતુ, ઈન્દ્ર વગેરે ઘણાય દેવ તથા મનુષ્યોએ સેવાથી મોટાઈ મેળવી છે. એક દિવસ પણ શ્રીહરિની સેવા કરનાર કૃતાર્થ થાય છે. ભરતખંડમાં મનુષ્ય તન પામી હરિ સેવામાં ક્યારેય યોગ ન આવ્યો તો બ્રહ્માંડ જેટલું કનક મળે તો પણ છૂટી પડ્યું છે. જેણે હરિની સેવા કરી છે તે પળે પળે બ્રહ્માંડ જેટલું સોનું કમાયો છે.










પાટોત્સવ - અભિષેક







## સમુહ મહાપૂજા













## સાંસ્કૃતિક-કાર્યક્રમ
















## મહોત્સવની યાદગાર પળો

















જય સદ્‌ગુરુ સ્વામી....















સન્માન















# ભોજન શાળા









હરિની સેવાથી સેવા કરનારનું માયિક તન દિવ્ય થઈ જાય છે. મોક્ષનું જ્યાં થાણું હોય ત્યાં પોતાનું ધન, તન અર્પણ કરીને સેવા કરવી જોઇએ.

મોક્ષનું થાણું એટલે સરળ ભાષામાં જોઈએ તો મોક્ષનું સ્થાન. શ્રીહરિએ સત્સંગમાં દેવ તથા આચાર્યને મોક્ષના સ્થાન કહ્યાં છે. દેવ તથા આચાર્યશ્રીના નિમિત્તથી સત્સંગમાં ઉત્સવ-સમૈયા થતા હોય. ઉત્સવ સમૈયામાં ગાદી પરના આચાર્યશ્રીની આજ્ઞા-આશીર્વાદ ભળેલા હોય તેવા ઉત્સવ સમૈયામાં એક સાથે અનેક ભક્તજનોને તન, મન, ધનથી સેવા કરવાની તક સાંપડે છે. આ તક જે ઝીલી લે છે તે ધન્ય ભાગી બની જાય છે. વળી અમુક ઉત્સવ સમૈયા તથા સત્સંગના કાર્યો એવા હોય છે કે જેમાં ગાદી પરના ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞા તથા આશીર્વાદ જ નહી પરંતુ આચાર્યશ્રી તથા સમગ્ર ધર્મકુળ તેમાં ભળેલું હોય છે. આવા ઉત્સવો તથા સત્સંગના આવા કાર્યોમાં જેઓ સેવા કરે છે તેઓ શ્રીહરિના રાજીપાનું પાત્ર કેમ ન બને! અર્થાત્ બને જ!!!

શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનથી સમયાંતરે આ પ્રકારના અનેક દિવ્ય ઐતિહાસિક ઉત્સવો ઉજવાતા રહે છે. જે પૈકી છેલ્લે તાજેતરનો ઉત્સવ એટલે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ. મ્યુઝિયમ નિર્માણમાં હજારો નાના મોટા ભક્તજનોએ તન, મન, ધનથી સેવા કરી તેવી જ રીતે ઉત્સવમાં પણ હજારો ભક્તોએ તે પ્રકારની સેવા કરી અને શ્રીહરિની પ્રસન્નતાનું પાત્ર બન્યા. ધનથી સેવા કરનારને મોટા ભક્તો કહ્યા છે. કારણ કે ધન વિના નથી સત્સંગનું કોઈ નવીન કાર્ય થતું કે નથી ઉત્સવ સમૈયા થતા. પરિશ્રમ વિના ધન કોઈને પ્રાપ્ત થતું નથી અને એ ધન ધર્મ કાર્ય અર્થે વાપરવું એ પણ બહુ મોટો ત્યાગ છે. શ્રીહરિ પ્રત્યે શ્રધ્ધાનું પ્રતિક છે. તનથી સેવા કરવી એ પણ પોતાના ઈષ્ટદેવ પ્રત્યે અડગ શ્રધ્ધાનું પ્રતિબિંબ છે.

દરેક ઉત્સવોમાં મહોત્સવ સ્થળ પર વિજય સ્તંભની સ્થાપના થાય ત્યારથી જ વિવિધ સેવામાં ભક્તજનો જોડાઈ જતાં હોય છે. અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળના સભ્યો પણ સ્થળ પર દરરોજ સેવાભાવી ભક્તજનોને દર્શન આપવા તથા મહોત્સવને સાકાર કરવા પધારતા હોય છે. પ્રથમ મેં સેવા અંગે શાસ્ત્રોના માધ્યમથી તેની મહત્તા કહી, હવે તેની અનુભૂતિ લખું છું. મહોત્સવ સ્થળ પર ભક્તજનો જુદા જુદા પ્રકારની શારીરિક સેવામાં મશગૂલ હોય, કોઈ વાળતા હોય, કોઈ ઈંટો કે ટાઈલ્સ ફેરવતા હોય, કોઈ યજ્ઞશાળામાં લીંપતા હોય, પ.પૂ. મહારાજશ્રી પધારે એટલે આ પ્રકારની વિધ વિધ સેવા જોઈને તેઓશ્રી ભક્તજનો સામે જોઈને બે હાથ જોડે! ત્યારે એવું લાગે કે, જાણે ભક્તની સેવા જોઈને ભગવાનને ભક્ત સામે હાથ જોડીને પોતાની મહત્તમ પ્રસન્નતા-રાજીપો વ્યક્ત કર્યો. અહીં મેં ભગવાન શબ્દ વાપર્યો એ પણ કોઈ કાલ્પનિક શબ્દ નથી. કારણ કે આપણા શાસ્ત્રોમાં સ્વયં શ્રીહરિએ ધર્મવંશી આચાર્યશ્રીને પોતાના અપર સ્વરૂપે કહ્યાં છે.

ઉત્સવના આગળના દિવસે તથા ઉત્સવના છેલ્લા દિવસે એમ બબ્બે દિવસ પ.પૂ. મહારાજશ્રીએ સ્વયંસેવકોની સભા બોલાવીને ખૂબ આશીર્વાદ આપ્યા-આશીર્વચનો કહ્યા. બન્ને સભામાં તેઓશ્રીએ નિહાળેલ સેવાના એક સુંદર દ્રશ્યનો પુનરાવર્તનથી ઉલ્લેખ કર્યો. પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વચનમાં કહ્યું કે, અમે સવારના એક દિવસ યજ્ઞ શાળા જોવા ત્યાંથી પસાર થયા તો જોયું કે પાંચ વરસની એક નાની દીકરી હાથમાં સાવરણી લઈને યજ્ઞશાળામાં વાળતી હતી. તે દીકરી ને તો ધન્ય છે. પરંતુ આટલી નાની ઉંમરમાં સેવાના આવા સંસ્કાર આપનાર તેના માતા પિતાને પણ ધન્ય છે. આવા સંસ્કારથી જ ભાવિ પેઢી સત્સંગમાં સુરક્ષિત છે. સેવાનું આ દ્રશ્ય એવું હતું કે તે નિહાળીને અમારા શરીરના રૂંવાડા ઉભા થઈ ગયા! મહોત્સવ જોવા આવનાર એ તો આપણા મહેમાન હતા. પરંતુ સેવા કરનાર તમે સૌ તો સાચા અર્થમાં ઘર ધણી છો.

આશીર્વચનની વાત આવી છે તો પ.પૂ. મહારાજશ્રીના મુખેથી ઉચ્ચારાયેલા કેટલાક સત્સંગ સમાજ માટે દિશા સૂચક વાક્યો લખુ છું. પ.પૂ. મહારાજશ્રી કહે, આજે કેટલાક દ્વેષીજનો શ્રીનરનારાયણદેવની મૂર્તિને પૂજાની પેટીમાંથી કઢાવી

નાંખે છે અને એવું કહે છે કે શ્રી નરનારાયણદેવને માનશો - પૂજશો તો બદ્રિકાશ્રમમાં જશો. અક્ષરધામમાં નહીં જવાય. શ્રીજી મહારાજે વચનામૃતમાં શ્રીનરનારાયણદેવને માનવા-પૂજવાની જે વાત કરી તેને અવળી કરીને કહેવું તે તો શ્રીજી મહારાજનો દ્રોહ છે. અને તેથી જ તેઓના ઉત્સવોમાં કોઈને સુખ આવતું નથી અને ઉત્પાતો થતા રહે છે. શ્રી નરનારાયણદેવના આશરામાં જ સુખ, સમૃદ્ધિ અને શાંતિ રહે છે. શ્રીનરનારાયણદેવનો આશરો રાખી ને બદ્રિકાશ્રમતો શું પણ નર્કમાં જવું પડે તો પણ તૈયાર છીએ. શ્રીનરનારાયણદેવ એ જ સ્વામિનારાયણ ભગવાન છે. વેદની પરંપરાને અનુસરીને મહારાજે ક્યાંય પોતાની સીધી જ મૂર્તિ પધરાવી નથી. પરંતુ વચનામૃતમાં શ્રી નરનારાયણદેવનું પ્રાધાન્ય પણું લાવીને પોતે જ તે સ્વરૂપે આપણને દર્શન આપે છે. શ્રી નરનારાયણદેવ કે શ્રી લક્ષ્મીનારાયણદેવ ને છોડીને કોઈ મહોત્સવો થતા હોય, જ્યાં દેવના લાભની વાત ન હોય તેવા કોઈ ઉત્સવોમાં અમે જતા નથી. શ્રી નરનારાયણદેવના દ્રઢ આશરાવાળા અમારા આ સંતો અને હરિભક્તોનું અમને ખૂબ ગૌરવ છે. અમારા હરિભક્તના કોઈ આવીને અમારી આગળ વખાણ કરે ત્યારે અમારી છાતી બે ઈંચ ફૂલે છે. અમારા સાધુ સોનાની થાળીમાં પકવાન જમે અને ઘાટા રંગેલા વસ્ત્રો પહેરે તો પણ એ ત્યાગી છે. કારણ કે અમારી આજ્ઞામાં રહીને તે મહંત વગેરે પદ ઉપર હોય કે ન હોય, પરંતુ સત્સંગની સેવા કરે છે. બીજા, વસ્ત્રો ગમે તેવા સાધુતા દેખાડવા પહેરતા હોય, ભૂખ્યા રહેતા હોય, તપ કરતા હોય પરંતુ તેઓની એક જગ્યાએથી બીજી જગ્યાએ બદલી કરાવી જો જો તો તેઓના ત્યાગીપણાનું માપ નીકળી જશે ! આપણી ટીકા થતી હોય તે ખૂબ સારી વાત છે. કારણ કે તે આપણી પ્રગતિ દર્શાવે છે. આપણી ટીકાથી આપણે જીવતા છીએ તે સાબિત થાય છે. મડદાને કોઈ મુક્કા મારવા જતું નથી. જીવતા હોય તેના ઉપર જ સૌ કોઈ પ્રહાર કરે છે.

પ.પૂ. મહારાજશ્રીએ મ્યુઝિયમ તથા ઉત્સવમાં સહયોગ આપનાર સૌ કોઈ સંત હરિભક્તો પર રાજી થઈને ખૂબ ધન્યવાદ તથા શુભ આશીર્વાદ આપ્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

### દર્શન સમય

મંગળવાર થી શુક્રવાર : સવારે ૧૦-૦૦ થી સાંજના ૬-૩૦

શનિવાર : સવારે ૧૦-૦૦ થી સાંજના ૭-૦૦

રવિવાર : સવારે ૧૦-૦૦ થી સાંજના ૭-૩૦

પ્રવેશ પાસ રૂા. ૨૦/- બાળકો માટે (૧૨ વર્ષથી નીચેના) રૂા. ૧૦/-

ગાડી પાર્કિંગ રૂા. ૨૦/- તથા સ્કૂટર પાર્કિંગ રૂા. ૧૦/-

**દર સોમવારે રજા રહેશે**

માહિતી માટે
ફોન : (૦૭૯) ૨૭૪૮૯૫૯૭

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા એ.ઈ.સી. ઝોનલ ઓફિસ પાછળ,
ટર્ફ સ્કુલ સામે, અમદાવાદ.



# સંપ્રદાયમાં સદા સ્મરણીય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

• - પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ-કચ્છ)



ભગવાન શ્રીહરિ સ્વયં કોઈ અનિર્ધારિત સમયે અને કોઈ એવા અલૌકિક સ્થળે કેટલીક ચોક્કસ પ્રકારની પ્રેરણા વ્યક્તિને અચૂક કરતા હોય છે. આવી પ્રેરણા કે પછી આંતર સૂઝને ઝીલવાનું સૌ માટે શક્ય નથી. પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીને આવી મ્યુઝિયમ બનાવવાની પ્રેરણા ઘણાં વર્ષો પહેલાં તેઓશ્રીને સત્સંગીને ઘેર પધરામણીએ જવાનું થયું ત્યાં ભગવાનના પ્રસાદીના માત્ર એક જ ચરણાર્વિંદ તેમણે નિહાળ્યા અલબત્ત તેમણે માત્ર એક પાદુકા બતાવી ત્યારે મહારાજશ્રી કહે, ''બીજી ક્યાં ?'' ત્યારે પરિવારના મોવડીએ જણાવ્યું કે, ''મહારાજ અમારા પરિવારમાં વહેંચણી થઈ તેથી તેના બે ભાગ કરી બન્ને પરિવારને વહેંચેલા છે.''

મોટા મહારાજશ્રી જણાવે છે કે, ''બસ તેજ દિવસે પ્રથમ વાર અમને વિચાર આવ્યો કે આપણા સંપ્રદાયમાં શ્રીજી મહારાજની અતિ મહામૂલી પ્રસાદીની દિવ્ય વસ્તુઓ છે, તેની જાળવણી કરવી. કારણ કે કાળે કરીને કોઈ ઘરમાં સત્સંગ ઘસાઈ જાય તો તે દુર્લભ વસ્તુઓની દુર્દશા થતી હોય છે. તેઓશ્રી વિશેષમાં વર્ણવે છે કે ''અમારા હૈયે ભગવાન શ્રી સ્વામિનારાયણની સાચી પ્રસાદી તેમણે ચીંધેલો માર્ગ છે, શાસ્ત્રો છે, શિક્ષાપત્રી ખુદ તેમનું સ્વરૂપ છે. સમકાલીન નંદ સંતોના કીર્તનોમાં શ્રીહરિ પ્રત્યક્ષ છે.''

ભગવાન સ્વયં ગરીબમાં ગરીબ વ્યક્તિ પ્રત્યે અપાર પ્રેમ દાખવતા. તેઓ ગામો ગામ વિચરતા ત્યારે નાના મોટા સૌને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના મળતા અને સેવા પણ સ્વીકારતા. ક્યારેક પોતે મોજમાં આવી જઈ, પોતાના આભૂષણો, કિંમતી વસ્ત્રો અંગત ઉપયોગની વસ્તુઓ અચાનક ભેટ આપી દેતા. આમ શ્રીજી મહારાજે ઉપયોગમાં લીધેલી, સ્પર્શેલી અને શ્રીજી મહારાજે સત્સંગીઓ કે ભક્તજનોને અર્પેલી સ્વ ઉપયોગમાં આવેલી ચીજ વસ્તુઓ, ચરણારવિંદો, કંઠી, માળા, બેરખા, વાસણો, ગાદી તકિયા, શાલ દુશાલા, ઝરિયન વાઘા, હસ્તપ્રતો, જે મુસાફરીમાં કામ લાગેલા હોય તેવા રેંકડા, ગાડાં, સુખપાલ, માણકી ઘોડીની રાશ, લગામ, ડાબલા, જીન, પેગડા આદિ ઉપરાંત શ્રીહરિના પીતાંબર, રજાઈ, તકિયા, ઢોલિયા, પૂજાના સાધનો, જેમાં ભોજન કર્યું હોય તે થાળી, વાડકા, પ્યાલા, લોટા આદિ અનેક ચીજ વસ્તુઓ જેમાં દિવ્યતા અને શ્રીહરિનું ઐશ્વર્ય આજે પણ સમાયેલું છે તે એકજ સ્થળે વર્તમાન જાળવણી પદ્ધતિ અનુસાર માત્ર મ્યુઝિયમ બનાવાય તો જ જાળવી શકાય આવી ઉચ્ચ પ્રેરણાના ફળ સ્વરૂપે શ્રીહરિએ સ્વયં મોટા મહારાજશ્રીના હૃદયમાં અવિરત રહીને આ મ્યુઝિયમનું નિર્માણ કરાવ્યું છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી તો ખાસ વર્ણવે છે કે, ''સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલ શ્રી નરનારાયણદેવ પીઠ માટે આયખું આપી દેનાર અમારા પૂ. પિતાશ્રીનો સંકલ્પ પરિપૂર્ણ કરવો તે આપણા સૌની ફરજ છે. આ મ્યુઝિયમ કોઈ એક વ્યક્તિનું નથી. અહિં માનવ માત્ર શ્રીહરિનું પ્રત્યક્ષપણું અનુભવશે. અહીં માત્ર ભૌતિક



વસ્તુઓનું પ્રદર્શન નથી ભગવાનના "પ્રસાદીધામ" નો સાક્ષાત્કાર છે."

મોટા મહારાજશ્રીને તેમના પિતાશ્રી પ.પૂ. દેવેન્દ્રપ્રસાદજીના અક્ષરવાસ બાદ તા. ૧૩-૧૦ ઈ.સ. ૧૯૯૯ ના રોજ તેમની ૨૫ વર્ષની વયે સત્સંગની જવાબદારી સ્વીકારી ત્યારથી મોટા મહારાજશ્રીએ સત્સંગ અભ્યુદાર્થે શ્રીજી મહારાજની જેમ ગામડે ગામડે દેશ વિદેશમાં જઈ અદ્‌ભુત અને અલૌકિક સત્સંગ વિકાસનું દુર્લભ કાર્ય કરતાં. ટાઢ તડકો જોયા વિના અવિરત કાર્ય કરી પોતાની જાતને ઘસી નાંખે છે. નિવૃત્તિમાં તેમને વિશેષ પ્રવૃત્તિમય રાખ્યા. તેઓશ્રી મ્યુઝિયમ નિર્માણના સ્થળ પર કલાકો સુધી રહીને પોતાની પ્રત્યક્ષ દેખરેખ તળે એન્જીનીયરો, સ્ટ્રકચર ડિઝાઈનરો, લાઈટ ડેકોરેટરો, કોન્ટ્રાકટરો સૌને શાંતિથી માર્ગદર્શન આપતા રહ્યા. વચ્ચે મોબાઈલ આવે અને એટેન્ડ કરે. અનેક મુંઝાયેલાઓને માર્ગદર્શન આપે, સાંત્વના આપે. આવા કાર્ય વચ્ચે મંદિરમાં નિયમિત દર્શન, કથા શ્રવણ કોઈ ઉત્સવ સમૈયા માટે પધરામણી માટે નિમંત્રે ત્યારે સ્નેહથી ત્યાં જાય, પરદેશમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, આફ્રિકા, ન્યુઝિલેન્ડ આદિ દેશોના અનેક ભક્તોના અતિ આગ્રહને માન આપી તેઓ ત્યાં પણ ભક્તજનોને રાજી કરતા રહે. અમદાવાદથી કચ્છ કારમાં આવે તો પણ ખાસા છ, સાત કલાકનો સમય વ્યતિત થઈ જાય. કચ્છમાં બાર માસ દરમ્યાન અસંખ્યાત સમૈયાઓમાં તેઓને નિમંત્રવામાં આવે અને સમૈયાની ઉજવણી બાદ પરત ફરે. ૬૭ વર્ષની આ જૈફ વયે કેટલો થાક મોટા મહારાજશ્રીના દેહને લાગ્યો હશે, તેની કલ્પના કરવી મુશ્કેલ છે.

મ્યુઝિયમ નિર્માણ કાર્યમાં તેઓએ ક્યાંય હાથ લંબાવ્યો નથી. શ્રીહરિએ જ સૌને પ્રેરણા કરી છે અને કરોડોના ખર્ચે આ મ્યુઝિયમનું નિર્માણ થયું એજ મહા મોટો ચમત્કાર છે. આ કાર્યમાં નાનામાં નાના પરિવાર, કામદાર વર્ગ, રોજંદારોએ પણ પોતાની બાંધી આવકમાંથી સ્નેહથી યત્કિંચિત ફાળો આપ્યો. એ બીજો મોટો ચમત્કાર છે.

મ્યુઝિયમનું બાંધકામ પોણા બે લાખ ચોરસ ફૂટ છે. જેમાં વિવિધ ૧૩ બ્લોક છે. ૩૧ હજાર ચોરસવાર ક્ષેત્રફળ પર મ્યુઝિયમઊભું છે. LED લાઈટ દ્વારા ૩૫% વીજ બચત થઈ રહી છે. સેન્ટ્રલાઈઝ સુરક્ષા પ્રણાલી અપનાવાઈ છે. વધુ ગરમી કે વધુ ઠંડીથી રક્ષવા દિવાલો વચ્ચે થર્મોકોલ, ડબલ ગ્લોઝ, ફલાયચેશ, ગ્લાસના આવરણો છે લાકડાનો ઉપયોગ અલ્પ કરાયો છે. સૂર્ય ઉર્જા અને પવન ઊર્જાથી વીજ ઉત્પન્ન કરી વપરાશ કરવામાં આવે છે.

અહિં વિશ્વભરના કલા પિપાસુઓ માટે સ્વકળા પ્રદર્શનાર્થે એકઝીબીશન હોલ ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. તો બીજી તરફ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રથમ વખત અહીં મ્યુઝિયમોલોજીના સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા તૈયારીઓનો પ્રારંભ થયો છે. પ્રિઝર્વેટીવ પદાર્થો દ્વારા પ્રસાદીની ચીજ વસ્તુઓ જાળવવામાં આવી છે જે દિર્ઘ કાળ સુધી રહેશે.

શ્રીજી મહારાજ સ્વયં વૃક્ષો વાવતા, કૂવા-તળાવો ગળાવતા. પર્યાવરણની જાળવણી કરતા. મ્યુઝિયમમાં એક હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જેની નિયમિત જાળવણી થઈ રહી છે. આ મ્યુઝિયમમાં શ્રીજી મહારાજના અતિ દુર્લભ હસ્તાક્ષર, તેમના નખ, કેશ, દાઢના પાવન કારી દર્શન થઈ શકે છે. આ દિવ્ય મ્યુઝિયમમાં શ્રીહરિ એ પોતાના અવતારી લીલા કાળ દરમ્યાન ઉપયોગમાં લીધેલી હજારો પ્રસાદીની ચીજ વસ્તુઓ અનંતકાળ સુધી પ્રેમી ભક્તોને, ધર્માનુંરાગીઓને સત્સંગીઓને દર્શન આપતીજ રહેશે.

પૂ. મોટા મહારાજશ્રી કહે છે કે, "આ મ્યુઝિયમ માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના વાડામાં બંધાયેલું નથી. તેના મૂળ તો સનાતન વૈદિક સંસ્કૃતિ સાથે અનુબંધિત છે. જેના દર્શન બાદ મુલાકાતીઓને સત્ ચિત્ત આનંદની અનુભૂતિ થશે. અમને તો અહીં ભગવાનનું પ્રત્યક્ષપણું અનુભવાય છે." તા. ૫ માર્ચથી ૯ મી માર્ચ સુધીના તમામ કાર્યક્રમો વૈવિધ્યસભર રહ્યા છે અને ઈ.સ. ૨૦૧૧ નું આ વર્ષ સંપ્રદાયની તવારીખમાં સુવર્ણ અક્ષરે લખાશે. માત્ર એક વખત સ્નેહ અને શ્રધ્ધાથી આપણે આ મ્યુઝિયમના દર્શન કરી મોક્ષભાગી બનીએ અને મોટા મહારાજશ્રીના પરિશ્રમને સાર્થક કરીએ.



# મ્યુઝિયમની મનોહરતા

- પ્રૉ. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

"વનરાજ ભગત..... ઓ ભગત.... મારે અત્યારે ને અત્યારે અબઘડી તાત્કાલિક પ.પૂ.ધ.ધુ.શ્રીને (મોટા મહારાજશ્રીને) મળવું છે." આમ બૂમો પાડતો પાડતો હું બપોરે લગભગ ત્રણેક વાગે પ.પૂ.ધ.ધુ.શ્રીના નિવાસ સ્થાને, કામ કરતાં કરતાં, ભોંયરામાંથી ઉપર સુધી આવી ગયો. પછી મને અચાનક સંપ્રદાયની રીતિનો ખ્યાલ આવ્યો અને એક જગ્યાએ ઊભા રહી ફરી બે ત્રણ વખત ઉંચ્ચ સ્વરે કરીને સાદ દીધો એટલે હજુરી સેવક પાર્ષદ વર્ય વનરાજ ભગત તીવ્ર ગતિથી ત્યાં આવ્યા અને મારી આંખોમાં અશ્રુધારા જોઈને મને કહ્યું કે, "ભાઈ ! આપની તબિયત તો સારી છે ને ? શું મુશ્કેલી ઊભી થઈ છે ?" મેં કહ્યું કે, ભગત ! આ મુશ્કેલી-દુઃખના આંસુ નથી પરંતુ અતિશય હેત અને આનંદને લીધે મારો અવાજ અને મારા મનની સ્થિતિ આવી જણાય છે." મારે પ.પૂ.ધ.ધુ.શ્રીને તત્કાળ અત્યારે જ મળવું છે." તેઓએ મને જણાવ્યું કે "ભાઈ, અત્યારે તો પ.પૂ.ધ.ધુ.શ્રી બહાર ગામ પધરામણીએ પધાર્યા છે અને રાત્રે મોડા આવશે." એટલે મેં તેમને ભગવાનશ્રી સ્વામિનારાયણના હસ્તાક્ષરવાળો પત્ર આપીને કહ્યું કે, "તમે આ પત્ર ખૂબજ સલામત રીતે તિજોરીમાં મૂકજો અને જ્યારે મહારાજશ્રી પાછા પધારે અને દિનચર્યાથી પરવારે એટલે આ પત્ર તેઓશ્રીના હાથમાં સોંપજો." વનરાજ ભગત એટલે તેજીલો તોખાર સેવામાં તત્પર, તેમને પત્રની મહત્તા સમજાવી હું સાંજે ઘેર પરત ફર્યો.

આ વાત છે આજથી થોડાંકજ વર્ષ પહેલાંની કે જ્યારે, પ.પૂ. મોટા મહારાજશ્રી પોતે, આચાર્યપદનો ભાર વહન કરી રહ્યાં હતાં. તેઓશ્રીની કૃપા અને આજ્ઞાથી મને તેમની અંગત હસ્તલિખિત પ્રતોની લાયબ્રેરી, પત્રો, કાગળો, પ્રસાદીની વસ્તુઓ વિગેરે તમામ બાબતોનું સંકલન અને યોગ્ય ગોઠવણી કરવાનું કાર્ય સોંપાયું હતું. અને તે દરમ્યાન તેમની ખૂબજ જુની પેટીઓમાંથી, મને એક વખત શ્રી સ્વામિનારાયણ ભગવાનના હસ્તાક્ષરવાળો પત્ર ઉપલબ્ધ થયો. અને મારું તન, મન રોમાંચિત થઈ ઊઠ્યું. એક અલૌકિક આનંદની લહેરખીએ મારા મનને ઘેરી લીધું. આ આનંદ-રોમાંચનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી. શ્રીજીની માધુરી મૂર્તિ અને પ.પૂ.ધ.ધુ.શ્રીના પ્રસન્ન ચિત્ત મુખારવિંદ બંનેની એક સાથે ઝાંખી થઈ રહી હતી અને તેના સિવાય મનમાં શૂન્યતા હતી. મને મારા હાથ-આંખો ઉપર વિશ્વાસ બેસતો ન હતો કે, પૂર્ણ પુરુષોત્તમનારાયણના હસ્તાક્ષરોને સ્પર્શ કરવા મારા હાથ ભાગ્યશાળી છે અને આંખોથી હું તે જ વાંચું છું ! મારા માતા-પિતાએ મારા જીવમાં રેડેલા સત્સંગના સંસ્કારોથી જ હું આ અતિ પુણ્યશાળી ક્ષણ પામી રહ્યો છું તેનો મને અહેસાસ થયો.

પ.પૂ.ધ.ધુ.શ્રી બીજા દિવસે પણ પધરામણી ઈત્યાદિકના કાર્યક્રમોમાં અતિ વ્યસ્ત હોવા છતાં પણ, મને સવારે ૬-૦૦ વાગે ફોન ઉપર ખૂબ રાજીપો વ્યક્ત કરતો ફોન કરી, તેમના દર્શને આવવાની રજા આપી. તાત્કાલિક હું ત્યાં પહોંચ્યો ત્યારે તેઓશ્રીના વદન ઉપર અતિ પ્રસન્નતા હતી અને બોલ્યા કે, "હિતેન્દ્રભાઈ ! તમે અમારી અને સંપ્રદાયની અમૂલ્ય સેવા કરી છે. મારા માથે તેઓ બંન્ને હાથ મૂકીને બોલ્યા કે, હિતેન્દ્રભાઈ, જે માંગવું હોય તે માગી લ્યો આજે હું તમને આપવા બેઠો છું." આ રાજીપો જોઈને હું દિગ્મૂઢ જેવો થઈ ગયો ! ક્યાં તે રાજા ભોજ અને હું ગાંગુ તેલી. નરનારાયણદેવ દેશના પીઠાધિપતિ એક સાદા હરિભક્તને માથે અમૃતના ઘડા ઢોળી રહ્યા હતા, એક પામર જીવને માથે બેસાડી રહ્યા હતા, એક રંકને ચક્રવર્તી રાજાનું માન આપી રહ્યા હતા ! મહત્તા લેનારની નહિ પણ દેનારની હતી. તેમની વાણીની મધુરતા, હેતાળ હસ્ત, અમૃત નિતરતી આંખો, વાત્સલ્યથી ભરપૂર હાવભાવ અને મુખારવિંદ ઉપરનું અતુલ્ય ઝળહળતું તેજ, આજે વર્ષો પછી પણ મને સ્હેજ પણ વિસરતું નથી. તેઓશ્રીએ મને બીજી-ત્રીજી વખત કહ્યું કે, "હિતેન્દ્રભાઈ, શું વિચારો છો માંગો.... નહિં માંગો તો પણ મારે તમને આપવું જ છે." ત્યારે મેં કહ્યું કે, "હે મહારાજ ! જો આપ મારી ઉપર ખૂબ રાજી થયા હો



તો, મારા અંતકાળે, ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે આપશ્રી આ લાલ પાઘ પહેરીને, આ પ્રસાદીનો પત્ર હાથમાં લઈને મને તેડવા આવજો.'' મહારાજશ્રી મને ખૂબ હેતથી ભેટી પડ્યા અને હર્ષાશ્રુ સાથે જણાવ્યું કે, ''હું નરનારાયણદેવને જરૂરથી આગ્રહભરી વિનંતી કરીશ કે તમારી મનોકામના જરૂર પૂરી કરે.'' અને ત્યારબાદ મને તેઓશ્રી તેમની સાથે જ શ્રી નરનારાયણદેવના દર્શને કાલુપુર મંદિરે લઈ ગયા. આ વરદાનનું બળ એટલું બધું છે કે હવે મને મારી અન્ય શારીરિક મુશ્કેલીઓ પણ અસર કરતી નથી.

માયિક સુખ પણ મોંઘા ઘણા,
ત્યારે અમાયિકનો કોણ આપનાર,
માટે સહજાનંદ સેવવા,
ઊર કરી વળી વિચાર.
જેહ સુખ જેહને ઘરે,
તે તો તેનું દિધું દેવાય,
તેહ વિના તોળી તપાસિયું,
લેશ પણ આપણે ન લેવાય.
(સાર સિધ્ધિ કડવું ૪૫, કડી ૫ અને ૬)

પ.પૂ.ધ.ધુ.શ્રી તો સ્વામિનારાયણ ભગવાનના દીકરા છે તેથી અક્ષરધામતો તેમનું ઘર છે અને તેથી જ તો આ સમર્થ વચન સિદ્ધ મહાપુરુષે પોતાના શિષ્યને આવું વરદાન દીધું.

ભગવાન સ્વામિનારાયણના હસ્તાક્ષરવાળો આ બ્રહ્માંડમાં, એક માત્ર આ પત્ર છે. પ.પૂ.ધ.ધુ.શ્રીએ આ પત્રના મોટા સંતોને દર્શન કરાવ્યા અને સર્વે મોટા સંતો પણ ખૂબજ રાજી થયા. ત્યારે પ.પૂ.ધ.ધુ.શ્રીએ વિચાર્યું કે આ અમૂલ્ય પ્રસાદીની વસ્તુઓનો લાભ મારે મારા સત્સંગીજનોને આપવો છે.

આ વિચાર એ જ અત્યારના આ સ્વામિનારાયણ મ્યુઝિયમની શરૂઆત. પોતે તો સંકલ્પ સિધ્ધ મહાપુરુષ છે. તેમ છતાં પણ તેઓશ્રીએ આ વિચાર પોતાના સુપુત્ર શ્રી લાલજી મહારાજશ્રીને જણાવ્યો અને ત્યારે તેઓએ પણ તેમાં સહભાગી થવાનું વચન આપ્યું. તેથી માત્ર સત્સંગી જનોના લાભાર્થે, સત્સંગની સેવાર્થે, પોતે લાલજી મહારાજશ્રીને સંપ્રદાયની ધુરા વહન કરવા મનાવી લીધા અને સર્વે સંતો-મહંતો તથા હરિભક્તોની સંમતિ મેળવી પોતે આચાર્યપદનો ત્યાગ કરી નિવૃત્તિ લીધી ! નિષ્કામભાવે સંપ્રદાયની સેવા કરવા પદ-પ્રતિષ્ઠાની જરૂર નથી તેવું તેમણે આચરણ દ્વારા જ પ્રસ્થાપિત કર્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસાદીની વસ્તુઓ વિષે, સ.ગુ.શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૪૮ કડી ૧૪થી ૧૮ માં લખે છે કે,

વળી અમારા અંગનું અંબર રે,
બહુ સ્પરશેલ સારું સુંદર રે.
એહ પ્રસાદીનું જેહ પટ રે,
મળે ટળે સર્વે સંકટ રે. ૧૪
એહ વસ્ત્ર અનુપમઅતિ રે,
થાય પૂજતાં પરમપ્રાપતિ રે.
અતિ મહાત્મય એનું અતુલ્ય રે,
કહો ક્યાંથી મળે એહ મૂલ્ય રે. ૧૫
જે જે અમારા સંબંધની વસ્ત રે,
ન મળે ગોતતાં ઊદે ને અસ્ત રે.
જણસ અમ સંબંધીની જે જે રે,
છે એ કલ્યાણકારી માની લીજે રે. ૧૬
તે તો રાખી છે અમે અપાર રે,
સહુ જન અરથે આ વાર રે.
નખશિખ લગી નિરધાર રે,
રાખી સ્પરશી વસ્તુ કરી પ્યાર રે. ૧૭
સ્પરશી ચીજ જે બહુ પરકારે રે,
અડી હોય જે અંગે અમારે રે.
તે તો સરવે છે કલ્યાણકારી રે,
માટે રાખી છે અમે વિચારી રે. ૧૮

સંપ્રદાયમાં આવી પ્રસાદીની વસ્તુઓ ઘણી છે પરંતુ તેની યોગ્ય જાળવણી અને સંભાળ જરૂરી છે. પ.પૂ.ધ.ધુ.શ્રીના સંકલ્પ પ્રમાણે તૈયાર થયેલ આ મ્યુઝિયમમાં તેની વૈજ્ઞાનિક ઢબે જાળવણી થશે તે મુખ્ય બાબત છે. પ.પૂ.ધ.ધુ. શ્રીએ સર્વે સંત હરિભક્તોને પોતાનો વિચાર જણાવ્યો અને શ્રીહરિની ઈચ્છાથી અનેક સંત હરિભક્તોએ સ્વેચ્છાપૂર્વક, ખૂબ પ્રેમથી પોતાની પાસેની પરંપરાની પ્રસાદીની વસ્તુઓ મ્યુઝિયમમાં



પધરાવવા માટે પ.પૂ.મોટા મહારાજશ્રીને અર્પણ કરી. મોટેરા સંતોએ તેમાં સાથ પૂરાવ્યો અને હરિભક્તોને સાચી સમજણ આપી સત્કાર્યમાં પ્રેરણા આપી. પછી તો જ્યાં જ્યાં પ.પૂ.ધ.ધુ.શ્રીની પધરામણીઓ થઈ ત્યાં ત્યાં મ્યુઝિયમને અર્થે આર્થિક દાનનો પ્રવાહ શરૂ થયો. વિદેશના હરિભક્તોએ ખૂબ આગ્રહ કરીને મહારાજશ્રીને પોતાને ત્યાં પધરામણી કરવા તેડાવ્યા. અને પ.પૂ. મહારાજશ્રીએ પણ પોતાના દેહની પરવા કર્યા વિના રાત્રે બે વાગ્યા સુધી પધરામણીઓ કરી અને હરિભક્તોને રાજી કર્યા. આ વિચરણ દરમ્યાન ખાવા-પીવા-સૂવાનો સમય જળવાતો નહિ અને મહિનાઓ સુધી દિવસના સતત ૧૮ કલાક તેઓશ્રીએ પરિશ્રમ કર્યો. હરિભક્તો પાસે માંગણી કર્યા સિવાય, તેઓ યથાશક્તિ ઈશ્વર ઈચ્છાએ જે આપે તે લઈને, તેને આશીર્વાદ દઈને તેને રાજી કરે. જેમણે આજીવન અયાચક વ્રત રાખેલું તેઓએ હરિભક્તોના આત્યંતિક કલ્યાણની કેડી તૈયાર કરવા માટે, સૌને કલ્યાણના અધિકારી બનાવવા માટે નાના ભૂલકાંઓનો એક રૂપિયાથી માંડી મોટા દાનેશ્વરીઓના દાનની રકમ સ્વીકારી અને તે માટે અવિરત દાખડો કર્યો. માત્ર તેઓશ્રીનો દાખડો, શુભ દિવ્ય સંકલ્પ અને શ્રીહરિની પ્રેરણા માત્રથી જ અનેક સંતો હરિભક્તો પાર્ષદોએ પોતાની પાસે રહેલી પ્રસાદીની વસ્તુઓ તેમના ચરણોમાં સમર્પી દીધી. એક ગૃહસ્થ તરીકે આપણે જાણીએ છીએ કે, વ્યવહાર માર્ગમાં કોઈની પાસેથી એક રૂપિયો કઢાવવો કેટલો મુશ્કેલ છે. જ્યારે અહીં તો, લાખો રૂપિયાના દાન વગર માંગે, વગર તક્તીઓ મૂકે, દાતાશ્રીઓ તેમને સમર્પિત કરતા. અમૂલ્ય એવી પ્રસાદીની વસ્તુઓ પોતાના વંશ વારસોને બદલે તેઓશ્રીને સમર્પિત કરતા. તેઓશ્રીની આભા અને સ્નેહ નીતરતા નયનો જ હરિભક્તોને શાતા આપતા. આજ શ્રીહરિનો એક મોટો પરચો કે, આ સંકલ્પ સિધ્ધ મહાપુરુષ વગર આટલું મોટું ભગીરથ કાર્ય અશક્ય છે.

મ્યુઝિયમના પાયામાં જ ત્યાગ છે. જે મહાપુરુષ ગાદી ત્યાગ કરીને, તેના નિર્માણ કાર્યમાં ખૂંપી ગયા હોય, વર્ષો સુધી તે જ સ્થાનકે સવાર સાંજ બિરાજીને યોગ્ય માર્ગદર્શક બન્યા હોય, અવારનવાર પૂજાપાઠ, અનુષ્ઠાન કથા-પારાયણ જ્યાં થયું હોય તે સ્થાનક શ્રીજી સંસ્થાપિત મંદિરોથી એક તસુ પણ ઓછું નથી. શ્રીજીમહારાજ પ્રસાદીની વસ્તુ પોતે જ અલૌકિક છે. તેમાં શ્રીજીમહારાજ નો સાક્ષાત્ વાસ છે અને જ્યારે તેવી વસ્તુ આચાર્યશ્રી દ્વારા જ પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે તેની અમૂલ્યતા બેવડાઈ જાય છે. મ્યુઝિયમની ઈંટે ઈંટમાંથી સંત હરિભક્તોની સેવાની સુવાસ આવે છે. નિર્માની ભક્તજનોની સેવા તેને ગૌરવતા બક્ષે છે. મૂક સેવકોનું મૌન ત્યાં પડઘા પાડે છે!

આ મ્યુઝિયમ કોઈ પ્રદર્શનનું સ્થાન નહિ, પણ દર્શનનું સ્થળ છે. અહીં માત્ર મૂર્તિ જ નહીં, પણ શ્રીજીના સ્વરૂપને પંચ ભૌતિક દેહનો સ્પર્શ પામેલ અંબર-પાત્ર આદિક વસ્તુઓ છે. એટલું જ નહિ પરંતુ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના પંચ ભૌતિક દેહના અવશેષ રૂપ અસ્થિ, નખ-કેશ, દાઢ ઈત્યાદિક છે. જેના દર્શન માત્રથી જ એક અલૌકિક આનંદ, રોમાંચ તન-મનમાં વ્યાપી જાય છે. શ્રીજી મહારાજ પોતે તો પંડિત હતા તે તો વચનામૃત ગ્રંથમાં તેમણે અવારનવાર જુદા જુદા શાસ્ત્રોના ટાંકેલા શ્લોકો ઉપરથી જ આજે પણ ખ્યાલ આવે છે. શાસ્ત્રો પ્રમાણે તેઓશ્રીએ જીવનમાં ચાર જ વખત કાગળ ઉપર લખાણ સ્વહસ્તે કર્યું છે. એક તો બાલ્યાવસ્થામાં સત્ શાસ્ત્રનો ગૂટકો તૈયાર કર્યો, બીજો રામાનંદ સ્વામી ઉપર કાગળ લખ્યો, ત્રીજું શિક્ષાપત્રી લખી અને ચોથું અમદાવાદ મંદિર માટે વહીવટી કાર્ય અંગે પત્ર લખ્યો. કાળક્રમે કરીને અત્યારે, પ્રથમ ત્રણ ઉપલબ્ધ નથી. અને એક માત્ર આ પત્ર વર્ષોથી શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના આચાર્ય પરંપરામાં તે જળવાઈ રહ્યો છે. આ અમૂલ્ય પત્ર પણ તેઓશ્રીએ સત્સંગ સમાજને અર્પણ કરી દીધો ! પ્રસાદીની સર્વે ચીજવસ્તુઓ માયિક નથી પરંતુ અલૌકિક છે અને આપણા કલ્યાણને કરનારી છે. પ્રસાદીની આટલી બધી ચીજવસ્તુઓ વાતાવરણને પવિત્રતાથી ભરી દે છે. તેમાંથી ઊત્પન્ન થતી કલ્યાણકારી ઊર્જા આપણને શ્રીજી સમીપે લઈ જાય છે.

જે માણકી ઘોડી ઉપર શ્રીજી સવારી કરતા, તે માણકીનો સાજ-શણગાર અહીં જોઈને એમ લાગે છે કે જાણે, હમણાં જ આ માણકી ઉપર શ્રીજીની શાહી સવારી નીકળશે ! અહીં શ્રીજી ધારણ કરતા તે અને પાર્ષદો રાખતા તે શસ્ત્રો પણ છે જાણે આપણા વેરીઓનો નાશ



કરવા માટે જ શ્રીહરિએ તે ધારણ કર્યા ન હોય ! અહીં શ્રીજી પ્રસાદીત શાસ્ત્રો પણ છે, જાણે આપણી અજ્ઞાનતાનો નાશ કરવા માટે જ તે લખાંયા ન હોય ! શ્રીજીએ આપેલી પટમૂર્તિઓ છે તે જાણે આપણને આશીર્વાદ આપવા સારું જ ન બેઠી હોય ! શ્રીજીએ યજ્ઞાયાગાદિકમાં ઉપયોગ કરેલા પાત્રો વસ્તુઓ ઈત્યાદિકમાંથી આજે પણ એ જ સામવેદના શ્લોકોનું ગાન થતું હોય તેમ લાગે છે, શ્રીજીએ વગાડેલી વાંસળીના સૂરના પડઘા હજુ પણ આપણા મનની ભીતર સાંભળી શકાય છે. જે ગાડુ-રથ-વેલ્યમાં શ્રીજી બિરાજમાન થતા હતા, તેમાં જ તેઓ બેસી હમણાં આપણને દર્શન દેવા આવી પહોંચશે તેવી અનુભૂતિ થાય છે. શ્રીજી ચરણારવિંદોમાં ૧૬ ચિહ્નોનાં દર્શન કરતાં આપણી આંખો થાકતી નથી. શ્રીહરિની જે ચાખડીઓના ધ્વનિએ હજારો મુમુક્ષુઓને સમાધિ કરાવેલ તે ચાખડીઓના દર્શનની સાથે જ, કર્ણ તેના ધ્વનિનો અણસાર પામવા અધીરા થઈ ઊઠે છે ! અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના સમર્થ પીઠાધિપતિઓની ચીજ વસ્તુઓ તથા પત્ર વ્યવહાર જોઈને આપણને તેમની દિવ્યતા અને ભવ્યતાની ઝાંખી થાય છે. શ્રીજીના હસ્તાક્ષરવાળા પત્રની તોલે આવી શકે તેવું કાંઈ નથી. બ્રહ્માંડોના અધિપતિ, પુરુષોત્તમનારાયણ સ્વયં પોતે અક્ષરધામમાંથી અહીં પધારીને, સ્વયં પોતાના હાથે પત્ર લખે અને એ પત્રના હસ્તાક્ષરના આપણને આ ચર્મ ચક્ષુએ કરીને દર્શન થાય એવો અકલ્પનીય અમૂલ્ય લાભ તો આ પ.પૂ.ધ.ધુ.શ્રીની પરમદયાળુ દૃષ્ટિને કારણે જ આપણને અહીં મળે છે. આ સંપ્રદાયમાં અત્યારે આવા હસ્તાક્ષરવાળો આ એક માત્ર પત્ર છે. અને તેની ઉપલબ્ધિ આપણને તેઓશ્રીએ કરાવી છે. આપણે તેઓશ્રીને શું આપ્યું ? તો કદાચ થોડા રૂપિયાનું દાન, કે થોડી પ્રસાદીની વસ્તુઓ કે થોડી માનસિક કે શારીરિક સેવા, પણ બદલામાં શું મેળવ્યું તે વિચારો. અનેક પ્રસાદીની વસ્તુઓના કલ્યાણકારી દર્શન અને તેઓશ્રીનો અતિશય રાજીપો આનાથી તો આપણે આપણા જીવનું કલ્યાણ મેળવી લીધું છે. ધર્મકુળ તો અતિશય ભોળું છે તે, આપણે તેમને થોડુંક આપીને ઘણું બધું મેળવી લીધું છે.

આવા કલ્યાણકારી મ્યુઝિયમના દર્શને આવો ત્યારે નીચેના નિયમોનું અવશ્ય પાલન કરશો તો શ્રીજી મહારાજનો રાજીપો વિશેષ થશે.

**(૧) અહીં શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ છે તેથી શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ પ્રમાણ બિરાજમાન છે. તેમાં કાંઈ સંશય નથી. આ આમન્યા રાખીને દર્શન કરવાં. આ કોઈ ફરવાનું સ્થળ નથી દર્શનનું સ્થળ છે તે સમજવું.**

**(૨) નાહી ધોઈને પવિત્રપણે થઈને પછી દર્શને આવવું.**

**(૩) અયોગ્ય વસ્ત્રો પહેરીને દર્શને અવાય નહિ.**

**(૪) દર્શન કરતાં કરતાં કંઈપણ ખવાય પીવાય નહિ ચોકલેટ, ચ્યૂંઈગમપાન મસાલા આદિક કંઈ પણ મોઢામાં રાખવું નહિ.**

**(૫) દર્શન કરતી વખતે અન્ય ગ્રામ્યવાર્તા ન કરતાં, શ્રીજીમહારાજનાં જે તે લીલા ચરિત્રોને સંભારવા.**

**(૬) લખેલાં લખાણો, ઈતિહાસ વગેરે ધ્યાનપૂર્વક વાંચવા અને તે સમજવા કોશિશ કરવી.**

**(૭) સંપૂર્ણ વિવેક-વિનય જાળવીને શાંતિપૂર્વક દર્શન કરવાં.**

**(૮) આપણા હાથ અપવિત્ર હોય તો પ્રસાદીની વસ્તુને સ્પર્શ કરવાથી વધુ દોષ લાગે તે ધ્યાન રાખવું.**

**(૯) સ્વયં સેવકોની સૂચનાનું સંપૂર્ણ પાલન કરવું શિસ્તના સામાન્ય નિયમોમાં અપવાદ શોધવા કોશિશ ન કરવી.**

**(૧૦) આપણને આ બધા દર્શન કરાવનાર પ.પૂ.ધ.ધુ.શ્રીના દાખડા સામું જોવું. જે હરિભક્તો-સંતોએ પ્રસાદીની વસ્તુઓ અત્રે પધરાવવા માટે આપી છે તેમનું માહાત્મ્ય સમજવું. જે દાતાશ્રીઓએ આર્થિક યોગદાન આપ્યું છે તેમનો આભાર માનવો. આ સર્વે માટે શ્રીહરિને અધિક દંડવત્ પ્રણામ કરવા અને પ્રાર્થના કરવી.**

આ મ્યુઝિયમમાં અવાર-નવાર હવે પછી પણ, ઘણી વખત સંતો હરિભક્તો તરફથી પ્રસાદીની વસ્તુઓ મળતી રહે છે તેથી નવી પ્રાપ્ત થયેલી પ્રસાદી પણ, સમયાંતરે દર્શનાર્થે મૂકવામાં આવે છે. માટે અવાર-નવાર અત્રે દર્શનનો લાભ લેવો.



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## સંપ્રદાયમાં હરિભક્તોના વરદ્ હસ્તે એકમાત્ર મહાભિષેક

# શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ અમદાવાદ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે બાથમાં લઈને સંપ્રદાયનું સર્વ પ્રથમ શ્રીસ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે નિજ મંદિરમાં પાલખી, હિંડોળા જન્મોત્સવ આદિ માટે ચલ સ્વરૂપ શ્રીનરનારાયણદેવની નાની મૂર્તિ આપી.

કેટલાક સમય બાદ હરિકૃષ્ણ મહારાજના ચલ સ્વરૂપની પરંપરા શરૂ થતાં આ અતિ પ્રસાદીની મૂર્તિને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પરંપરામાં પૂજામાં રાખતા.

આ અતિ દિવ્ય મહાપ્રસાદીના શ્રી નરનારાયણદેવની મૂર્તિને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના મુખ્ય હોલમાં મધ્ય સિંહાસનમાં ચલ સ્વરૂપ રૂપે પધરાવવામાં આવેલ છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા આપણા લાડીલા વિશ્વ વંદનીય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પ્રસન્ન થઈને સંપ્રદાયમાં એકમાત્ર પ્રસાદીના સ્વરૂપનો સર્વે હરિભક્તોને દર્શન તથા મહાપૂજા-મહાભિષેકનો મહા લાભ આપવાની આશીર્વાદના પ્રતીક રૂપે અનુમતિ આપી છે. નિત્ય સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ સુધી આ સ્વરૂપનો હરિભક્તો પોતાના હસ્તે મહાભિષેકનો લાભ લઈ શકે છે.

સર્વે હરિભક્તો મહાપૂજા-મહાભિષેકનો લ્હાવો મેળવીને સર્વાવતારી શ્રીહરિની પ્રસન્નતા તથા સર્વ મનોકામના પૂર્ણ કરી રહ્યા છે.

જે હરિભક્તોને અતિ દિવ્ય મહા લાભ લેવાની ઈચ્છા હોય તેઓએ નીચે મુજબ ફોન નંબર અથવા ઈમેલથી ઈચ્છિત તિથિ સમયે મહાપૂજા/મહાભિષેક બુકીંગ કરાવી શકે છે.

સંજોગોવશાત્ આપ બહું જ દૂર રહેતા હો તો આપના નામનો સંકલ્પ કરીને મહાપૂજા/મહાભિષેક કરવાની વ્યવસ્થા રાખવામાં આવી છે.

મહાપૂજા સહિત મહાભિષેકમાં ૫૦ હરિભક્તો લાભ લઈ શકશે. માત્ર મહાભિષેકનો ૨૫ હરિભક્તો લાભ લઈ શકશે. આપના નિયત પ્રતિનિધિ પણ લાભ મેળવી શકશે.

શક્ય હશે તો પ.પૂ. મોટા મહારાજશ્રી આપના વતી મહાભિષેક કરશે.

મહાપૂજા સહિત મહાભિષેકની સેવા રૂા. ૫૧,૦૦૦/-

માત્ર મહાભિષેકની સેવા રૂા. ૨૫,૦૦૦/-

પરબ્રહ્મના પ્રગટ સ્વરૂપની મહાપૂજા કરી અથવા કરાવીને સ્વયં બ્રહ્મરૂપ બનો.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવેલ પ્રસાદીના શ્રી નરનારાયણદેવના અભિષેકના યજમાનની યાદી

| | |
|---|---|
| તા. ૧૦-૩-૨૦૧૧ | પ્રસાદીના શ્રી નરનારાયણદેવના પ્રથમ અભિષેકના યજમાનશ્રી : પ.ભ. રસિકભાઈ અંબાલાલ પટેલ (મોખાસણવાળા યુ.એસ.એ.) હ. સંજયભાઈ તથા જયેશભાઈ |
| તા. ૧૩-૩-૨૦૧૧ | પ્રીતિબેન દર્પેશકુમાર પટેલ હ. પ્રહલાદભાઈ પટેલ |
| તા. ૧૭-૩-૨૦૧૧ | રાધિકા પંકજભાઈ પટેલ હ. પ્રહલાદભાઈ પટેલ |
| તા. ૧૯-૩-૨૦૧૧ | બાબુભાઈ અરજણભાઈ પટેલ, બાપુનગર |
| તા. ૨૦-૩-૨૦૧૧ | કલ્પેશભાઈ ઘનશ્યામભાઈ મારફતિયા |
| તા. ૧૨-૪-૨૦૧૧ | માણેકલાલ નારણદાસ પટેલ (અમેરિકા-ન્યુજર્સી) |
| તા. ૧૮-૪-૨૦૧૧ | અ.નિ. ભોગીલાલ ઈશ્વરદાસભાઈ, ઈન્દુબેન ભોગીલાલ, રમણલાલ ઈશ્વરદાસભાઈ (લાંઘણજવાળા), મંજુલાબેન રમણલાલ (યુ.એસ.એ.) હ. જીતુભાઈ ભોગીલાલ જન્મ દિવસ નિમિત્તે (કોલોનીયા-ન્યુજર્સી) |
| તા. ૨૦-૪-૨૦૧૧ | મ્યુઝિયમ કર્મચારી સમસ્ત |
| તા. ૨૪-૪-૨૦૧૧ | જગદીશભાઈ જે. દરજી, નિરજકુમાર જે. દરજી (અમદાવાદ-બોપલ) |

● ઉપરોક્ત મહા ભાગ્યશાળી હરિભક્તોએ શ્રી નરનારાયણદેવના મહાભિષેકનો લાભ લઈ ખૂબજ ભાગ્યવાન બન્યા છે

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

પ.ભ. કરશનભાઈ રાઘવાણી મો. નં. : ૯૮૨૫૦૬૫૯૦૨, ૯૯૭૪૪૯૧૫૨૨

પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - "પવિત્રતાનો ખોળો"

અતુલ ભાનુંપ્રસાદ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

વિશ્વભરમાં ઘણાં બધાં મ્યુઝિયમ આવેલાં છે. પ્રત્યેક મ્યુઝિયમને તેનો આગવો ઈતિહાસ અને આગવી પહેચાન હોય છે. મ્યુઝિયમ મોટે ભાગે પ્રાચીન દુર્લભ અને અલભ્ય ચીજ-વસ્તુઓનું સંગ્રહસ્થાન હોય છે. જેમાં જે તે સમયની ચીજ વસ્તુઓને કલાત્મક અને વૈજ્ઞાનિક ઢબે સાચવીને ડીસ્પ્લેમાં મૂકેલી હોય છે.

અમદાવાદને આંગણે તા. ૮-૩-૨૦૧૧ ને ફાગણ સુદ ત્રીજ (શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠા દિન) ના પવિત્ર મંગલકારી દિને સાયંકાળે એક અદ્‌ભુત અનોખું, અલભ્ય, અલૌકિક, અદ્વિતીય, ઐશ્વર્યમય મ્યુઝિયમનો ઉદ્‌ઘાટન મહોત્સવ સંપન્ન થયો. સેંકડો સત્સંગીઓ અનેક મહાનુભાવો, મહેમાનો અને ધર્મકુળના ત્રણેય મહારાજશ્રીઓ (પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી) ના સાનિધ્યમાં આ અનેરું મ્યુઝિયમ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું. અને વિશ્વને સમર્પિત કરવામાં આવ્યું.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વિશ્વનાં અન્ય મ્યુઝિયમથી બેશક અલગ છે. અદ્વિતીય છે. અદ્‌ભુત છે તથા અનોખું છે. સેંકડો યાત્રાધામો વિશ્વભરમાં પથરાયેલાં છે, જેમાં શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ અહર્નિશ વહેતો રહે છે. આ અખૂટ શ્રધ્ધાને અખંડ તાંતણે બાંધનાર એક માત્ર શક્તિ હોય તો તે છે શ્રી સ્વામિનારાયણ ભગવાન. ધર્મો ભલે અલગ હોય, અવતારો ભલે વિભિન્ન હોય - તે સૌ માં એક સમાન પરમ ચૈતન્ય તત્વ જો હોય તો તે છે શ્રી સ્વામિનારાયણ ભગવાનપ્રેરિત દિવ્ય શક્તિ.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પૃથ્વી ઉપર વિચરણ દરમ્યાન જે જે વસ્તુઓ ઉપયોગમાં લીધી હોય, જે જે વસ્તુઓનો સ્પર્શ કર્યો હોય તથા જે જે વસ્તુઓ રાજી થકાં પ્રસાદીરૂપે ભક્તોને વહેંચી હોય આપી હોય - તે સર્વે પ્રસાદીની ચીજ વસ્તુઓનું એકજ સ્થળે અહીં અદ્‌ભુત રીતે સંકલન કરવામાં આવ્યું છે.

મ્યુઝિયમ પરિસરની રચના દાદ માંગી લે તેવી છે. ભલે ખૂબ વિશાળ પરિવેશ નથી. પરંતુ જે રીતે આર્કિટેકચરલ સ્ટ્રકચર ઊભું કરવામાં આવ્યું છે. તે જોતાં વિશાળતાનો અનુભવ ચોક્કસ થાય છે. અહીં મોકળાશ છે. હવા-ઉજાસ છે, હરિયાળી છે, સુંદર ફુવારા છે. સંગેમરમરની સુંદર ફર્શ તથા દિવાલો છે, વિશાળ ખંડો છે, સાત્વિક શુદ્ધતા છે અને સૌથી અગત્યની બાબત અહીં પવિત્રતા ચારેય કોર પાંગરતી જોવા મળે છે ! આ મ્યુઝિયમ કોઈ પર્સનલ કે પ્રોફેશનલ પ્રસિદ્ધિ માટે નથી બનાવ્યું પરંતુ માનવ કલ્યાણની ઉત્કૃષ્ઠ ભાવનાના આવિર્ભાવનું આ સાદેશ-સ્વરૂપ છે. અને તેથી જ વિશ્વનાં અન્ય સંગ્રહાલયોથી શ્રી સ્વામિનારાયણ સંગ્રહાલય નિરાળું છે !

મ્યુઝિયમમાં મૂકવામાં આવેલ ઘણી બધી પ્રસાદીની દુર્લભ ચીજ વસ્તુઓ ધર્મકુળ પરિવારને વારસામાં મળેલી છે. "તિજોરીમાં સચવાઈને પડી રહે તેનાં કરતાં દર્શનાર્થે મૂકાય તો તેનો મહિમા અનેક જનોના જાણ્યાંમાં આવે અને તેમાંથી એકાદ પ્રસાદીની વસ્તુની સ્મૃતિ પણ જળવાઈ રહે તો તે જીવ રૂડી પદવીને જરૂર પામે" પ.પૂ. મોટા મહારાજશ્રીની માનવ-કલ્યાણની આ ઉત્તમ ભાવના જ મ્યુઝિયમનું હાર્દ છે. મ્યુઝિયમમાં આવીને શ્રીજી મહારાજની સર્વે પ્રસાદીની મહિમાવંત વસ્તુઓનાં દર્શન કર્યા પછી જરૂર લાગે કે શું આવી આવી અદ્‌ભુત વસ્તુઓ આપણી પાસે છે ! જગતમાં શું, સમગ્ર બ્રહ્માંડમાં પણ આવી વસ્તુઓ બીજે ક્યાંય નહિ હોય !

બીજી એક અગત્યની વાત અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસાદીભૂત જે કાંઈ ચીજ વસ્તુઓને ડીસ્પ્લે કરવામાં આવી છે તે પ્રત્યેક પ્રસાદીની વસ્તુનો ઈતિહાસ સંપ્રદાયના ગ્રંથોમાંથી મળી રહે છે. મતલબ કે એ સાચી છે - ખરી છે અને એ રીતે એની સચ્ચાઈની પરખ કર્યા પછી જ એનો સાભાર સ્વીકાર થયો છે. આ આપ-લે માં ધર્મકુળ પરિવાર કે જે તે સંત કે જે તે હરિભક્ત કુટુંબની વસ્તુ સમર્પણ કરવાની ભાવના તથા તેનો સ્વીકાર કરીને વિશ્વના લોકો સમક્ષ રજુ કરીને તે થકી તેમનાં કલ્યાણની ભાવના છૂપાયેલી છે.

મ્યુઝિયમ કાર્ય શરૂ થયું ત્યારથી જ અનેક પરચાઓ થયા છે. અહીં રાત-દિવસનો કઠોર પરિશ્રમ છે. આ મ્યુઝિયમના આર્કિટેક, એન્જીનીયર બિલ્ડર અને કારીગર એ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે જ રહ્યા છે. ભગવાનનાં સ્પર્શથી પાવન થયેલી વસ્તુઓનાં વાઈબ્રેશન્સ ગયાં નથી આજે પણ પ્રત્યક્ષ અનુભવાય છે. અહીં આવીને તેમનાં



સ્પર્શનાં સ્પંદનો આજે પણ તમે અનુભવી શકો છો. સ્થૂળ ભાવે નિર્જીવ લાગતી પ્રસાદીની એ સર્વે ચીજ વસ્તુઓના દર્શનથી અનેરી ચેતના અનુભવાય છે. એ પ્રત્યેક વસ્તુનું દર્શન અનેરા સુખનો અહેસાસ કરાવે છે.

મ્યુઝિયમકુલ ૮ વિશાળ ખંડોમાં વિભાજિત છે. પ્રત્યેક ખંડમાં એ સર્વે વસ્તુઓને એવી રીતે ગોઠવેલી છે કે ક્રમશઃ શ્રીજી મહારાજના દિવ્ય લીલા ચરિત્રોનો અહેસાસ આપણને થતો રહે.

અહીં અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા વખતે શ્રીજીમહારાજે પહેરેલ પીતાંબર તથા પ્રતિષ્ઠા વખતે ઉપયોગમાં લીધેલ વસ્તુઓ છે - દેશ વિભાગનો લેખ છે. શ્રીજી મહારાજે સ્વયં આપેલ નિત્યપૂજા તથા ચરણાર્વિંદ તથા પૂજાની પેટીઓ તથા શ્રીજી મહારાજની પોતાની પ્રાતઃ પૂજાની સામગ્રી છે. તથા જેતલપુરના યજ્ઞનું દૃશ્ય તથા તે યજ્ઞમાં વપરાયેલ ઘીનું અક્ષય કુડલું તથા પાણી પીવાની મસક તથા પાત્રો છે.

નંદ સંતોના અસલ ચશ્મા તથા વચનામૃતની સભાનું આબેહૂબ દૃશ્ય તથા અનેક વિધ દુર્લભ ધર્મ ગ્રંથ શાસ્ત્રો રજુ કરવામાં આવ્યાં છે. જેમકે - આશ્રમો પનિષદ ગુણ વિભાગ પંચ રત્ન, ધર્માનંદ સ્વામિકૃત ધર્માખ્યાન, વિવેક ચિંતામણિ - આવાં તો અનેક ધર્મગ્રંથોનો અહીં સંગ્રહ રજુ કરવામાં આવ્યો છે.

શ્રીજી મહારાજની આધારાનંદ સ્વામીએ બનાવેલ ૧૮૫ ફૂટની કુંડળી તથા વઢવાણના શાસ્ત્રીએ બનાવેલ ૧૫૫ ફૂટની કુંડળી છે. શ્રીજી મહારાજ અમદાવાદના રંગમહોલમાં જ્યાં પોઢતા તે દરમ્યાનનાં વસ્ત્રો, નહાવાનો પથ્થર અહીં છે.

શ્રીજી મહારાજે કાળુભાર નદીના કાંઠે વાંસળી વગાડી તે જ વાંસળી છે તો સિધ્ધપુર તથા નારણઘાટે મૂંડન કરાવેલ તે ખેસ છે તથા અમદાવાદમાં ભદ્રના કિલ્લામાં પેશ્વાની જે છડી દ્વારા પોલ ખોલી તે સોટી પણ રજુ કરવામાં આવી છે.

શ્રી નરનારાયણદેવના ચોકમાં રંગોત્સવ કરતાં તે પાટ, પિચકારીઓ તથા તે સમયનાં વસ્ત્રો છે. કુંડલના કલા ભગતની સચ્ચાઈની કસોટી થઈ તે અગ્નિમાં તપાવેલ લોખંડનો ગોળો તથા તેમના વંશજો તરફથી મળેલ પ્રસાદીની વસ્તુઓ તેમજ ડાંગરવાના જતનબાના ઘેર દૂધની અખંડ ધારા કરેલી તે પ્રસંગ વખતનાં વસ્ત્રો તથા વાસણો છે. જેતલપુરનાં ગંગામાં જે ટોપલામાં શ્રીજી મહારાજની રસોઈ સાચવતાં તે વાંસનો ટોપલો, ખાંડણિયુ તથા શ્રીજી મહારાજને જમાડતાં હતાં તે જમવાનાં વાસણો અત્રે છે. ભગવાન વિહાર ગામમાં જમેલા તે કાંસાની થાળી, વાડકો, લોટો તથા મહેસાણાના કળશીબાઈની પ્રસાદીની નિસરણી તથા વાસણો રજુ કરવામાં આવ્યાં છે.

બ્રહ્માનંદ સ્વામી વગાડતા હતાં તે મૃદંગ છે, આદરજમાં નિશાનબાજી કરેલાં તે બાણ તથા ભગુજીનું બખતર તેમજ હથિયારો તથા રથ પણ અહીં છે.

પ્રથમ માળ હોલ નંબર ૨ માં પાર્ષદો તથા કાઠી દરબારોનાં જુદા જુદા હથિયારો તથા ચલોડાના જીતબાએ મહારાજને અર્પણ કરેલ રથ તથા માણકી ઘોડીનો શણગાર તથા હાથીની અંબાડી તથા હાથીનો શણગાર તેમજ સયાજીરાવ ગાયકવાડે આપેલ શિરપાવ તથા ચાંદીના વાસણો, ચાંદીના દાગીના તથા ચલણ પણ છે.

પ્રથમ માળ હોલ નંબર ૩ માં પંચાળામાં શ્રીહરિ રાસ રમ્યાં તેનું નયનરમ્ય દૃશ્ય છે. મૂળીના રંગોત્સવ વખતે ધારણ કરેલ વસ્ત્રો છે. ઉનાળામાં શીરો પીરસેલો તે અક્ષયપાત્ર છે, રંગોત્સવની પિચકારીઓ છે. પંચાળાના રાસ દરમ્યાનનો ચંદરવો પણ છે. ૮ લાખની (તે વખતનાં) કિંમતની પસમીના સોનેરી શાલ તથા શ્રીજી મહારાજ હિંચકે ઝૂલેલા તે કડા તથા હિંડોળાની સાંકળો તથા વિજાપુરનાં વજીબાના ઘેર ઉપયોગમાં લીધેલ પ્રસાદીની રજાઈ, તકિયો તથા લોટો પણ છે.

પ્રથમ માળ હોલ નંબર ૪ માં ઈડરથી પથ્થર લાવતાં તે ગાડુ તથા વહેલાલનો માઢ, સીડી, રાયણનું વૃક્ષ (થડ) તથા શ્રીજી મહારાજે ડભાણમાં યજ્ઞ કરેલો તે દરમ્યાન ઉપયોગમાં લીધેલ વાસણો, વસ્ત્રો હાથીનો શણગાર તથા કાંકરિયાની ચોરાશીનો પ્રસંગ ચરિતાર્થ કરવામાં આવ્યો છે.

હોલ નંબર ૧, ૨, ૩, ૪, તથા પ્રથમ માળ હોલ નં. ૨, ૩, ૪ ની આ દર્શન યાત્રા પછી આવે છે. મુખ્ય હોલ નંબર ૫ જેને "મૌન હોલ" કહેવામાં આવે છે.

અહીં પાંચ પ્રોજેકટ રજુ કરવામાં આવ્યા છે. (૧) શ્રીનરનારાયણદેવની પ્રસાદીની ઐતિહાસિક ચાંદીની મૂર્તિ જેની શ્રીજી મહારાજ સ્વયં પૂજા કરતા હતા - તે સુંદર સિંહાસનમાં જે સિંહાસન આગળ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ નિત્ય પૂજા કરતા જે સંપ્રદાયમાં દર્શનાર્થે રજુ કરવામાં આવી છે.

આ એજ મૂર્તિ અને એજ સિંહાસન છે જે સિંહાસન આગળ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ નિત્ય



પૂજા કરતા. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અત્યંત આત્મનિષ્ઠ હતા. પ્રવૃતિમય જીવન હોવા છતાં. ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સેવા પૂજા આરાધનામાં જે સમય ગાળતાં તે કદી ઓછો કર્યો નથી. એક વખત તેઓ બ્રહ્મરૂપ બની પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની માનસી પૂજામાં એકાકાર થયેલા હતા. દરમ્યાન એક વીંછી આવીને એમની પીઠ ઉપર ચઢી ગયો અને વારંવાર ડંખ મારવા લાગ્યો. પરંતુ અયોધ્યાપ્રસાદજી મહારાજ તો પૂજામાં શ્રીહરિ સાથે તદાત્મકપણું અનુભવતાં થકાં ધ્યાનસ્થ મુદ્રામાં સ્થિર બનીને બેસી રહ્યાં!

લગભગ કલાક પછી માનસી પૂજા પૂરી થઈ અને જાગૃત થયા ત્યારે ખભે ઓઢેલો ચોફાળ સેવકને આપીને કહ્યું, ''ભાઈ જુઓ તો આમાં કંઈ જીવડું બીવડું છે ?'' સેવકે ચોફાળ પહોળો કરીને જોયું તો તેમાં વીંછી હતો!

''આમાં તો વીંછી છે, આપને કરડ્યો તો નથી ને?'' સેવકે મહારાજની પીઠ જોઈ તો વીંછીએ કેટલાંય ડંખ મારેલા - આખો વાંસો સૂજી ગયો હતો.

સેવક તો મહારાજશ્રીની સ્થિત પ્રજ્ઞતા જોઈ દિગ્મૂઢ થઈ ગયો ! કહેવા લાગ્યો, ''આપને બહુ પીડા થતી હશે. કંઈ ઔષધ કરીએ.'' અયોધ્યાપ્રસાદજી મહારાજે બિલકુલ સ્વસ્થતાથી જવાબ આપ્યો, 'નારે ભાઈ ! એ તો એની મેળે મટી જશે.''

શ્રીજી મહારાજની પ્રસાદીની આ એ જ પ્રતાપી શ્રી નરનારાયણદેવની મૂર્તિ તથા સિંહાસન છે.

મૌન હોલની પાંચેય વસ્તુઓ અત્યંત દિવ્ય છે, પ્રભાવી છે, અલૌકિક છે, અલભ્ય છે - જેનાં દર્શન માત્રથી રોમાંચિત થઈ જવાય છે.

(૨) શ્રીજી મહારાજનાં દાંત તથા દાઢ તથા સોના-રૂપાની દાંતની સળી - જેનાં વડે શ્રીહરિ નિત્ય દાંત ખોતરતા હતા તે જ સળી છે.

(૩) શ્રીજી મહારાજનો સ્વહસ્તાક્ષર વાળો તથા તેમની પોતાની સહી વાળો સંપ્રદાયમાં એક માત્ર ઓરિજિનલ પત્ર છે.

(૪) શ્રીજી મહારાજના અસ્થિ (ચાંદીના કુંભમાં) છે

(૫) શ્રીજી મહારાજનાં નખ તથા કેશ છે.

આ પાંચેય અંગત વસ્તુઓ શ્રીજી મહારાજની પોતાની છે એટલે પ્રત્યક્ષ એનાં દર્શન કરતી વખતે અત્યંત રોમાંચ અનુભવાય છે. મૌન હોલ કે મુખ્ય હોલમાં પ્રસાદીની આ મુખ્ય વસ્તુઓ મધ્યે બેસીને શાંતિથી ધ્યાન કે માળા કરવી હોય તો અહીં દિવ્ય વાતાવરણ છે.

હોલ નંબર-૬ માં દેવનાગરી લિપિમાં લખેલ પ્રસાદીનાં પત્રો તથા પ્રસાદીની જુદી જુદી કલમો કિત્તાઓ રજુ કરવામાં આવ્યાં છે. દેવળિયાનાં કેશીનીબાઈના ઘેર લીલાનો પ્રસંગ તથા કરજીસણમાં શ્રીજી મહારાજ પધારેલા અને વરખડીનાં વૃક્ષ નીચે સભા કરેલી તે વૃક્ષનું થડ તથા એ કરજીસણમાં પ્રસાદીની કરેલ અનાજની અક્ષય કોઠી તથા પાત્ર તથા પ્રસાદીની વસ્તુઓ છે.

હોલ નંબર-૭ આ હોલમાં આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી થી લઈને વર્તમાન આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ સુધીની આચાર્ય પરંપરાનાં વસ્ત્રો, પાઘ, ટોપી, બિલ્લા તેમજ દુર્લભ તસવીરો રજુ કરવામાં આવી છે. સાતમાં ખંડની બાજુમાં નાનકડું ઓડિયેરિયમછે. જેમાં ૨૦ મિનિટની ડોક્યૂમેન્ટરી ફિલ્મમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય મૂળ પ્રણાલીનો ટૂંકો પરિચય પ્રદર્શિત કરવામાં આવે છે.

પ્રથમ ખંડથી શરૂ કરીને અંતિમ સાતમાં ખંડમાં આવીએ એ સર્વે ચીજ વસ્તુઓની દર્શનયાત્રા દરમ્યાન અદ્‌ભુત રોમાંચ થાય છે. અત્રે મોટી મોટી વસ્તુઓની યાદી આપી છે - પ્રસાદીની બીજી વસ્તુઓ બેશૂમાર છે. જેમ કે મહારાજનો હાથ-પંખો, બુરાનપુરી ખેસ, દીક્ષા લીધી તે વખતનું પીતાંબર, ચાંદીની પાલખી, ચાખડીઓ હિરાજડિત હાર અને બાજુબંધ, શ્રીજી મહારાજે પોતે બાંધેલ પાઘ, આરતી દીવી, શિવજી તરીકે પૂજાયેલ પથ્થર શંખ, પ્રસાદીની કંઠીના મણકા, પગનાં ચાંદીના કડાં ઘૂળરિયાળી માળ, રૂમાલ, મોજડી, છત્તર, વિવિધ રજાઈઓ, ચાદર ધોતી, કેડિયા, સુરવાલ આ સર્વે ચીજ વસ્તુઓ ચોક્કસપણે પ્રસાદીની છે અને શ્રીજી મહારાજે સ્વયં ઉપયોગમાં લીધી છે.

મહત્વની વાત તો એ છે કે આ સર્વે પ્રમાણભૂત વસ્તુઓ ખરીદવામાં નથી આવી, એ શ્રીજી મહારાજની પ્રેરણાથી ધર્મકુળ પરિવાર તરફથી, સંતો તરફથી કે હરિભક્ત કુટુંબોના વંશજો તરફથી માનવ કલ્યાણની ઉમદા ભાવના માટે સમર્પિત થયેલી છે.

આજે કોહિનૂર નો હીરો સચવાઈને પડ્યો છે અને એને જોઈને આનંદ થાય ખરો - જ્યારે અહીં તો માત્ર ૨૫૦ વર્ષ






# વિમોચન











# આત્મિયતા







પહેલાં જ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને વિચરણ કર્યું છે અને એમણે જીવન દરમ્યાન ઉપયોગમાં લીધેલ તથા સ્પર્શ કરેલ અને પ્રસાદીરૂપે ભક્તજનોને આપેલ ચીજ વસ્તુઓનું સુંદર સંકલન રજુ થયું છે - આ માત્ર પ્રદર્શન જ નથી - અદ્ભુત દર્શનયાત્રા છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ એ માત્ર મ્યુઝિયમ જ નથી પરંતુ એક આદર્શ જીવન શૈલીનું નિરૂપણ છે. આદિ માનવથી લઈને આજના હાઈટેક માનવ સુધીની સમય યાત્રા - જેમાં સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં અવતરી માત્ર ધર્મ જ નહિ પણ એક એવી દિવ્ય અવસર, આ સંગ્રાહલયના સર્જનનો વિચાર માત્ર જ અંતરમાં રોમાંચ પેદા કરે છે.

“તિજોરીમાં સચવાઈને પડી રહે તેનાં કરતાં પ્રસાદીની સર્વે વસ્તુઓ જન સમાજના દર્શનાર્થે મૂકાય તે વધુ યોગ્ય છે કે જેનાં દર્શન થકી માનવ કલ્યાણનું ચોક્કસ પણે કલ્યાણ થાય.” પ.પૂ.મોટા મહારાજશ્રીનો આ ઉમદા આશય સમગ્ર સંગ્રહાલયનું મૂળ છે.

“સ્વામિનારાયણ મૂળ સંપ્રદાય પ્રણાલિ - એ માત્ર ભગવાનનું ભજન જ નથી પણ એક **Helthy Life Style** છે **Eco firnedly life style** છે. સમાજની સાથે રહી ભગવાન સાથેનું અખંડ અનુસંધાન સ્હેજે સ્હેજે રહે તેવા આ સંપ્રદાયના આદેશો છે. અન્યને રાજી રાખીને રાજી રહેવું - સત્સંગની આબોહવામાં તેની પ્રતિતિ થાય છે.

આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સંસ્કૃતિ અને પરંપરાથી જાળવણીનું અદ્ભુત ઉદાહરણ પુરું પાડે છે. શ્રીજી મહારાજની પ્રસાદીભુત વસ્તુઓનાં દર્શન કરીને સાચા સંસ્કારોનું સિંચન થાય એ જ ઉમદા આશય છે, જેમ શ્રીજી મહારાજની સલુણી મૂર્તિના દર્શન કરતાં ક્યારેય તૃપ્તિ નથી થતી તેમજ આ વારસાગત પ્રસાદીની અદ્ભુત વસ્તુઓનાં દર્શન જેટલીવાર કરીએ એટલીવાર વધુને વધુ ઉત્કંઠા રહે છે.

આપણને આપણી સંસ્કૃતિમાં જે કાંઈ મળ્યું છે, પ્રસાદીની વસ્તુઓ, **ethics, values** - એ સર્વેનું જતન કરવાનું છે આવી સમજણ રાખીને એનાં દર્શન કરીશું તો અનેક જીવોનું કલ્યાણ થશે.” પ.પૂ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આ ઉમદા આશીર્વચનોને આત્મસાત કરીને મ્યુઝિયમની મુલાકાત લઈશું અને ભાવ સાથે મહિમાશાળી વસ્તુઓનાં દર્શન કરીશું તો અધિક સંતોષ અને પરમશાંતિ અનુભવાશે એ ચોક્કસ.

જ્યાં કોઈ સત્પુરુષ વિરાજતા હોય તે ક્ષેત્ર નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય છે. અને તે જગ્યાએ આવીએ એટલે મનની ધારા કુંઠિત થઈને અંતરમાં પરમ શાંતિનો અનુભવ થાય. નારણપુરા વિસ્તાર, ટર્ફ હાઈસ્કૂલની સામે આવેલ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સાચા અર્થમાં એક “નૈમિષારણ્ય ક્ષેત્ર” છે.

નાનકડો બાળક આખો દિવસ અનેક જગ્યાએ ફરતો રહે, રમતો રહે, આનંદ કિલ્લોલ કરતો રહે. ક્યારેક રડતો પણ રહે પરંતુ જ્યારે એ માતાના ખોળામાં આવીને સૂઈ જાય કે બેસે ત્યારે એને જે આનંદ પ્રાપ્ત થાય છે તે અન્યત્ર ક્યાંય એને મળતો નથી.

શ્રી સ્વામિનારાયણ - સંગ્રહાલય સાચા અર્થમાં પવિત્રતાનો ખોળો છે, અત્રે દાખલ થતાં જ સાત્વિકતા પવિત્રતા અને પરમશાંતિનો અનુભવ થાય છે. કેમ કે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્પંદનો અહીં મોજૂદ છે. પ્રસાદીની પ્રત્યેક વસ્તુમાં છૂપાયેલી દિવ્ય ચેતના અહીં પ્રગટ થાય છે અને દર્શન કરનારના અંતરમાં એક અમીટ છાપ ઉપસાવે છે.

આવો આવા પવિત્રતાના ખોળે આપ સૌનું સ્વાગત છે. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ એટલે દિવ્ય ચેતના અને પવિત્રતાનો પર્યાય.


**મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

અમદાવાદઃ
**www.swaminarayan.in**
જેતલપુર :
**www.jetalpurdarshan.com**
મહેસાણા :
**www.mahesanadarshan.org**
છપૈયા :
**www.chhapaiya.com**
ટોરડા :
**www.gopallalji.com**




# મ્યુઝિયમ નિર્માણની સાથે સાથે......

- પ્રફુલ ખરસાણી (અમદાવાદ)

મનુષ્ય જન્મ એક અકસ્માત છે. માણસ બનવાની કલા એ આપણને આપણી જાણબહાર સોંપવામાં આવેલી નૈતિક જવાબદારી છે. જન્મના અકસ્માત પછી બીજા એવા ઘણા અકસ્માત છે જે આપણી પસંદગીના નથી હોતા. પ.પૂ. મોટા મહારાજશ્રીના શબ્દોમાં કહીએ તો "જેમ માણસ જન્મ, લગ્ન અને મરણ ઉપરથી લખાવીને આવે છે તેમ સેવા કરવાનું ભાગ્ય પણ ઉપરથી લખાવીને આવે છે, ગમે તેને સેવા કરવાનો મોકો મળતો નથી જેના ભાગ્યમાં હોય તેને જ મળે છે." આ રીતે હું ભાગ્યશાળી ખરો - મને મ્યુઝિયમ નિર્માણ કાર્યમાં સેવા કરવાની છેક ખાતમુર્હૂતથી લઈ ઉદ્‌ઘાટન સુધી તક મળી હતી.

૨૦૦૫માં ખાત મુર્હૂત વખતે કલ્પના પણ નહોતી કે



૨૦૧૧માં આ મ્યુઝિયમ જ્યારે આકાર પામશે ત્યારે આટલું ઉત્કૃષ્ટ બનશે. પછીના વર્ષોમાં તો અવારનવાર નિયમિત સમયે મ્યુઝિયમની મુલાકાત લઈ ફોટા લઈ અને આપણી વેબ સાઈટ પર મૂકવાની કામગીરી સંભાળતો હતો જેથી મ્યુઝિયમનાં બાંધકામની પ્રગતિ વિશ્વભરના આપણા સત્સંગીઓ નિહાળી શકે.

પરંતુ ખરી કામગીરી લગભગ એક વર્ષ અગાઉ શરૂ થઈ. પૂ.મહારાજશ્રીના નિવાસ સ્થાનેથી અને અન્ય જગ્યાએથી પ્રસાદીની વસ્તુઓ મ્યુઝિયમની ઓફિસમાં લાવવામાં આવી. અને તે બધી જ વસ્તુઓના ફોટોગ્રાફ્સ લઈ, જે તે વસ્તુઓનું માપ લઈ તેનો ઓળખ નંબર પાડી ને તે બધી જ વસ્તુઓનું ડોક્યુમેન્ટેશનનું કાર્ય ચાલુ થયું. તેમા મારી સાથે બીજા ચાર પાંચ હરિભક્તો પણ જોડાયા. અમે તે કામગીરી કરતી વખતે સ્વચ્છતા જાળવવાની ખાસ કાળજી રાખતા. મોઢે માસ્ક અને હાથમાં ગ્લોઝ પહેરી મૌન ધારણ કરી તે વસ્તુઓનું ડોક્યુમેન્ટેશન કરાતુ હતું. પરંતુ બધી જ પ્રસદીની વસ્તુઓના સ્પર્શનો લાભ મળ્યો હતો ! હું ભાગ્યશાળી હતો ! લગભગ એક મહિના જેવા સમય માં તે કામગીરી પૂર્ણ થઈ. પછી તે તૈયાર કરાયેલા ડેટાને પૂ.પી.પી.સ્વામી તથા પૂ.નિર્ગુણ સ્વામીને આપવામાં આવ્યો. જે તે વસ્તુનો મહિમા અને ઈતિહાસ લખવા માટે. અને નક્કી કરાયેલ થીમ પ્રમાણેના પ્રસંગોમાં તે વસ્તુઓને ગોઠવવાનું કાર્ય ખૂબ જ કપરુ હતું. હા અને ના વચ્ચે બધાને ગમતો જવાબ શોધવો મુશ્કેલ હોય છે. પરંતુ બન્ને પૂજ્ય સંતો એ ખૂબ સરસ કામગીરી કરી અને મહારાજના લીલાચરિત્રોની થીમ મુજબ તે બધી વસ્તુઓનું ડીસ્ટ્રીબ્યુશન કરી આપ્યું. નાનામાં નાના કામ માટે ગમે ત્યારે ફોન કરી બોલાવવાની છૂટ ખુદ તે બે સંતો એ મને આપી હતી. મેચમાં દરેક ખેલાડીને નથી રમવાનું હોતું પણ જે રમે તે આખી ટીમ વતી રમે છે. આખા સંત સમાજ વતી આ બંને સંતોએ ખૂબજ પ્રસંશનીય કામગીરી કરી હતી.

ત્યારબાદ તે બધી પ્રસાદીની વસ્તુઓને ડીસ્પ્લે કઈ રીતે કરવી તે પ્રક્રિયા શરૂ થઈ. ઉદ્‌ઘાટન સમારંભમા પ.પૂ.મહારાજશ્રીએ ચિક્કાર મેદનીમાં જેમને દાદાખાચરના બિરૂદથી નવાજયા હતા તેવા શ્રી કરશનભાઈ અમારી સાથે હતા. આખા મ્યુઝિયમના નિર્માણ કાર્યમાં દરેકે દરેક પાસામાં તેમની કામગીરી તો પ્રસંશનીય હતી જ પરંતુ ગમે તેટલા ટેન્શનમાં પણ તેઓ શાંતિથી કામ કરતા - લેતા. તેમને ગુસ્સે થયેલા જોવાની રાહમાં આખો પ્રસંગ પતી ગયો.

કપાઈ ગયેલા પતંગને હવા મળે તો પણ બાજુના ધાબા



સુધી જ જાય છે. આકાશમાં સ્વતંત્ર પણે ઉડવાની મઝા કોઈકના ઠમકા પર આધારિત હોય છે. મને પણ મ્યુઝિયમરૂપી આકાશ મળ્યુ અને ઠમકા પણ પૂ.મોટા મહારાજશ્રીના અને પૂ. મહારાજશ્રીના પછી ચગવાની કેવી મઝા પડે ? બન્ને મહારાજશ્રીની સતત નિયમિત મુલાકાતો અને માર્ગદર્શનના બળે કરીને દરેક હોલના કુલ ૯૩ જેટલા પ્રસંગોમાં લગભગ ૧૨૦૦ જેટલી પ્રસાદીની વસ્તુઓની ગોઠવણી માટેની ડીઝાઈનનું કાર્ય ચાલુ થયુ. તે દરમ્યાન તે બધી વસ્તુની જાળવણી માટે પ્રિઝર્વેશનનું સાથે સાથે કાર્ય કરવાનું હતું. ઘણી એજન્સીઓના સંપર્ક કરતા કરતા છેવટે તે બધી પ્રસાદીની વસ્તુઓ ને મ્યુઝિયમ માંજ એક અતિ આધુનિક લેબ તૈયાર કરી તેમાં પ્રિઝર્વેશનની કામગીરી ચાલુ કરાઈ કારણ કે બહારના લોકો માટે તે ઓબ્જેક્ટ માત્ર હતી પરંતુ આપણા સત્સંગ સમાજ માટે તો તે વસ્તુઓ સાથે શ્રધ્ધા અને ભક્તિપૂર્ણ મહિમા જોડાયેલ હતો. તેથી મ્યુઝિયમમાં જ તે કામગીરી ચાલુ થઈ અને તે



પણ આપણી વૈદિકકાળથી પ્રચલિત ઔષધિ દ્વારા. હવે ગોઠવણી માટેની ડિઝાઈન ચાલુ થઈ. પ્રસાદીની વસ્તુને ગોઠવવા ઉપરાંત લોકોને તેનો મહિમા સમજાય તે જરૂરી હતો. તેથી પ્રસંગો પ્રમાણે ચિત્રો અને ડાયોરામા દ્વારા ડીસપ્લે કરવાનું નક્કી કરાયું. દરેક વસ્તુનું મહત્વ જળવાઈ રહે અને આજુબાજુના દ્રશ્યથી વસ્તુ ગૌણ ન બની જાય તેવા પૂ. મહારાજશ્રીના સૂચનને ધ્યાનમાં રાખી તમામ ચિત્રો શેપીયાટોન ડ્યુઆટોનમાં બનાવવાનું નક્કી થયું અને તેના માટે ત્રણ કલાકારો વિજય શ્રીમાળી, નવીન સોની અને કમલેશ મકવાણાને કામગીરી સોંપવામાં આવી તે પણ મ્યુઝિયમમાં જ ચિત્રો બનાવતા જેથી સતત દેખરેખ હેઠળ જરૂરિયાત મુજબ ફેરફાર કરાવી શકતા. ડાયોરામાં પણ મેનીક્વીન બનાવતી વખતે એ વસ્તુનું ધ્યાન રખાયું હતું કે પ્રદર્શન ન બની જાય. પ્રસાદીની વસ્તુનું મહત્વ જળવાઈ રહે તેના માટે મેનીક્વીનને સીંગલ કલર ગોલ્ડન અને સિલ્વર કલર કરવાનું નક્કી થયું. તેની બેગ્રાઉન્ડ પણ મોનોક્રોમમાં બનાવી માત્ર ને માત્ર 'ઓબ્જેક્ટ' ને જ હાઈલાઈટ્સ કરવાનું નક્કી કરાયું.

ત્યારબાદ બધી પ્રસાદીની દિવ્ય વસ્તુઓને જે પ્રમાણે હોલ - પ્રસંગો પ્રમાણે પૂ. સંતોએ વિભાજિત કરી હતી તેને ડીસ્પ્લેની ડિઝાઈન કરવાની કામગીરી ચાલું થઈ. આ વખતે પૂ.મોટા મહારાજશ્રી અને પૂ. મહારાજશ્રી નિયમિત પણે સાંજના સમયે આવી અને બધી કામગીરી નિહાળતા અને જરૂરી સૂચનો કરતા. જેમ કે પ્રસાદીના પત્રોને ગ્લાસ પર પ્રિન્ટ કરાવવા, ચરણારવિંદને એન્લાર્જ કરી ડીસ્પ્લે કરવા જેથી ડીટેઈલ લોકોને જોવા મળે, અરે ત્યાં સુધી કે ઈન્ટરનેટ કે બીજા સ્તોત્ર દ્વારા જે તે વસ્તુને લગતી વધારાની માહિતી પણ લાવી મને આપતા.

શોકેસ ડિઝાઈન થયા બાદ તેમાં લાઈટ્સની ગોઠવણી કરવાની આમ સહેલી પણ ખૂબજ કપરી કામગીરી આવી કારણ કે જો ઓછી લાઈટ હોય તો વસ્તુ બરાબર ન દેખાય અને જો વધુ લાઈટ હોય તો વસ્તુની જાળવણીમાં બાધારૂપ બને તેમ હતું. વળી પૂ. મહારાજશ્રીના ઈકોફ્રેન્ડલી મ્યુઝિયમ બનાવવાના કોન્સેપ્ટને ધ્યાનમાં રાખીને બધી લાઈટો એલ.ઈ.ડી. વાપરવાનો નિર્ણય લેવાયો. એલ.ઈ.ડી.લાઈટોના ફીટીંગ્સના સેમ્પલો મંગાવાયા પરંતુ ખૂબજ ઉંચી કિંમતના હતા. મ્યુઝિયમમાં સતત હાજર રહેતા હોવાથી નાનામાં નાના હરિભક્તો પાસેથી એક એક રૂપિયો કેવી રીતે આવતો તેનાથી અમે વાકેફ હતા. કોઈક વિધવાબેને પોતાના મંદબુધ્ધિના બાળકની સારવારમાંથી અને ઘર વપરાશમાંથી બચાવી ને તે પૈસા મ્યુઝિયમમાં આપ્યા હતા તો કોઈ બાળકે તેના પોકેટ મનીમાંથી બચાવી ને દાન આપ્યુ હતું. તો કોઈ આર્થિક રીતે નબળા હરિભક્ત મોટી રકમ લઈને આવતા તેને બાપજી સમજાવીને ના પાડતા ત્યારે આંખના ખૂણે બાઝી જતા આંસુઓનો અમે હિસાબ નહોતો રાખ્યો. તે બધાના રૂપિયાનો સદ્ઉપયોગ થયાનો સંતોષ અમારે તેમના સુધી પહોંચાડવાનો હતો. તેથી ખૂબ ઉંચી જતી લાઈટની રકમ નીચી લાવવા ફીટીંગ્સ જાતે જ બનાવવાનું નક્કી થયું. તે કપરી કામગીરીમાં અમારી સાથે જોડાયા શ્રી જગદીશભાઈ શાહ તેમને પોતાની ફેક્ટરીનો વિચાર કર્યા વગર સતત ૩ મહિના સાથે રહી શ્રી કરશનભાઈની ચિંતા



હળવી બનાવી દીધી. આ બધું કરતા કરતા તો મ્યુઝિયમ ઉદ્‌ઘાટનની તારીખ નજીક આવી ગઈ ! હજુ તો બધી ગ્રાફિક પેનલો બનાવાની સાઈનેજ સિસ્ટમં તૈયાર કરવાના વસ્તુઓ ગોઠવવાની વગેરે ઘણી કામગીરી બાકી હતી. પરંતુ પૂ.મોટા બાપજી કહેતા કે મ્યુઝિયમના નિર્માણમાં પળે પળે શ્રીજી મહારાજ પરચા પૂરે છે. અને તે વાતને સાચી ઠેરવતા એક સત્સંગીભાઈની બે દીકરીઓ નયના અને નંદીની તથા મહાદેવભાઈ, મનજીભાઈ, કેતન, પંકજ, અલ્કેશ, કૃણાલ અને વિપુલ જેવા ઘણા સત્સંગી - બીન સત્સંગી આ સેવા કાર્યમાં તન મન અને ધનથી જોડાઈ ગયા. છતા બધાને એક ડર હતો કે ૮મી તારીખ સુધીમાં પહોંચી વળીશું કે કેમ ! પરંતુ ચાલવાનું સુખ પગના ચપ્પલ નક્કી નથી કરતા હૃદયની મક્કમતા નક્કી કરે છે. આવા મક્કમ હૃદયના માણસ એવા શ્રી કરશનભાઈએ અને સૌએ સાથે મળી નક્કી કર્યું. રાત દિવસ એક કરીને પણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન તારીખ સુધીમાં પૂરે પૂરૂ તૈયાર કરવું.



શરૂ થયું એક અભિયાન - સંપૂર્ણ મ્યુઝિયમ ચાલુ કરવાનું બાપજીના સ્વપ્રને પુરૂ કરવાનું અને સૌના આશ્ચર્ય વચ્ચે અમે એ કરી શક્યા. કારણ કે આ કામ હતુ શ્રીજી મહારાજનું આશીર્વાદ હતા તેમના વંશજોના અમે તો માત્ર નિમિત્ત હતા.

આ તો થઈ અમારી વાત ! પરંતુ બાપજીએ મ્યુઝિયમ નિર્માણનું સ્વપ્ર જોયું ત્યારથી પાછળ વળીને જોયું નથી. શરૂઆતમાં દેશ - વિદેશ ફંડ માટે ત્યારબાદ ડિઝાઈન નક્કી કરવામાં અને પછી નિર્માણ કાર્યમાં સતત વ્યસ્ત રહી નિવૃતિમાં પ્રવૃત રહ્યા છે અને તેથી જ વિશ્વને આવી અણમોલ ભેટ આપી શક્યા છે. સમગ્ર નિર્માણની પ્રોસેસ દરમ્યાન પૂ.બાપજીને ભિષ્મ પિતામહની બાણશૈયા ઉછીની લેવી પડી હશે, મીરાના ઝેરના કટોરાનો ઓડકાર પણ અનુભવવો પડ્યો હશે, છતા બાપાજીએ મેઘ ધનુષ્યમાં ખૂટતાં રંગોને પોતાના ખભે ઉછેરીને મેઘ ધનુષ્યને ખડખડાટ હસાવ્યા છે. અને મ્યુઝિયમના વાતાવરણને ખૂબ આલ્હાદ્ક બનાવ્યું છે. મૌન મંદિર અને મ્યુઝિયમનું વાતાવરણ જુદાજ પ્રકારનું છે બીજે ક્યાંય એવું નથી એટલે ખબર નથી કોના જેવું પણ આપણે મ્યુઝિયમી વાતાવરણ કહી શકીએ અને એટલેજ માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને કહેવું પડ્યુ કે "એ મ્યુઝિયમ નથી પણ કાંઈક બીજું જ છે." એ બીજું શું છે એ અનુભવવા આપને મ્યુઝિયમ આવવું જ રહ્યું. અસ્તુ !


**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

# www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦




# આપણી આઈ.એસ.એસ.ઓ. "સેવા" સંસ્થા દ્વારા જાપાનના ભૂકંપ પીડિતોને સહાય



વિધ્વંશ, સર્વનાશ, ભૂખમરો, અજંપો, હિંમત અને દયા તેમજ અનુકંપા, આ બધા શબ્દો છે જેના દ્વારા વર્ણવી શકાય. જાપાનમાં થયેલા કુદરતી તાંડવ એવા ધરતી કંપને. રીકટર સ્કેલ પર ૮.૯ જેટલી ઊંચી માત્રામાં નોંધાયેલા આ ધરતી કંપે જાપાનના ઉત્તર-પૂર્વ દરિયા કિનારે મોટું સુનામીનું તોફાન સર્જ્યું. આ સુનામી તોફાન એટલું ભયાનક હતું કે તેમાં કશું જ બચ્યું નહીં અને જે લોકો આ તોફાનમાંથી પણ આબાદ બચી ગયાં ત્યારે તેમની પાસે પોતાનું કશું જ બાકી બચ્યું નહીં. તમામ વર્ગ અને ઉંમરના લોકો ખોરાક દ્વારા પોતાનું જીવન કઈ રીતે ટકાવશે તે બાબત અનિશ્ચિત હતી.

પરંતુ જાપાનના લોકોની ધીરજ, હિંમત અને પ્રબળ ઈચ્છા શક્તિ દાદ માગી લે તેવા છે. આવા કટોકટીના સમયે પણ અભૂતપૂર્વ હિંમત દાખવીને તેઓ એકબીજાની મદદે કામે લાગ્યા છે. ખોરાક અને અન્ય જીવન જરૂરિયાતની આવશ્યક ચીજવસ્તુઓ મેળવવા માટે લાંબી લાઈનમાં પોતાનો વારો આવે ત્યાં સુધી શાંતિથી રાહ જોતાં, અને કોઈપણ પ્રકારની લૂંટફાટ કર્યા વગર તેમજ શાંતિ અને વ્યવસ્થા જાળવતાં જાપાનીઝ લોકોએ એકબીજા પ્રત્યે અદ્‌ભુત અનુકંપા દર્શાવી છે. તેમ છતાં તેમને બધાની ઘણીજ મદદની જરૂર છે.

આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી આપણા આઈ.એસ.એસ.ઓ. નો હંમેશા એ ધ્યેય રહ્યો છે કે જે લોકોને પૂરતી સ્વાસ્થ્યને લગતી સેવાઓ મળતી નથી કે જેઓ દુર્ભાગ્યવશ અનેક બિમારીઓના ભોગ બન્યા છે અથવા જેઓ કુદરતી આફતોનો શિકાર બન્યા છે તેવા લોકોને તમામ પ્રકારની મદદ પૂરી પાડવી.

વિશ્વના કોઈપણ ભાગમાં વસતા આવા લોકોને કોઈપણ પ્રકારના જાતિ, ધર્મના ભેદભાવ વગર આપણી આઈ.એસ.એસ.ઓ. ''સેવા'' જેવા માનવતાવાદી સંસ્થાન દ્વારા તમામ પ્રકારની મદદ પૂરી પાડવામાં આવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે એવી આજ્ઞા કરી છે કે, ''ગરીબ અને જરૂરીયાતવાળા લોકોને મદદ કરવી.''

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ જ્યારે જાપાનની તારાજીના સમાચાર જાણ્યા અને ત્વરીત તેઓશ્રીએ ફોન દ્વારા આપણી સેવા સંસ્થા અને આઈ.એસ.એસ.ઓ. ના દરેક ચેપ્ટરોના હરિભક્તોને જાપાનમાં મદદ માટે આજ્ઞા કરી. ત્યારે એક પણ ક્ષણના વિલંબ વિના અમેરિકાના તમામ આપણા આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોના શ્રી સ્વામિનારાયણ મંદિરો દ્વારા જાપાનના નાની જરૂરિયાતવાળા લોકોને મદદ કરવાના ઉમદા હેતુથી ફાળો ઉઘરાવવાનું શરૂ કર્યું. સંસ્થાની અપેક્ષા કરતાં ઘણું જ વધારે ફંડ એકઠું થયું. અને આ તમામ મદદ સમયસર જરૂરિયાત વાળા લોકોનો પહોંચાડયાનો આઈ.એસ.એસ.ઓ. "સેવા" ગર્વ અનુભવે છે.

આપ પણ આઈ.એસ.એસ.ઓ. "સેવા"ના આ ઉમદા કાર્યમાં જોડાઈ શકો છો. આ એક એવી સંસ્થા કે જે અકસ્માત અને કુદરતી આફતથી પીડિત એવા લોકોને મદદ કરે છે તેમાં આપનું યોગદાન આપી શકો છો.



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## પરીક્ષા પછી શું ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

આપણે વિદ્યાર્થીઓને કેટલી બધી ચિંતા છે ? કોઈ અણસમજુ તો કહે પણ ખરા કે તમને વિદ્યાર્થીઓને શાની ચિંતા ? બસ, ખાવું ને ભણવું અને વધારાના સમયમાં ફરવું. બીજું છે જ શું. નથી ધંધાની ઉપાધિ કે નથી કુટુંબની જવાબદારી.

વિદ્યાર્થીઓને તો કેવી મોટી મોટી ચિંતાઓ હોય છે તે એવા લોકો શું જાણે ? દશ મહિના સુધી રમ્યા, રખડ્યા અને કહેવા પૂરતી સ્કૂલોમાં હાજરી આપી ત્યાં તો પેલી પરીક્ષાઓ નજદીક આવવા લાગી અને ચિંતાની શરૂઆત થઈ. ઉજાગરા શરૂ કર્યા. મહેનત કરી અને પરીક્ષા આવી પહોંચી. પરીક્ષા કેન્દ્રની પાટલી ઉપર બેઠા. પ્રશ્નપત્ર વહેંચવા લાગ્યાં. અને જોતાં વેંત ગભરામણ થઈ પરસેવો વળી ગયો. કેટલાંય "સ્યોર સજેસનો" જોયાં હતાં. ખરીદ્યાં હતાં પણ એમાનું એકેય પૂછાયું નથી. કોને ગાળો દેવી ! પ્રશ્ન પત્ર લખનારને ! કે પછી સુપર વાઈઝરને ! જેમ ફાવ્યું તેમ લખીને છુટકારનો દમ ખેંચ્યો પણ મનમાંથી ચિંતા હજુ મટતી નથી.

પણ હવે શાની ચિંતા ! પરીક્ષાઓ પતી ગઈ છે. અરે ! પણ અજાણ્યાને શું ખબર પડે. ખરી ચિંતા તો હવે થાય છે. કારણ કે મા-બાપ મિત્રો વિગેરેને કહી દીધું છે કે - મારા પેપરો સારાં ગયાં છે. આમતો ફર્સ્ટ ક્લાસ આવું તેમ છું પણ પેપર તપાસનારા કંઈ ગડબડ કરે તો પણ સેકન્ડ ક્લાસમાં શંકા છે જ નહીં. બધાની આગળ એવું એવું બોલ્યા કરું છું પણ પેપરમાં શું બાફ્યું છે તે તો હું જાણું છું એટલે હવે તો પરિણામની ચિંતા સતત થયા કરે છે.

એટલે હવે શું કરવું તેની સમજણ પડતી નથી. હવે મારા મિત્રનો ફોન આવ્યો છે એટલે એક દિવસ વડોદરા જઈ આવું અને ત્યાંથી સુરત પણ જવું પડશે અને મારા ફાધરને કહીશ ભાવનગર એક આંટો મારી આવે, પણ સુરત, વડોદરા, ભાવનગર શા માટે જવાનું ! આવી ઉનાળાની ગરમીમાં ? અરે, યાર, સાંભળ્યું છે કે પેપરો ત્યાં ગયાં છે અને હમણાં ગઈ કાલે જ હનુમાન મંદિરે ગયો હતો. ત્યાં માનતા લીધી છે કે જો પરિણામ સારૂં આવે તો દર શનિવારે ત્યાં દર્શન જવું, તેલ અને નાળીયેર ચડાવવું, અને એક જોષીના કહેવાથી મંગળવારે મગ ખાઉં છું. ગુરુવારે વધારેલા ઘઉં ખાઉં છું. અને શુક્રવારે શેકેલા ચણા ખાઉં છું. શનિવારે તેલમાં તળેલાં બાજરીનાં વડા ખાઉં છું. આપણે બધાનું માનીએ. કંઈ કહેતા કંઈ કોઈનું સાચું પડી જાય અને આપણે સકસેસફુલ થઈ જઈએ. પછી બંધો નહીં ખોલો ? વિદ્યાર્થીઓને કેટલી બધી ચિંતાઓ હોય છે. પરીક્ષા આપ્યા પછી પરિણામની બીક બહુ ભયંકર હોય છે. એ તો હવે સાધુ મહાત્માઓ પણ સમજે છે. ગઈ કાલે જ હું મારા એક ફ્રેન્ડ સાથે સ્વામિનારાયણના મંદિરમાં ગયો હતો.

અમે એક મહાત્માને પગે લાગીને બેઠા. ત્યારે તે સ્વામીએ પણ પરીક્ષા અને પરિણામની જ વાતો કાઢી. મને તો ખૂબ મજા પડી. એમનો થોડોક ઉપદેશ મારા શબ્દોમાં જ કહું છું.

તેઓશ્રીએ કહ્યું કે બરાબર અભ્યાસ કર્યા વગર પરીક્ષા કેન્દ્રમાં જતાંની સાથે જ બીક લાગે છે. બરાબર જવાબો લખ્યા ન હોય તો પરિણામનો ભય રહ્યા કરે છે. એ બાબત ફક્ત વિદ્યાર્થીઓ પૂરતી જ નથી પણ માનવ માત્રને સ્પર્શે છે. આ દુનિયા છે તે પ્રભુનું પરીક્ષા કેન્દ્ર છે. માનવ માત્ર પરીક્ષાર્થીઓ છે. પોતાના જીવનમાં આવતા અવનવા પ્રસંગો તથા પરિસ્થિતિ એ તે પ્રશ્નપત્રો છે. હવે જો તેના જવાબો સચોટ નહીં આપ્યા હોય તો પછી શું થશે ? વિદ્યાર્થી કદાચ નાપાસ થશે તો બીજા વર્ષે ફરીથી પરીક્ષા આપી શકશે. પણ માણસ જો પ્રભુની પરીક્ષામાં ફેઈલ થશે તો ફરીથી ચાન્સ મળવો શક્ય નથી, તેમ સરળ તો નથી જ માટે સંતોનો સમાગમ અને શાસ્ત્રોનો અભ્યાસ કરીને જીવનમાં આવતી પરીક્ષાઓ સાચી રીતે પાર કરવાથી પ્રભુ રાજી થાય છે. આ લોકની પરીક્ષાઓમાં તો લાગવગ માટે સુરત-વડોદરા દોડશો પણ પ્રભુની પરીક્ષામાં ગડબડ કરશો તો લાગવગ ચાલશે નહીં. અને નીચું જોવું પડશે. ત્યાં કોઈ પણ જાતની બુદ્ધિ, દલીલ કે યુક્તિઓ ચાલશે નહીં. જીવનને સાચી રીતે અને સારી રીતે પસાર કર્યું હશે તો જ તમે પાસ ગણાશો.

માટે વિદ્યાર્થીઓએ ફક્ત સ્કુલ અગર કોલેજની પરીક્ષા આપીને પતી ગયુ છે. એમ માનવું નહીં પણ પ્રભુની પરીક્ષા માટેની તૈયારીઓ પણ કરવી તો જ ચિંતાથી મુક્ત બનશો.

શાળા કોલેજની પરીક્ષાઓ પતી ગયા પછી નવરા પડેલા વિદ્યાર્થીઓ પોતના નાકે, મંદિરના ઓટલે અને ગામની ભાગોળે. બેઠા બેઠા કલાકો ને કલાકો પસાર કરે છે અને ત્યાં બેસીને ન જોઈતી નકામી વાતો, કોઈની મશ્કરી કરીને સમય બરબાદ કરી નાંખે છે. અંતે એમાંથી કશું મળતું નથી. પણ ગુમાવવાનું જ રહે છે.



પરીક્ષા પછીના વેકેશનમાં મંદિરમાં જઈ દર્શન કરવાં, સારા સંતો પાસેથી ઉપદેશ સાંભળવો. સારાં પુસ્તકો તેમજ વચનામૃત, સત્સંગિજીવન જેવાં શાસ્ત્રો વાંચવા, ઘરમાં માતા પિતાને ઉપયોગી બનીએ તેવી પ્રવૃતિઓમાં ભાગ લેવો. અને સારી ટેવોનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા. એ રીતે વર્તવાથી આપણે સાચા માનવ બની શકીશું અને પ્રભુની પરીક્ષામાં સફળ થઈશું.

આ મહાત્માજીએ ઉપર પ્રમાણે અમને ઉપદેશ આપ્યો. મેં નક્કી કરી લીધું કે આ રજાઓમાં દરરોજ મંદિરમાં જઈ દર્શન, ભજન કરીને સંત સમાગમ કરવો. ઘેર મા-બાપની સેવા કરવી. મને લાગે છે. પરીક્ષામાં પાસ થવા માટે લીધેલી બાધાઓમાં આ પ્રભુ ભજનનું નિયમ સર્વોત્તમ બાધા છે. પ્રભુ કૃપા થાય પછી આખી જીંદગી સુખમાં પસાર થાય છે. બસ આ વેકેશનમાં સમય બગાડવો નથી, સુધારવો છે.

●

### ભગવાન સર્વત્ર વસે છે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાનના ચરિત્રો અપાર છે. એ ચરિત્રો ઉપરથી ભગવાનના અનેક નામો છે. સ્વામિનારાયણ ભગવાનનું એક નામ "શ્રી વાસુદેવ" છે. એનો અર્થ એવો થાય છે કે "सर्वत्र वसति इति वासु; અથવા समस्त वासयति इति वासुः वासु चा सौदेव वासुदेवः" "સમગ્ર બ્રહ્માંડમાં ચિત્ અચિત્ સર્વત્ર જેનો નિવાસ છે. એને વાસુ કહેવાય." અનંત કોટી બ્રહ્માંડમાં અણુંઅણુંમાં જે અંતર્યામીપણે નિવાસ કરીને રહ્યાં છે. એનું નામ વાસુ. એવા દેવ એટલે વાસુદેવ."

સ્વામિનારાયણ ભગવાન સર્વત્ર વસે છે. એનો પુરાવો આપતું એક સુંદર ચરિત્ર વાંચો.

ભગવાનના ભક્તો આઠો પહોર ભગવાનનું સ્મરણ કરે. કોઈપણ ક્રિયામાં સહેજે સહેજે ભગવાનને યાદ કરે. એક હરિભક્ત બહેન સવારના પહોરમાં નંદ સંતોના કીર્તન ગાતા ગાતા રોટલા બનાવતા હતા. તેમાં એક રોટલો સરસ ફૂલીને દડા જેવો થયો. આ બહેનના મુખમાંથી શબ્દ સરી પડ્યો. આ હા હા આ તો મારા ભગવાન જમે તેવો સુંદર રોટલો ફૂલ્યો છે. જે ક્રિયા ભાવથી થતી હોય જે ક્રિયા પ્રેમથી થતી હોય. અને તેમાં ભગવાનની ભક્તિ ભળે પછી તેવી વસ્તુનો સ્વીકાર ભગવાને કરવો જ પડે. અનંત કોટી બ્રહ્માંડમાં અણું અણુંમાં જે અંતર્યામીપણે નિવાસ કરીને રહ્યા છે. એવા વાસુદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ બહેનના શુભ સંકલ્પને જાણી ગયા. આ બહેન તો પોતાના રોજીંદા કામમાં તલ્લીન હતા. જીવ જાણી ન શકે કે તે પ્રતિક્ષણ મન, કર્મ, વચને કેવા કાર્ય કરે છે. પણ તેનું પરિણામ જરૂરથી જોવા મળે છે.

રોટલા કપડામાં લપેટ્યા. સાથે દહીંની નાની મટુંકી લીધી. ગોળના બે-ત્રણ ઢેફાં લીધા. આથેલા મરચાને તાજું રવૈયાનું શાક બનાવેલું. સાથે લીધું. આ બધું એક છાબડામાં મૂકી માથે ચઢાવી ઘરની સાંકળ વાખી ખેતર તરફ ચાલ્યા.

રસોઈ બનાવી છે, પોતાના પતિ માટે. પણ હૈયે ભાવ હતો ભગવાનને જમાડવાનો. હરિનું સ્મરણ કરતા કરતા આ બહેન પોતાના ખેતરને રસ્તે જઈ રહ્યા છે. અડધે રસ્તે જ્યાં પહોંચે છે. ત્યાં તો સામેથી કોઈ ઘોડેસ્વાર આવતો નજરે ચડે છે. રસ્તે કોઈની અવર-જવર નહોતી. આ બહેન એકલા હતા. થોડા ગભરાયા કોણ હશે આ ? હે મહારાજ ! રક્ષા કરજો. ધારી ધારીને જીણી નજર કરીને જોયું. માથે સુંદર પાઘ, પાઘના છોગલા જોયા. ઘોડી જોઈ, અરે આ તો માણકી, પણ ના, ના મારા પ્રભુ તો અંતરધ્યાન થઈ ગયા છે. માણકીનો પણ અક્ષરવાસ થયો છે. આવા વિચારોના વમળમાં હતા. ત્યાં ઘોડી નજીક આવી ગઈ. અહો મારા મોટા ભાગ્ય. મને શ્રીજી મહારાજના દર્શન થયા. મહારાજ ઘોડીએથી નીચા ઊતર્યા. બહેન અમને રોટલો જમાડશો. આ બહેન તો ખુશ-ખુશાલ થઈ ગયા. કેમ નહીં મહારાજ જરૂરથી, માથેથી છાબડું નીચે ઉતારી રોટલા ઉપરનું કપડું ખોલ્યું. લ્યો મહારાજ જમો. ના આ રોટલો નહિં. અમારો રોટલો. મહારાજ આ બધા તમારા જ છે. ના પણ જે ફૂલ્યો હતો. ત્યારે તમે બોલ્યા કે મારા ભગવાન જમેં તેવો ફૂલ્યો છે. તેજ રોટલો અમારે જોઈએ. બે-ત્રણ રોટલા ઉથલાવ્યા પછી કહ્યું બસ ! આજ રોટલો ! મહારાજ રોટલો લઈ આરોગવા માંડ્યા. લ્યો મહારાજ આ રોટલા સાથે દહીં, ગોળ, મરચું, રવૈયાનું શાક કાંઈક તો લ્યો. એકલો રોટલો કેમ જમો છો. અમને તો આ રોટલામાંથી જ અદ્ભુત સ્વાદ આવે છે. માટે બીજું કાંઈ જ નહિ. જોઈએ.

અડધો રોટલો ભક્ત આધિન ભગવાન ઉભા ઉભા જ જમી ગયા. અડધો રોટલો પ્રસાદીનો પાછો આપે છે. આ બહેન જ્યાં રોટલો મૂકવા ગયા. અને ઉંચે જુએ છે તો કોઈ જ જોવા ન મળે. ન મહારાજ ન માણકી ઘોડી ફક્ત નિશાની એટલી જ કે અડધો રોટલો મહારાજનો પ્રસાદીનો હતો.

હૈયામાં ભાવ રાખી પ્રભુને ભજશો તો સર્વત્ર જેમનો અંતર્યામીપણે નિવાસ છે. એવા વાસુદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન ભક્તના મનોરથો પૂર્ણ કરવા જરૂરથી પધારશે. (શ્રી જનમંગલ કથા ભાષ્યના આધારે)

# ભક્તિસુધા

## શ્રધ્ધાને માહાત્મ્ય એ ભક્તિનો પાયો

- સાં.યો. કોકિલાબા (સુરેન્દ્રનગર)

ભક્તિમાં શ્રધ્ધા અગત્યનો ભાગ ભજવે છે. પ્રભુ પ્રત્યે જેટલી શ્રધ્ધા એટલા પ્રભુ નજીક. જો હૈયામાં શ્રધ્ધા જીવંત ન હોય તો ભગવાનની પ્રાપ્તિ થતી નથી. દુર્યોધનને જીવતા-જાગતા શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા તો પણ એનો કોઈ અર્થ સર્યો નહીં. જ્યારે મીરાંબાઈ અને નરસિંહ મહેતાને નામ રૂપે શ્રીકૃષ્ણ મળ્યા તો પણ એમના સર્વ અર્થ સરી શક્યા. શ્રીજી મહારાજે ગઢડા મધ્યના જ વચનામૃતમાં કહ્યું છે કે, "અખંડ ચિંતવન થાય એવી શ્રધ્ધા જોઈએ. અને જ્યારે એવી શ્રધ્ધા ન હોય ત્યારે તેટલું માહાત્મ્ય જાણવામાં પણ ઓછપ છે. અને જ્યારે માહાત્મ્ય જાણવામાં ઓછપ છે ત્યારે તેટલું ભગવાનના સ્વરૂપના નિશ્ચયમાં પણ ઓછપ છે. માટે જો ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય તથા શ્રધ્ધા હોય તો અખંડ ચિંતવન છે. માટે અતિશય શ્રધ્ધાને અતિશય માહાત્મ્ય એ બે વાનાં દિવસે દિવસે નવીન રાખવા. આ શુકમુનિ બહુ મોટા સાધુ છે. અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે પણ મંદ તો પડતો નથી. માટે એ મુક્તાનંદ સ્વામી જેવા છે. ભગવત્ ગીતામાં પણ "શ્રધ્ધાવાન લભતે જ્ઞાનમ્" કહી શ્રધ્ધા વિશે મહિમા ગવાયો છે. માટે મોક્ષ માર્ગમાં શ્રદ્ધાની ખાસ જરૂર છે.

એક ભાઈ હતા. એને ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસના કરવાનો વિચાર કર્યો. બજારમાં જઈ ત્રિભંગી-બંસીધર શ્રીકૃષ્ણની મૂર્તિ ખરીદી ને સેવાખંડમાં પધરાવી સેવા પૂજા કરવા લાગ્યો. બ્રાહ્મ-મુહૂર્તમાં ઉઠે, સ્નાનાદિકથી પરવારી પૂજામાં બેસે. મૂર્તિને સ્નાન કરાવે, વાઘા પહેરાવે, ફુલહાર ચઢાવે, ગાંગડી સાકર મૂકે, આરતી ઉતારે આ પ્રમાણે પ્રેમથી પ્રતિદિન પૂજા કરે. આમને આમછ મહિના વીતી ગયા. પણ ભગવાન શ્રીકૃષ્ણે સ્વપ્નમાં પણ દર્શન ન દીધા. પછી આ ભાઈની શ્રધ્ધા ડગમગી ગઈ. પ્રેમથી સેવા કરી પણ શ્રીકૃષ્ણ ભગવાન ન રીઝ્યા. એટલે પછી એને તો "શ્રીરામની" ઉપાસના શરૂ કરી. એમની પૂજા કરે છતાંય દર્શન ન થયા એટલે પછી ભોળાનાથની ઉપાસના કરી સેવા-પૂજા કરે. જપ-તપ શરૂ કર્યા પણ ભોળાનાથનાય દર્શન ન થયા. છેવટે માતાની મૂર્તિ લાવીને સેવા પૂજા કરવા લાગ્યો. માતાજી એ પણ દર્શન ન આપ્યા. છેવટે નિરાશ થઈ ગયો. એવામાં એનો મિત્ર ઘણા દિવસે મળ્યો. મિત્રને વાત કરી. ત્યારે મિત્ર કહે, "અરે ભાઈ, તું વળી ક્યાં એ કાળીયા ધોળીયા, ભોળીયા ને ઝપાટે ચઢી ગયો! હવે જો તું મારૂં માનતો હોય તો બધાને છોડીને માતાની સેવા કર. મા તો મમતાળું કહેવાય. આંખના પલકારામાં રીઝી જાય."

ભાઈને આ વાત ગમી. એટલે કૃષ્ણની ત્રિભંગ મૂર્તિ રામની મૂર્તિ, શંકરની મૂર્તિને અભરાઈ ઉપર ચડાવી દીધી. ને માતાજીની સેવા પૂજા કરવા લાગ્યો. હોમ, હવન, નૈવેદ્ય, ધૂપ, દ્રવ્યો બજારમાંથી લાવીને પૂજા કરવા લાગ્યો. સુગંધીદાર દ્રવ્યો વડે પૂજાનો ખંડ મહેક મહેકમય થઈ જતો. જેથી ભાઈ તો ખુશ ખુશ થઈ ગયો. આ હા હા, શું સુગંધ મહેકી રહી છે ને એમ બોલી આનંદમાં આવી જતો. અરે, પણ આ સુગંધી તો માતાજી માટે જ કરૂં છું. એનો લાભ માત્ર માતાજીને જ મળવો જોઈએ. છતાંય અભરાઈ ઉપર બેઠેલો પેલો કાળીયો લાભ લઈ જાય તે કેમ ચાલે ? મફતની સુગંધી એમને તો ના મળવી જોઈએ. આમવિચાર આવતા ઉભો થઈ, રસોડામાં જઈ રોટલીની કણક લઈ જલદી આવ્યો ને અભરાઈ ઉપર મૂકેલી શ્રીકૃષ્ણની મૂર્તિને નીચે ઉતારીને નાકનાં બને નસકોરોમાં રોટલીની કણકનું સીલ લગાડી દીધું. અને બોલ્યો કાળીયા, હવે જોઉં છું કે તું કેવો સુગંધ લઈ શકે છે ? ત્યાં તો ચમત્કાર થયો. મૂર્તિ ખડખડાટ હસવા માંડી, ભાઈ તો આભો જ બની ગયો. ને બોલ્યો ચમત્કાર વગર નમસ્કાર ન કરે. પણ ભગવાન ! આ શું ? હસી રહ્યા છો કેમ? છ - છ મહિના સુધી સેવા પૂજા કરી છતાંય સ્વનેય ન દેખાયા ? અહીં નાકમાં કણક ઘાલવા બેઠો ત્યારે હસ્યા ! પ્રભુ, આ રહસ્ય મને સમજાવશો ?

ભગવાને હસતાં હસતાં કહ્યું, ગાંડા આટલુંય ન સમજ્યો ? આજ સુધી તેં મારી સેવા કરી, પણ પથ્થરની મૂર્તિ માનીને ? ને આજે તેં મારામાં ચેતન ભાળ્યું. અભરાઈ ઉપર બેઠેલો કાળીયો, સુગંધ શેનો લઈ જાય. સુગંધ તો જે જીવતો હોય તે જ લઈ જાય ને ? તેં મારામાં ચેતન ભાળ્યું તો હું પણ ચેતન થઈ ગયો. તારા હૈયાની ભાવના પલટાઈ તો એની સાથે હું પણ પલટાયો.

ઉપરોક્ત પ્રસંગ ઉપરથી સમજાશે જે ભગવાનની મૂર્તિ પથ્થર તરીકે નહિ માનવી. શ્રધ્ધા સાથે ભગવાનના સ્વરૂપનો મહિમા સાથે ઉપાસ્ય દેવ સાથે, આત્મભાવ પ્રગટશે ત્યારે જ મૂર્તિમાંથી પ્રભુ પ્રગટ થશેજ. માટે શ્રદ્ધા-મહિમા-ભાવ સહિત જ ભક્તિ કરવી. ભાવ-શ્રધ્ધા વિનાની ભક્તિ તો વર વિનાની જાન જેવી કહેવાય છે. શ્રધ્ધા, માહાત્મ્ય એ તો ભક્તિનો પાયો છે.

●

## ધૈર્ય શીલતા

- પરમાર ભૂમિકા ભગવાનજીભાઈ (સુરત)

ભગવાનના ભક્તને ભૂંડા દેશકાળનો જોગ થાય કે સુખ દુઃખનો જોગ થાય ત્યારે શુભ વિચાર રાખીને ધીરજ રાખવી









# કેમેરાની-આંખે















પણ અકળાવવું નહિ. પૂર્વે મોટા-મોટા મુક્તોને મહા કષ્ટ થયા છે તો પણ શુભ વિચાર કરીને ધર્મ સહિત પ્રભુ ભજતા હતા. તો વ્હાલા ભક્તો આપણને દુઃખ થાય તેમાં શું નવાઈ ?

આજના આ ઘોર કળિકાળમાં જ્યારે માણસે નાનું સરખું દુઃખ આવી પડે ત્યારે તે ધીરજતાનો ત્યાગ કરી દે છે અને સુખની શોધમાં હંમેશા ઉદ્વેગમાં રહ્યા કરે છે. ભગવાન પૂર્ણ પુરુષોત્તમના લાડીલા ભક્તોએ તો અનેક દેહના દુઃખ સહન કરીને પણ ભગવાનને રાજી કરવા માટે નિરંતર ભક્તિ કરતા હતા.

વ્હાલા ભક્તો જેને સત્સંગીની જનની કહેવાય છે એવા સદ્‌ગુરુવર્ય મુક્તાનંદ સ્વામીએ આઠ-આઠ વર્ષ સુધી ક્ષય રોગનું દુઃખ સહન કર્યું હતું. તેવી જ રીતે શામળીયા ચૈતન્યાનંદ સ્વામી તથા અક્ષરાનંદ સ્વામીને તથા નૃસિંહાનંદ સ્વામીને હરસનું દર્દ હતું. નિત્યાનંદ સ્વામીને આંખનું દર્દ હોવા છતાં શાસ્ત્રો લખીને સત્સંગની નિરંતર સેવા કરી હતી. આનંદાનંદ સ્વામીને અંગો અંગમાં સંધિવાનું દર્દ હતું. બદ્રિનાથાનંદ સ્વામી તથા મહાનુભાવાનંદ સ્વામીને પક્ષઘાત નું દર્દ હતું. બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામી તથા શાન્તાનંદ સ્વામીને બંધકોષનું દર્દ હતું. હરિહર્યાનંદ સ્વામીને ઝાડાનું દર્દ હતું. રઘુનાથાનંદ સ્વામીને વાયુનું દર્દ હતું. દાદાખાચરને સતત ૧૧ દિવસ સુધી પેશાબ બંધ રહ્યા પછી દેહનો ત્યાગ થયો હતો. તેમજ ઉતમાનંદ સ્વામીને પણ શરીરમાં બળતરાનું દર્દ હતું.

જોયુંને ભક્તો ! ભગવાનના આવા લાડીલા ભક્તો અને સંતોએ પણ દેહના દુઃખને સહન કર્યા હતા. ભગવાનના ભક્ત દેહધારી હોય તેમને દેહને યોગે કરીને દેહના દુઃખ આવે તે શુભ વિચારથી સહન કરી પોતાની સ્થિતિમાં જ રહે છે. સ્થિતિ મુકીને ગાંડા ઘેલા થતા નથી.

જ્યારે અજ્ઞાની ભૂવો દેહાદિકના દુઃખે ગાંડો ઘેલો થઈ જાય છે. અને પરમેશ્વરને તથા પરમેશ્વરની ભજન ભક્તિને મુકીને દુઃખની નિવૃતિ માટે રાત દિવસ ઉધમ કર્યા કરે છે. પણ પ્રભુ કૃપા-મરજી વિના એકે દુઃખ મળતુ નથી.

માટે આપણે પણ અનાદિ મુક્તોની સહન શક્તિ દ્વારા એ બોધ લેવો જોઈએ કે ગમે તેવું સુખ દુઃખ આવે તો પણ આપણને ભગવાનની ભક્તિ કરવામાં વિક્ષેપ ન આવવા દેવો જોઈએ.

●

## ભક્તિ

- રીચા સંદિપ ચોકસી (અમદાવાદ)

સૌને જય સ્વામિનારાયણ અને પ્રભુને મારા કોટિ કોટિ વંદન. દરેક ભક્તોને પ્રભુ પર વિશ્વાસ હોય છે, ભક્તિ હોય છે. પણ અખંડ અને અડગ શ્રધ્ધા ઘણા ઓછાને હોય છે. આ કથામાં શ્રધ્ધાની વાત છે, ભક્તિની વાત છે. પ્રભુના વિશે વાત કરીએ તો ખૂટે તેમ નથી પણ એવીજ તેમના ભક્તોની વાતો ખૂટે તેમ નથી. ભગવાનની જેમ તેમના ભક્તો કાચા-પોચા ન હોય. પ્રભુએ પાપનો નાશ કરવા વારંવાર જન્મો લીધા અને વારંવાર લોકોને ઉપદેશ આપ્યા. લોકોને મોક્ષ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો અને આમ પાપનો નાશ કર્યો. અત્યારે કળિયુગ છે. અત્યારે ખૂબ પાપાચાર થાય છે. પણ પાપમાં પણ ક્યાંક તો પુણ્ય છુપાયેલું જ હોય છે. એજ પુણ્ય પાપનો નાશ કરે છે. આમાં પુણ્ય અને પાપનું અંતર પણ સમજાઈ જશે.

**કથા :** કથા ખૂબ પવિત્ર પાવન વસ્તુ છે. કથામાં ખૂબ શક્તિ છે. તેમાં પ્રભુ એ અવતાર ધારણ કર્યો ત્યારે કહેલા વચન, મોક્ષ પ્રાપ્તિના માર્ગ, પ્રભુની લીલાઓ, જીવનનો લક્ષ્ય, પ્રભુના સ્વરૂપો, ભજન બધાનો જ સમાવેશ થાય છે. આ બધું મળી ને કથા બને છે ને એજ કથામાં એટલી તાકાત હોય છે કે તે હજારો પાપ કરનારા માનવીઓને પણ પાપમાંથી મુક્ત કરાવીને મોક્ષ અપાવે છે. કથા સાંભળનાર મનુષ્ય ખૂબ ભાગ્યશાળી હોય છે. પણ એકલું કથામાં બેસીને સાંભળવાથી જ નહીં પણ તેનું સ્મરણ મનમાં કરી તેને જીવનમાં ઉતારી પોતાનું કર્તવ્ય કરવાથી જ મોક્ષ મળે છે જે કઠણ છે. આમ કથા ખૂબ પાવન હોય છે. કથા પ્રભુનું હથિયાર છે.

**પ્રભુનો પરિચય :** પ્રભુ આ લોકના નિર્માતા છે. આખા બ્રહ્માંડના સર્જનહાર છે. આપણે આવું માનીએ છીએ. આ સાચું છે પણ એટલું જ

સર્વોપરિ ભગવાનના જે થાય છે તેના સઘળા દુઃખનો નાશ કરે છે. જેમને કોઈ મારી ના શકે, હરાવી ન શકે, અંધકાર લઈ ન શકે. એ છે આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ જે સર્વ વ્યાપક છે. સર્વના દુઃખ દૂર હરનાર છે, સર્જનહાર છે. જો અગર પ્રભુ દયાળુ ન હોત, સર્જક ન હોત તો આપણે કઈ રીતે પ્રગટ થયાં હોત ? ભગવાનની કૃપાથી નાના - નાના જીવથી લઈને મોટાં-મોટાં બ્રહ્માંડ ટકી રહ્યા છે ? આપણને બુદ્ધિ કોણે આપી ? આ બ્રહ્માંડને સાચવે છે કોણ ? નાના-નાના જીવ જંતુઓનું ધ્યાન કોણ રાખે છે ? મનુષ્ય રુપ ધારણ કરનાર કોણ છે ? વેદોમાં, પુરાણોમાં જેમની વાત થઈ છે, જેમની ગાથા ગાઈ છે. તે કોણ છે ? મોક્ષનો રાહ દેખાડનાર કોણ છે ? શક્તિ, બુદ્ધિ, મન આપનાર કોણ છે ? યુગો-યુગોથી જે પોતાના ભક્તને માનવને દર્શન આપે છે તે કોણ છે ? આ બધા પ્રશ્નનો એક જ જવાબ છે 'પ્રભુ' આપણા ઈષ્ટદેવ છે.

●

## શ્રીહરિની સ્વધામ ગમન લીલા

- જાનકીબેન રમેશભાઈ (નારણપુરા)

ભગવાનના પ્રાદુર્ભાવ અને અંતરધાનની લીલા જે ભક્તજન જેમ છે તેમ જાણે, સમજે વિચારે અને આત્મસાત કરે તો તેવા ભક્તના માથેથી જન્મ મરણ ટળી જાય છે. શાસ્ત્રોમાં મોક્ષના અનેક સાધનો બતાવ્યા છે. તેમાં ભક્ત પ્રભુના



પ્રાદુર્ભાવથી લઈને સ્વધામગમન સુધીની લીલા જાણે તો બધા સાધનોની સમાપ્તિ થઈ જાય છે.

શ્રીહરિ કારિયાણીમાં ગોપાળાનંદ સ્વામીને અક્ષરઓરડીનું બારણું બંધ કરી મળ્યા. મહારાજે અંતરનું રહસ્ય ખોલતા કહ્યું, 'સ્વામી ! મેં મારા પ્રાગટ્ય હેતુના કાર્યો પુરા કર્યા છે. તેથી હવે મારે સ્વધામ પધારવું છે. સ્વામી તો આ સાંભળતાં જ હેબતાઈ ગયા અને શરીરે પરસેવો વળી ગયો. પરિસ્થિતિને સમજીને મહારાજ વાતને હળવું સ્વરૂપ આપતા, બોલ્યા, પણ હું સત્સંગની રજા લીધા સિવાય જવા માગતો નથી. તેથી સ્વામીને દિલે થોડી ટાઢક વળી.

સ્વામીની સાથે શ્રીહરિ ગઢડે આવ્યા. થોડી માંદગી ગ્રહણ કરી. કોઈની સાથે ખાસ બોલતા નથી. મૌન રાખે છે. એકાંતમાં બેસી રહે છે. સત્સંગ સભામાં ખાસ હાજરી આપતા નથી. કોઈ વખત જમે તો કોઈ વખત વાયુ ભક્ષણ કરીને રહે છે. મહારાજની માંદગીના સમાચાર ચારે બાજુએ વીજળી વેગે ફેલાઈ ગયા. દેશો-દેશમાંથી સંતો અને ભક્તોએ ગઢડા તરફ પ્રયાણ કર્યું. શ્રીજી મહારાજે વિચાર્યું કે આ બધા હાજર હશે ત્યાં સુધી મને સ્વધામમાં નહિ જવા દે તેથી શ્રીહરિએ સમજી વિચારીને સાજા હોવાનો દેખાવ કર્યો. થોડું થોડું નિયમિત જમવાનું શરૂ કર્યું. સભામાં નિયમિત આવવા લાગ્યા. સંતો ભક્તોની સાથે સત્સંગ કરવા લાગ્યા. એટલે શ્રીહરિએ કહ્યું કે, હે સંતો અને ભક્તો જુઓ અમે હવે સાજા થઈ ગયા છીએ તેમ કહી સાકર વહેંચાવી. હવે તમે સૌ સૌના ઘેર જાવ. સંતોને સત્સંગ, પ્રચાર માટે જવાની આજ્ઞા કરી. શ્રીહરિએ વિચાર્યું કે, સુરાખાચર અને બ્રહ્માનંદ હાજર હશે ત્યાં સુધી મારાથી સ્વધામમાં જઈ શકાશે નહિ.

સુરખાચારને બોલાવી કહ્યું, ભક્તરાજ, તમે ગૃહસ્થ છો તેથી ઘરગૃહસ્થી સાચવવી એ તમારી ફરજ છે. માટે ઘેર જાવ. જુઓ અમે તદ્દન સાજા થઈ ગયા છીએ. બ્રહ્માનંદ સ્વામીને બોલાવી કહ્યું સ્વામી ! જૂનાગઢ જાવ, મંદિરના દેરાનું કામ હજુ બાકી છે. તમારા સિવાય એ કામ બીજાથી નહિ થઈ શકે. વિચક્ષણ એવા બ્રહ્માનંદ સ્વામી સમજી ગયા કે મને બહારગામ મોકલીને પ્રભુને સ્વધામમાં પધારવાની ઈચ્છા છે. તેથી સ્વામીએ કહ્યું કે, મારે હમણાં જૂનાગઢ નથી જાવું. દેરાનું કામ તો પછી પણ થશે. તમારા શરીરે સારું નથી અને અમે દૂર હોઈએ તે ઠીક ન કહેવાય. મહારાજે પુનઃ જવાની આજ્ઞા કરી અને કહ્યું કે, તમારા સિવાય મંદિરનું કામ પુરુ નહિ થાય તેથી તમે જાવ.

બ્રહ્માનંદ સ્વામીએ વિચાર્યું કે, મેં આજ સુધી શ્રીહરિની એકપણ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી. અને હવે જો આ છેલ્લી આજ્ઞા નહિ માનું તો શેષજીવન પર્યંત મનમાં દુઃખ રહી જશે. એટલે ખૂબ વિચારને અંતે મનને મનાવી થોડા સંતો સાથે જૂનાગઢની વાટ લીધી. પાદરમાં જતાં જ વિધવા સ્ત્રી સામે મળી. છીંકો આવવા લાગી, સર્પ આડો ઉતર્યો. છતાં બ્રહ્માનંદ સ્વામીએ વિચાર્યું કે, આ બધા અપશુકન જાણવા છતાં પ્રભુની આજ્ઞા છે તેથી પાછા વળવું નથી.

ગઢડામાં સંવત ૧૮૮૬ ના જેઠ સુદ નવમીના દિવસે શ્રીહરિએ સ્વધામનું આયોજન કર્યુ અને મોટા સંતો, પાર્ષદો, બંને આચાર્યો, સાંખ્યયોગી બાઈઓ અને મોટા હરિભક્તોને સભામાં હાજર રહેવા આજ્ઞા કરી. સૌની મીટ મહારાજ ઉપર મંડાયેલી છે. એવી શી વાત કરવાની હશે ? સૌના મનમાં આવું મનોમંથન થઈ રહ્યું હતું. સર્વેને સંબોધન કરી શ્રીજી મહારાજે કહ્યું કે, પ્રિય ભક્તજનો ! તમારી આગળ મારે ખાસ એક અગત્યની વાત કરવી છે. અમને ખબર છે કે તે વાત કોઈને નહિ કરો, તેમ છતાં અમારે તે વાત કહેવી જ પડશે. અને તમારે સર્વેએ એ વાત સ્વીકારવી જ પડશે. માટે તમે બધા સાવધાન થઈને સાંભળો.

આ ધરતી ઉપર મેં જે હેતુ માટે જન્મ ધર્યો છે તે હેતુ પૂર્ણ થયો છે. આત્યંતિક મોક્ષ માટે જરૂરી એવા તમામ કામ પૂરા થયા છે. એટલે હવે અમે અંતરર્ધાન થવા માંગીએ છીએ. તેમ છતાં ભક્તો અમે તમારી વચ્ચે આ ચાર સ્વરૂપે ધરતી ઉપર અખંડ રહીશું : (૧) અમારા સ્થાપેલા નરનારાયણ આદિ દેવોમાં (૨) અમારા સ્થાપેલા આચાર્યોમાં (૩) અમારા ભક્તિપરાયણ સંતોમાં (૪) અમારા ધર્મશાસ્ત્રોમાં.

આવી રીતે દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર એ અમારા ચાર સ્વરૂપો છે. જ્યારે તમને કોઈ ઉદ્વેગ થાય ત્યારે મંદિરમાં જઈને ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરશો તો તમારી પ્રાર્થના અમે સાંભળીશું. અમારા આ મનુષ્ય સ્વરૂપમાંને મંદિરસ્થ મૂર્તિ-સ્વરૂપોમાં સહેજે પણ ભેદ જાણશો નહિ. હવે અમે આ મનુષ્ય દેહ છોડવા માગીએ છીએ. હે સંતો અને ભક્તો તમે ધીરજ ધરજો. અમારી પાછળ કોઈ આપઘાત કરીને દેહ છોડશો નહિ. નહિ તો શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કર્યું કહેવાશે.

શ્રીજી મહારાજે જ્યાં આટલી વાત કરી તેટલામાં તો સભામાં સન્નાટો છવાઈ ગયો. ભક્તોના કરૂણ આક્રંદોથી સભામાં સન્નાટો છવાઈ ગયો. આખું વાતાવરણ ગમગીન થઈ ગયું. કેટલાક ભક્તોને મૂર્છા આવી ગઈ. સભા જો વધુ ચાલશે તો પ્રેમી ભક્તોના પ્રાણ પંખેરૂ ઊડી જશે. આવી પરિસ્થિતિને પામી જઈને શ્રીહરિએ સભાનું વિસર્જન કરી દીધું.

મહારાજે બીજા દિવસે બધાં ભક્તોને ઉદ્દેશીને કહ્યું. સર્વે ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. શ્રીહરિ અક્ષર ઓરડીમાં બિરાજ્યા છે. નિત્ય નિયમ, પૂજાપાઠથી પરવારી શ્રીહરિએ ભૂદેવોને દાન આપ્યાં. ગૌમુત્ર અને ગોબરથી જમીન લીંપાવી તે ઉપર સિધ્ધાસને બેઠા. હાથમાં માળા લઈ ફેરવવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીને ઉદાસ થયેલા જોઈને કહ્યું તમો તો



સર્વે સત્સંગીની મા છો. મારા સ્વધામ ગમન પછી તમે સત્સંગને સાચવજો.

શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને ખાનગીમાં તેમના સમ ખવડાવીને કહી રાખ્યું હતું કે હું દશમના રોજ સ્વધામપધારવાનો છું તે વાત તમારે કોઈને કહેવી નહિ, પરંતુ મારા માટે પાલખી-વિમાન તૈયાર કરી રાખશો.

શ્રીહરિએ માળા ફેરવતાં ફેરવતાં આંખો મીચી દીધી. પ્રાણને ઉર્ધ્વગતિ આપી સ્વધામ પધારી ગયા. પછી શ્રીજી મહારાજના પાર્થિવ દેહને ઉન્મતગંગાના પવિત્ર જળથી સ્નાન કરાવી એક નવું પીતાંબર પહેરાવ્યું અને બીજું ઓઢાડ્યું. મોટા નંદ સંતોએ પૂજા કરી. ફૂલોના હાર પહેરાવ્યા. અતરનો છંટકાવ કર્યો. ધૂપદીપ કર્યા. બધા ભક્તોએ મળીને છેલ્લી આરતી ઉતારી વેદોક્ત મંત્રોચ્ચાર વચ્ચે શ્રીહરિના પાર્થિવ દેહને વિમાનમાં પધરાવ્યો. અખંડ ધૂન સાથે વિમાનને લક્ષ્મીવાડીમાં લઈ ગયા. વિલાપ કરતાં કરતાં તમામ ભક્તોએ શ્રીહરિને છેલ્લા દંડવત્ પ્રણામ કર્યા. ચંદન અને તુલસીના કાષ્ઠથી તૈયાર કરેલી વેદિકા-ચિત્તા ઉપર શ્રીહરિના પાર્થિવ દેહને ઉત્તરમુખે ગોઠવ્યો. અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી મહારાજે શ્રીહરિની યથાવિધિ ક્રિયા કરી. અગ્નિ પેટાવ્યો ચિત્તામાં ઘી તથા શ્રીફળ હોમાવ્યાં. જોતજોતામાં શ્રીજી મહારાજનો પાર્થિવ દેહના દર્શન દેખાતા બંધ થતાં દૂધથી ચિત્તાને ઠારવામાં આવી. શ્રીહરિના ફૂલ ભેગા કરી લઈ લેવામાં આવ્યા. તમામ હરિભક્તો ધૂન કરતાં કરતાં ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા ગયા. સ્નાન કર્યા બાદ સૌ ભક્તો દરબારગઢમાં એકઠા થયા અને બધાએ નત મસ્તકે શ્રીહરિને શોકાંજલિ અર્પણ કરી. તે દિવસે બધાએ ઉપવાસ કરી ધૂન ભજન સાથે દિવસ પસાર કર્યો.

શ્રીહરિએ ૪૯ વર્ષ ૨ માસ ૧ દિવસ સુધી ભક્તોને મનુષ્ય દેહે સુખ આપ્યું. શ્રીહરિનો જે સ્થળે અગ્નિસંસ્કાર કર્યો હતો ત્યાં આજે એક સુંદર સ્મૃતિ મંદિર મોજૂદ છે.

●

### અઢાર ઘેર થાળ જમ્યા

– પટેલ નિશા વિષ્ણુભાઈ (ગુલાબપુરાવાળા)

એકવાર શ્રીજી મહારાજ વહેલાલમાં ઘણો સમય રોકાયા. પછી જેસીંગભાઈને કહે છે કે આજે અમે અહીંથી વિદાય લઈશું. ના, મહારાજ ! એમ નહીં જવાય પ્રભુ ! તમારી દયાથી અહીં લગભગ અમારે અઢાર જેટલા અમીન પાટીદારોના કુટુંબમાં સત્સંગ થયો છે. અને એ બધાને મેં કહ્યું છે કે શ્રીજી મહારાજ પધારશે એટલે તમારે બધાને ઘેર હું થાળ જમવા લાવીશ. એ બધા ખુશ છે. બધા મને કાલે મળ્યા હતા. જેસીંગભાઈ ! મહારાજને ક્યારે અમારે ઘેર લાવો છો ? મેં બધાને હા પાડી છે. માટે આપને રોકાવું પડશે. મહારાજ કહે, એ બધાને ઘરે થાળ જમવા માટે અમારે અઢાર દિવસ અહીં રોકાવું પડશે. મહારાજ ! હવે તો આપને યોગ્ય લાગે એમ કરો, પણ અઢાર હરિભક્તને ઘેર થાળ જમવાનું તો નક્કી કરી દીધું છે. અને એ સૌની વિનંતી સ્વીકારો તો એમની શ્રદ્ધા મજબૂત બને અને સત્સંગ કાયમ સ્થિર થાય. નહિ તો એ તો નવા છે. સ્વામિનારાયણ ભગવાન અમારે ઘેર એમ આવ્યા જ નહીં કહીને ઢીલા પડી જાય. થોડીવાર મહારાજે વિચાર કર્યો, પછી કહે જેસીંગભાઈ જાઓ અઢારે ઘેર કહી દો, આજે જ થાળ બનાવે. અમે અઢાર ઘેર થાળ જમીશુ. જેસીંગભાઈએ બધાને કહેવરાવ્યું મહારાજ સહુને ઘેર થાળ જમવા પધારશે. સૌ થાળ કરજો. ગામડાની બહેનોને બીજું શું ફાવે ? લાડુ બનાવ્યા. શહેરની બહેનો હોત તો ઢોકળા ને ખમણ બનાવે. કોઈ થોડાં હોશિંયાર હશે એટલે ભજીયા બનાવ્યા. કોઈએ પુરી બનાવી. શાક બનાવ્યું આવું બધું બનાવ્યું.

સ્વામિનારાયણ ભગવાન પ્રથમ જેસીંગભાઈના કાકાના દીકરા જીજીભાઈ અમીનને ઘેર જમવા પધાર્યા. બે પાટલા ગોઠવાયેલા આગળ થાળી આવી. થાળીમાં ત્રણ-ચાર લાડુ પીરસેલા. પુરી શાક પણ ખરૂ, સ્વામિનારાયણ ભગવાન કહે જેસીંગભાઈ ! આજ તો અઢાર ઘેર થાળ જમવાનો છે એટલે પ્રકરણ બદલીશું. મહારાજ ! શું કરશો ? એક લાડુ લઈશું, બીજું કાંઈ નહી, પુરી નહી, શાક નહી, કાંઈ જ નહીં, એક એક લાડુ સ્વીકારી લઈશું. એટલે સૌ ભક્તો રાજી થશે અને પ્રભુએ એક લાડુ સ્વીકાર્યો.

આ બાઈ બાજુના ઘેર જઈને કહી આવી. બહેન ! મહારાજ એક લાડુ જ જમવાના છે. બીજું કાંઈ જ નહીં સ્વીકારે. એ બહેન એટલી બધી હોશિંયાર અને ભાવિક હતી. મહારાજ એક જ લાડું જમે તે એમને પસંદ ન હતું. એટલે ચાર-પાંચ લાડુને ભાંગીને એક નાળિયેર જેવડો લાડુ મૂક્યો. શ્રીજી મહારાજ કહે આ શું ? મહારાજ લાડુ છે. અરે આ તો કઈ રીતે પહોંચી વળાય સત્તર ઘેર ! જેનું મકાન હતું એ હરિભક્તે કહ્યું પણ તમે આવો લાડુ શા માટે બનાવ્યો ? મહારાજ શું કરૂં ? ભગવાન કહે છે કે અહીં બાજુમાં ગયાં હતા તો નાનો લાડુ હતો એટલે તો અમે હિંમત કરી કે વાંધો નહિ આવે અને તમે તો આવડો મોટો લાડું મૂક્યો ! મહારાજ શું કરૂં ? અમારા ઘરવાળા જનમ જાત ગામડાના છે. અને બાજુવાળા તો શહેરના છે. શહેરની બહેનો હોય તેનું બોલવાનું ઝીણું, કપડા પણ ઝીણાં, શહેરના માણસોના લાડું પણ ઝીણા અને ગામડાના માણસો મહારાજ ! અમે જાડા, અમારૂ બોલવાનું જાડુ, અમારાં કપડાં જુઓ તો ભોટ જેવા જાડા અને મહારાજ ! અમારા લાડુ પણ જાડા (મોટા).

●



**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ દરમ્યાન તા. ૫-૩-૨૦૧૧ થી તા. ૯-૩-૨૦૧૧ દરમ્યાન આરોગ્ય સમિતિ દ્વારા આયોજીત આરોગ્ય વિભાગમાં થયેલી પ્રવૃતિ**

(૧) પ્રાથમિક જનસેવા કેન્દ્રમાં તા. ૫-૩-૨૦૧૧ થી તા. ૯-૩-૨૦૧૧ દરમ્યાન કુલ ૧૮૧૧ દર્દી-હરિભક્તોએ લાભ લીધો હતો.

(૨) બ્લડ ડોનેશન કેમ્પમાં તા. ૬-૩-૨૦૧૧ થી તા. ૯-૩-૨૦૧૧ દરમ્યાન કુલ ૪૧૧ હરિભક્તોએ મહા કિંમતી રક્તદાનની સેવા કરેલ છે.

(૩) ડાયાબિટીશ નિદાન કેમ્પમાં તા. ૮-૩-૨૦૧૧ના રોજ કુલ ૪૩૦ હરિભક્તોએ ડાયાબિટીશનું નિદાન કરાવી લાભ લીધો હતો.

ઉપરોક્ત સેવામાં આરોગ્ય વિભાગમાં નીચેના ડૉક્ટર હરિભક્તોએ સેવા આપી હતી.

(૧) પ.ભ. ડૉ. નટુભાઈ એમ. પટેલ (૨) પ.ભ. ડૉ. રમેશભાઈ પરીખ (૩) પ.ભ. ડૉ. કનુભાઈ પટેલ (૪) પ.ભ. ડૉ. હિરેનભાઈ પટેલ (૫) હર્ષદભાઈ ભગત (૬) પ.ભ. ડૉ. પ્રતિક ઠક્કર (૭) પ.ભ. ડૉ. શશાંકભાઈ સ્વામિનારાયણ (૮) પ.ભ. ડૉ. દશરથભાઈ પટેલ (૯) પ.ભ. નીતાબેન ભાવસાર (૧૦) પ.ભ. હસમુખભાઈ સરવૈયા (૧૧) પ.ભ. ડૉ. રૂશી સોલંકી

ડાયાબીટીશ નિદાન કેમ્પમાં ડૉ. મયુરભાઈ પટેલના "સ્વાસ્થ્ય કેન્દ્ર" તરફથી સેવા આપવામાં આવેલ.

બ્લડ ડોનેશન કેમ્પમાં સિવિલ હોસ્પિટલ બ્લડ બેંક તથા કેન્સર હોસ્પિટલ બ્લડ બેંકના સ્ટાફ તરફથી સેવા આપવામાં આવી હતી.

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના અંતઃકરણ પૂર્વકના આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યો રાહત દરથી વિશેષ સભ્યો થાય તે માટે સૌજન્ય ભેટ આપનાર સાહિત્ય પ્રેમી વ્હાલા હરિભક્તોની યાદી**

(૧) પ.ભ. રમીલાબેન દરજી સાદરા (૨) પ.ભ. વિષ્ણુભાઈ પટેલ અમેરિકા (૩) પ.ભ. અ.નિ. પુરીબેન ડાહ્યાભાઈ બૂટીયા, કાલીયાણા (૪) પ.ભ. કુબેરભાઈ બૂટીયા હ. પ.ભ. ડાહ્યાભાઈ, કાલીયાણા (૫) પ.ભ. ભીખુભાઈ જેઠુભાઈ મોરી, કાલીયાણા (૬) પ.ભ. રોમેશભાઈ શૈલેષ પેપર કું. અમદાવાદ (૭) પ.ભ. અરવિંદભાઈ સેંધાભાઈ પટેલ, બોપલ (૮) પ.ભ. અરવિંદભાઈ પી. ઠક્કર શિતલ મોટર્સ પ્રા.લી. અમદાવાદ. (૯) પ.ભ. ડાહ્યાભાઈ શંભુભાઈ ચૌધરી, માણેકપુર ચૌધરી (૧૦) પ.ભ. રેખાબેન નરેશભાઈ ભાવસાર, અમદાવાદ (૧૧) પ.ભ. હર્ષાબેન ગાંજાવાલા, અમદાવાદ (૧૨) સાંખ્યયોગી રાજકુંવરબા, સાં. ઉષાબા (મોરબી સ્વા. મંદિર જુનું) (૧૩) શિવકૃપા ઓફસેટ પ્રા.લી. અમદાવાદ (૧૪) પ.ભ. પ્રવિણભાઈ ટી. પટેલ શ્રધ્ધા કેસેટ કું. (૧૫) અ.નિ. પ.ભ. મધુબેન રાવજીભાઈ પટેલ હ. શ્રી વિપુલભાઈ પટેલ, (કુબડથલવાળા) (૧૬) મર્મ પોઝીટીવ હ. શ્રી મહેન્દ્રભાઈ, અમદાવાદ (૧૭) પ.ભ. શિવાભાઈ ચૌધરી, પ્રતાપપુરા (૧૮) પ.ભ. જેઠાભાઈ સવાણી કેરા-કચ્છ (૧૯) પ.ભ. અરવિંદભાઈ સોમાભાઈ પટેલ, મોખાસણવાળા (૨૦) પ.ભ. આશિષભાઈ રાવલ (અંગ્રેજી અંકના ટ્રાન્સલેટર) (૨૧) પ.ભ. લાલભાઈ પટેલ, ભાઉપુરા (૨૨) પ.ભ. હિરાભાઈ પટેલ નારાયણપર-કચ્છ (૨૩) કુમાર બાઈન્ડર્સ, શ્રી ધીરૂભાઈ (૨૪) પ.ભ. મુકેશભાઈ કે. ડાંગરવા-કલોલ (૨૫) પ.ભ. ભીમજીભાઈ ટાંક (બોડકાવાળા) (૨૬) પ.ભ. દિપકભાઈ એમ. લંડન (૨૭) પ.ભ. ધર્મેશ સી. પટેલ, પ.ભ. જયેશ ડી. પટેલ, પ.ભ. મુકેશ જી. ઠક્કર, ઉંઝા (૨૮) પ.ભ. અરજણભાઈ ગોવાભાઈ મોરી, કાલીયાણા (૨૯) પ.ભ. ચિમનલાલ પરસોતમદાસ પટેલ, ભાત (૩૦) પ.ભ. બાબુભાઈ ટાંક, મીરા રોડ મુંબઈ (૩૧) એન. દેસાઈ પેપર્સ પ્રા.લી., અમદાવાદ (૩૨) પ.ભ. નયનાબેન ઘનશ્યામભાઈ પટેલ, ઉવારસદવાળા (૩૩) પ.ભ. ચંદ્રાબેન દિનેશભાઈ પટેલ, અમેરિકા (૩૪) પ.ભ. જયંતીભાઈ પટેલ, બાપુનગર-વડુ (૩૫) પ.ભ. વિષ્ણુભાઈ ભગત, વડુ-કલોલ.

આ ઉત્સવ પ્રસંગે ૯૦૦ જેટલા આજીવન સભ્યો નિત્ય થયા હતા.

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે આપણા નવા પ્રકાશનો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદ અને પૂ. મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી અને સ્કીમ કમિટીના સર્વે સભ્યોના માર્ગદર્શન પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ તરફથી નીચે મુજબ પુસ્તકો અને સીડીનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

(૧) હજારી કીર્તનાવલિ. (૨) વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ એમ.પી.-૩ સીડી. (૩) નિત્ય નિયમાવલી એમ.પી.-૩ સીડી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રેરણા આશીર્વાદથી આપણા શ્રી નરનારાયણદેવ ગાદીના વિદ્વાન કથાકાર સંત પૂજ્ય શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જન્મથી લઈ અંતર્ધાન સુધીની વિચરણ - તવારીખ - તિથિ - સમય વગેરેનું અદ્‌ભુત આ લેખન જેમાં સમાવિસ્ટ છે. તેવું મહાન શાસ્ત્ર "શ્રી સ્વામિનારાયણમ્"નું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આ તમામ સાહિત્ય આપણા મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે.

## આપણા આગામી ઉત્સવો

● **વૈશાખ સુદ-૩** તા. ૬-૫-૨૦૧૧ ઉનાવા મંદિર પાટોત્સવ. ● **વૈશાખ સુદ-૫** તા. ૮-૫-૨૦૧૧ રવિવાર ભુજ (કચ્છ) શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ. ● **વૈશાખ સુદ-૬** તા. ૯-૫-૨૦૧૧ સોમવાર માણસા મંદિર પાટોત્સવ. ● **વૈશાખ સુદ-૧૦-૧૧** તા. ૧૩-૫-૨૦૧૧ શુક્રવાર મથુરા મંદિર પાટોત્સવ. ● **વૈશાખ સુદ-૧૫** તા. ૧૭-૫-૨૦૧૧ મંગળવાર હરિદ્વાર મંદિર પાટોત્સવ. ● **વૈશાખ વદ-૨** તા. ૧૯-૫-૨૦૧૧ ગુરુવાર પેથાપુર મંદિર પાટોત્સવ. ● **વૈશાખ વદ-૫** તા. ૨૨-૫-૨૦૧૧ રવિવાર ધોળકા મંદિર પાટોત્સવ. ● **જેઠ સુદ-૨** તા. ૩-૬-૨૦૧૧ શુક્રવાર પ્રાંતીજ મંદિર પાટોત્સવ. ● **જેઠ સુદ-૫** તા. ૬-૬-૨૦૧૧ સોમવાર વાલી (રાજ.) અને બામરોલી (મ.પ્ર.) મંદિર પાટોત્સવ. ● **જેઠ સુદ-૧૧** તા. ૧૨-૬-૨૦૧૧ રવિવાર સર્વોપરિ છપૈયાધામ મંદિર પાટોત્સવ. ● **જેઠ સુદ-૧૨-૧૩** તા. ૧૩-૬-૨૦૧૧ સોમવાર ઈડર મંદિર પાટોત્સવ.

**પ્રશ્નપેટી, સત્સંગ સમાચાર, ભેટની યાદી તથા થાળની યાદી આવતા મહિને પ્રસિદ્ધ થશે.**

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




રજત - સુવર્ણ તુલા વિધિ

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011















Jagdish Offset